ISSN-0971-8400

# યોજના

## આયોજન અને વિકાસને સમર્પિત

વર્ષ : ૩૪ અંક : ૧૧ ફેબ્રુઆરી, ૨૦૦૮ સળંગ અંક : ૬૮૬

**Vol. XXXIIII No.XI**

મુખ્ય તંત્રી અનુરાગ મિશ્રા

ગુજરાતી આવૃત્તિના સંયુક્ત નિદેશક મનીષા વર્મા

તંત્રી ભરત દેવમણિ

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકના પોતાના છે. તેના સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

યોજનાના લેખો સાભાર નોંધ સાથે પુનર્મુદ્રિત કરી શકાય છે.

| | | |
|---|---|---|
| છૂટક નકલ | રૂ. | ૧૦-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૦૦-૦૦ |
| બે વર્ષ | રૂ. | ૧૮૦-૦૦ |
| ત્રણ વર્ષ | રૂ. | ૨૫૦-૦૦ |

લવાજમની રકમ **"S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)"** ના નામે ચેક/બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે. લવાજમ મનીઓર્ડરથી પણ મોકલી શકાશે. મોકલવાનું સરનામું :

**યોજના કાર્યાલય**

અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેંકની ઉપર,

પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭

૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)

## વિષય સૂચિ

**અનૈતિક હેરફેર**

| | | |
|---|---|---|
| (૧) જીવતા માણસનો વેપાર : પડકાર અને પ્રતિભાવ | ડો. કિરણ બેદી | ૨ |
| (૨) માનવ હેરફેર મુદ્દે સામુદાયિક અભિગમ | ડો.પી.એમ.માથુર | ૫ |
| (૩) દેહવિક્રયને કાનૂની જામા | મધુ કિશવર | ૯ |
| (૪) દેહવિક્રય કરતી મહિલાઓના અધિકાર | રત્ના કપૂર | ૧૩ |
| (૫) અનૈતિક હેરફેર પ્રતિબંધક ધારો | ભારતી ઘનશ્યામ | ૧૫ |
| (૬) ટ્રાફિકિંગનો ભોગ બનેલી મહિલાઓ | - | ૧૯ |
| (૭) પ્રજ્વલા - આશાનું કિરણ | વી.બાલકૃષ્ણ | ૨૧ |
| (૮) માનવ અધિકાર માટે ભારતીય પ્રજાનો સંઘર્ષ | રામેશ્વરી વાઘેલા | ૨૨ |
| (૯) ભારતમાં મહિલા સશક્તિકરણ | સવિતાબેન દેસાઇ | ૨૫ |
| (૧૦) શિક્ષણ ક્ષેત્રે આધુનિક ટેકનોલોજી | ડો.જગદીશ અંધારિયા | ૩૦ |
| (૧૧) આપણું પાણી આપણે ચકાસીઓ | પ્રો.પી.એસ.ગજેરા | ૩૪ |
| (૧૨) ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને સામાજીક પરિવર્તન | ડો. જયેશ બારોટ | ૩૭ |
| (૧૩) ગ્રામિણ વિકાસમાં ઇન્ફોકિયોસ્ક વ્યવસ્થા | ડો.સતીષ પટેલ | ૩૯ |
| (૧૪) ૧૯૯૧ પછીના ગુજરાતની વિકાસગાથા | યશવંત કડીકર | ૪૨ |
| (૧૫) સ્થળાંતરથી સિંહવંશ બચી જશે ? | ચંદ્રકાન્ત ચૌહાણ | ૪૪ |
| (૧૬) સસ્તુ દૂધ અને વધુ દૂધ | ડો.કેશવભાઇ ગોટી | ૪૭ |
| (૧૭) ભારતનું બંધારણ | જે.ટી.મકવાણા | ૪૮ |

## ટાઇટલ

| | | |
|---|---|---|
| • આવરણ ડિઝાઇન | — | ૧ |
| • યોજના વિશેષાંક જાહેરાત | — | ૨ |
| • હોમ લાઇબ્રેરી સ્કીમ | — | ૩ |
| • પ્રકાશન વિભાગના ગુજરાતી પુસ્તકો | — | ૪ |

(મુખપૃષ્ઠમાં દર્શાવેલ તસ્વીર પુર્નવાસ કરાયેલ મહિલાઓની છે. કે જેઓ બિહારના અરારીયા જિલ્લાના ફોર્બસગંજમાં સ્વમદદજૂથ ચલાવે છે. આ ફોટો અપને આપ વુમન વર્લ્ડવાઇડ નામની એક સ્વૈચ્છિક સંસ્થા દ્વારા આપવામાં આવ્યો છે.)

Website Address : www.publicationsdivision.nic.in

E-mail Address : (a) dpd@sb.nic.in (b) dpd@hub.nic.in

# જીવતા માણસનો વેપાર : ભારતમાં પડકાર અને પ્રતિભાવ

ડૉ. કિરણ બેદી

*લોહીના વેપાર તથા શોષણ ગણાય તેવી મજૂરીમાં વધુને વધુ માનવીઓ સપડાય છે તેની પાછળ મહદ અંશે બે પરિબળ કામ કરે છે. એક માંગની પ્રબળતા અને બીજુ, વ્યક્તિની લાચારી, નિઃસહાયતા. આખો ધંધો માંગ આધારિત છે. નવી છોકરીઓની માંગ હોવાથી દલાલો સતત નવા શિકાર માટે આંટાફેરા મારતા હોય છે. સસ્તા ભાવે ૨૪ કલાક ના ચાકરની જરૂરીયાત નિષ્ઠુર લોકોમાં છે એટલે કૂમળા બાળકોને પૂરક આવકની લાલચ આપી શોષણ જેવી મજૂરીમાં ધકેલનારા દલાલનો ધંધો ચાલે છે. માણસાઈનું ગૌરવ હણાય તેવા તમામ ધંધામાં શોષિત વ્યક્તિનું કૌટુંબિક ક્લેવર ગરીબ, લાચાર, નિઃસહાય તથા અજ્ઞાન જેવું મળી આવે છે. સમાજમાં પ્રવર્તમાન આવકની અસમાનતા, બેકારી, નિરક્ષરતા, હકક વિશેનું અજ્ઞાન તથા આવા દુષણ પ્રત્યે સમજુ નાગરિકોનું શાંત રહેવું જેવા કારણો પણ શોષણના જન્મ માટે જવાબદાર છે.*

**૧૫**વર્ષની મોના એવી બદકિસ્મત છોકરી છે કે તેણે બાળપણમાં માતા ગુમાવી. પિતાએ કારણોવશાત પુર્નલગ્ન કરતા મોના સાવકી માતાના નિયંત્રણ હેઠળ આવી. લોહીના સબંધ વગરનું બાળક અપ્રિય બોજ લાગે તે ન્યાયે સાવકી માતાએ મોના માત્ર ૧૩ વર્ષની હતી, ત્યારે છોકરીઓને "ઘરકામ" અપાવતા કોન્ટ્રાક્ટરના હાથમાં સોંપી દીધી. દૂરના શહેરમાં 'ઘરકામ' ની નોકરી આપવા માટે મોનાને લઇ જવામાં આવી અને એક મસાજ પાર્લરમાં રીસેપ્શનિસ્ટ તરીકે બેસાડી દીધી. સાવકી માતાને ચુકવેલા નાણાં ઉપર ખાસ્સો નફો રળી પેલા કોન્ટ્રાક્ટરે મોનાનો કબજો પાર્લરના માલિકને સોંપ્યો ત્યારે હજુ નોકરીના પ્રકારથી મોના બેખબર હતી, પરંતુ થોડા સમયમાં તેનામાં વિકસી રહેલી સ્ત્રી સહજ અનુભૂતિ વડે મોના સમજી ગઇ કે તે પોતે દેહવિક્રયના ધંધામાં ધકેલાઇ ચૂકી છે. રિસેપ્શનિસ્ટ તરીકે પાર્લર ઊપર બેઠેલી મોનાને પુરૂષ દેહનું મર્દન કરવાની મસાજ કળાના થોડા પાઠ ભણાવી ગ્રાહકો પાસે ધકેલવામાં આવી અને શરૂ થયું એક કુમળી છોકરીનું જાતિય શોષણ. ચાર મહિના પછી પોલીસે અચાનક પાર્લર ઊપર 'દરોડો' પાડી દેહ વિક્રયના ગુના સબબ મોનાની ધરપકડ કરી, ચાર્જશીટ મુકાયું અને દંડ ભરવાની સજા ફરમાવવામાં આવી. પેલા મસાજ પાર્લરનો માલિક દંડ ચૂકવીને મોનાને છોડાવી ગયો, પરંતુ ફરીથી પાર્લર ઊપર તેને બેસવા ફરજ પાડી. વકીલની ફી, દંડની રકમ સહિત તેણે મોનાને છોડાવવા કરેલા ખર્ચનો તગડો સરવાળો રજૂ કરી પોતાનું દેવું ચુકતે કરવા વધુ ગ્રાહકોને મોના 'સેવા' આપતી થાય તેવો આગ્રહ રાખવામાં આવ્યો અને કુમળી મોના માટે શરૂ થયો શરીર ચૂંથવાની સેવા આપવાનો ત્રાસ. મોના એક માનવી મટીને રૂપિયા રળી આપતી જણસ બની ચુકી હતી. પાર્લર ઊપરથી છુટકારો સંભવ નહોતો. ભાગી જવા માટેના મજબુત પેંતરા ઘડી શકે તેટલી પરિપકવતા ખિલવી હજુ બાકી હતી, તેવી મોનાને એક દિવસ કિસ્મતે સાથ આપ્યો. છોકરીઓને દલાલોની ચુંગાલમાંથી છોડાવતી સ્વૈચ્છીક સંસ્થાઓને સાથે રાખી પોલીસે પાર્લર ઉપર દરોડો પાડી મોનાને આ ધંધામાંથી બહાર કાઢી તેને પુર્નવસનની તક પ્રાપ્ત થઇ. દેહવિક્રયના ધંધામાં ધકેલાતી મજબુર છોકરીઓને બચાવવાનું કામ કરતી સ્વૈચ્છીક સંસ્થાના ફાયરબ્રાન્ડ કાર્યકર તરીકે હાલ મોના કામ કરે છે. પોલીસને મદદ પણ કરે છે. મોનાનું માન સાચવવા માટે તેની કથા સાચુ નામ બદલીને અહીં રજુ કરી છે.

માનવ અસ્તિત્વનું શોષણ થતું હોય તેવા ધંધામાં ફસાયેલા લાખો બાળકો તથા મહિલાઓના સમુદાયનું પ્રતિક મોનાનું દ્રષ્ટાંત છે.બધાની જીવન કથા વધતા ઓછા અંશે મોનાને મળતી આવે છે. માનવીનું શોષણ એટલે માણસ નું અવમાન તથા માનવઅધિકારનું હનન.

માનવીનો વેપાર મુખ્યત્વે બે હેતુ માટે થાય છે. કમાણી માટે જાતિય શોષણ તથા શ્રમિકોનું શોષણ. દેહવિક્રય સેવાની

(લેખક નિવૃત્ત આઇ.પી.એસ. અધિકારી છે.)

સાથે બૃહદ પ્રકારોમાં અવયવોનું વેચાણ, ઉંટદોડમાં કૂમળા બાળકોનો ઉપયોગ, કૂટણખાનુ, મસાજ પાર્લર વગેરેનો સમાવેશ થાય છે.

દારૂણ ગરીબીમાં સબડતા પ્રદેશોમાં 'મેરેજ બ્યુરો' ખોલી દૂરના શહેરમાં લગ્ન કરાવી આપવાના પ્રસ્તાવ હેઠળ છોકરીઓને કૂટણખાને મોકલી આપવાના નુસખા સફળ રહ્યા છે. ઉદ્યોગો, ખેતીવાડી તથા ઘરકામમાં મામુલી પગારે ૨૪ કલાકના નોકરો રાખવાની પ્રથા પણ આવુંજ એક શોષણ સ્વરૂપ છે. મનોરંજન ઉદ્યોગમાં પણ પુરૂષ તથા સ્ત્રીને તક આપવાની લાલચે શોષણ થતું હોવાની વાત હવે જગજાહેર બની ચુકી છે.

લોહીના વેપાર તથા શોષણ ગણાય તેવી મજૂરીમાં વધુને વધુ માનવીઓ સપડાય છે તેની પાછળ મહદ અંશે બે પરિબળ કામ કરે છે. એક માંગની પ્રબળતા અને બીજુ, વ્યક્તિની લાચારી, નિ:સહાયતા. આખો ધંધો માંગ આધારિત છે. નવી છોકરીઓની માંગ હોવાથી દલાલો સતત નવા શિકાર માટે આંટાફેરા મારતા હોય છે. સસ્તા ભાવે ૨૪ કલાકના ચાકરની જરૂરીયાત નિષ્ઠુર લોકોમાં છે એટલે કૂમળા બાળકોને પૂરક આવકની લાલચ આપી શોષણ જેવી મજૂરીમાં ધકેલનારા દલાલનો ધંધો ચાલે છે. માણસાઈનું ગૌરવ હણાય તેવા તમામ ધંધામાં શોષિત વ્યક્તિનું કૌટુંબિક ક્લેવર ગરીબ, લાચાર, નિ:સહાય તથા અજ્ઞાન જેવું મળી આવે છે. સમાજમાં પ્રવર્તમાન આવકની અસમાનતા, બેકારી, નિરક્ષરતા, હકક વિશેનું અજ્ઞાન તથા આવા દુષણ પ્રત્યે સમજુ નાગરિકોનું શાંત રહેવું જેવા કારણો પણ શોષણના જન્મ માટે જવાબદાર છે.

માનવીના વેપારી ઉદ્દેશથી થતા તમામ પ્રકારના શોષણ ઉપર બંધારણના આર્ટિકલ ૨૩ હેઠળ નિષેધ ફરમાવવામાં આવ્યો હોવા છતાં આપણા સમાજમાં આ બદી ફૂલી ફાલી છે. ઈમ્મોરલ ટ્રાફીક પ્રિવેન્શન એક્ટ, બોન્ડેડ લેબર એબોલીશન એક્ટ, જુવેનાઇલ જસ્ટીસ એક્ટ જેવા ચોક્કસ ઉદ્દેશ ધરાવતા સખત કાયદાઓ ઘડવાની સાથે ભારતીય દંડ સંહિતાની સંખ્યાબંધ કલમોમાં આવા વેપાર સામે કામ ચલાવવાની સત્તા પોલીસને બક્ષવામાં આવી છે. તો રાજ્ય સ્તરે ગોવા ચિલ્ડ્રન્સ એક્ટ જેવા કાયદા પણ અસ્તિત્વમાં છે. હવે કેન્દ્ર સરકાર ઈમમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એક્ટમાં સુધારાઓ લાવી તેની જોગવાઈઓ વધુ કડક બનાવવાની કામગીરી હાથ ધરી રહી છે. આટલા બધા કાયદાઓ અસ્તિત્વમાં હોવા છતાં તેના અમલની સ્થિતિ બિલ્કુલ સંતોષકારક નથી તેવું તારણ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ દ્વારા બાળકો તથા મહિલાઓના અનૈતિક વેપાર અંગે ૨૦૦૨-૦૪ દરમ્યાન હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં બહાર આવ્યું હતું. કાયદો નિષ્ફળ રહ્યો શા માટે ?

**(૧) અગ્રતાનો અભાવ**

કાયદાનો અમલ કરવાની જવાબદારી ધરાવતી એજન્સીઓ તથા ન્યાય તોળવાની પ્રક્રિયામાં માનવ તસ્કરીની બાબતોને જરા પણ અગ્રતા મળતી નથી.

**(૨) સંવેદનાનો અભાવ**

માણસ સહજ સંવેદનાનો અભાવ આવી પ્રવૃત્તિનો ફેલાવો થવામાં પરોક્ષ રીતે મદદગાર સાબીત થઇ રહ્યો છે.

**(૩) શોષિત/પિડીત વ્યક્તિને હેરાનગતી**

માનવ અધિકાર પંચનો અહેવાલ નોંધે છે કે દેહવિક્રયના મામલે થયેલી ધરપકડમાં ૮૫ થી ૯૦ ટકા વ્યક્તિઓ એવી મહિલાઓ હતી. જે સ્વયં આ ધંધામાં ધકેલવામાં આવી હતી. શોષણ વેઠતી સ્ત્રીઓને પોલીસનો દંડો ખમવો પડે છે.

**(૪) કાચી પોલીસ તપાસ**

પોલીસ કેસ બને ત્યારે તપાસ ફક્ત કુટણખાનેથી છોડાવવામાં આવેલી સ્ત્રીઓ તથા દલાલના સ્થળ કે શહેર સુધી સિમિત રહે છે. ગરીબ મહિલાઓને તેમના વતનથી ભોળવીને આ ધંધામાં બળજબરી પ્રવેશ કરાવનાર તમામ પક્ષકારોની મૂળથી તપાસ કરવામાં આવતી નથી. પોલીસે પકડેલી મહિલાઓને સાંભળનાર કોઇ હોતું નથી.

**(૫) સંગઠીત ગુનાખોરી**

લોહીના વેપારમાં અનેક કડી હોય છે. જેમ કે પરિવારમાંથી છોકરીને ફોસલાવી બહાર કાઢનાર પ્રથમ દલાલ, બીજા શહેરમાં તેનું વેચાણ કરનાર વેપારી, કોઠે લઇ જનાર વ્યક્તિ અને છેલ્લે કૂટણખાનાના માલિક જેવી કડી એક છોકરી પાછળ હોય છે. પરંતુ પોલીસ જ્યાં દરોડો પાડ્યો હોય તે સ્થળ પુરતી તપાસ સિમિત રાખે છે.

**(૬) માહિતી સંગ્રહ**

લોહી તથા શાષણના વેપારમાં કાર્યરત ટોળકીઓ, ગેંગ તથા જૂથો વિશે કોઇ માહિતી સંગ્રહ (ડેટાબેઝ) તૈયાર થયો નથી, એટલે છુટાછવાયા ગુના નોધાય ત્યારે તેની પાછળ સંગઠીત પણે કોણ કામ કરી રહ્યું છે તેની ખબર પડતી નથી.

**(૭) સંકલનનો અભાવ**

અનૈતિક કૃત્યો આચરતી વેપારી

ટોળકીઓ ઊપર નજર નાખવાથી માંડી ગુનો નોંધવા સુધીના કામ વિવિધ સરકારી ખાતાઓના કાર્યક્ષેત્રમાં આવે છે. પરંતુ તેમના વચ્ચે સંકલનનો સદંતર અભાવ જોવા મળે છે. પોલીસ, સમાજ કલ્યાણ, મહિલા અને બાળ સુરક્ષા વિભાગ વચ્ચે સહકારનું વાતાવરણ નથી, માટે તાકીદને પહોંચી વળવાની વ્યવસ્થા થતી નથી.

### (૮) સ્વૈચ્છીક સંસ્થાઓ સાથે સંકલનનો અભાવ

જાતિય શોષણ રોકતા કાયદાઓ તથા શ્રમિક કલ્યાણ કાયદાઓ, સ્વૈચ્છીક સંસ્થાઓની ચોક્કસ ભૂમિકા ઠરાવવામાં આવી છે. પરંતુ કાયદાનો અમલ કરાવતી એજન્સીઓ સાથે તેમનું ખાસ સંકલન નથી. પરિસંવાદો યોજાય ત્યારે બધા સાથે મળી સહકાર અને સંકલન ઉપર ચિંતા બતાવે ખરા, પાછળથી કશું થતું નથી.

### (૯) પ્રશંસાનો અભાવ

માનવ તસ્કરીના કેસ પકડનાર પોલીસ અધિકારી, બાતમીદાર, સંશોધક કે સ્વૈચ્છીક સંસ્થા દ્વારા હાથ ધરાયેલી ઊમદા કામગીરીની ભાગ્યેજ નોંધ લેવાય છે. સમાચાર જગત માટે પણ જાણે હકારાત્મક મૂલ્ય ધરાવતા સમાચારની કોઇ કિંમત નથી. પ્રશંસાના અભાવે વ્યક્તિગત પહેલનું પ્રમાણ ઘટે છે.

### (૧૦) પુનર્વસનનો અભાવ

શોષણના વેપારમાં ફસાયેલા બાળકો તથા સ્ત્રીઓને કાયદા મારફતે પગલા ભરી પોલીસ કે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા છોડાવવામાં આવે ત્યારબાદ તેમનું પુર્નવસન કરવું, ફરીથી તેમને સમાજ પ્રવાહમાં સન્માનભેર જોડવાની પ્રક્રિયા અઘરી છે. ઘણી બધી કોર્પોરેટ સંસ્થાઓ સામાજિક હેતુ માટે ઉમદા હાથે દાન આપતી હોય છે. તેનો ઉપયોગ કરી પુર્નવસનનું માળખુ ગોઠવનાર સંસ્થાઓ ઓછી છે. ઊપરાંત પોલીસ ખાતા સાથે તેમનું સંકલન પણ બરાબર નથી.

ભારતમાં આટલા કારણો નકારાત્મક હોવા છતાં એકંદરે માનવીય શોષણ તથા અનૈતિક હેતુ માટે થતા વેપારને રોકવા માટે જાગૃતિનો સંચાર થઇ રહ્યો છે. સમાજ સુધારાને વરેલી અનેક વ્યક્તિઓના પ્રયત્નોને સ્વૈચ્છીક સંસ્થાઓના માધ્યમથી મદદ મળતી થયા બાદ છેલ્લા ૬ વર્ષમાં આ દૂષણ સામે લડવામાં પોલીસ અને સરકારી ખાતાને સમાજનો સહયોગ પ્રાપ્ત થવા લાગ્યો છે. રાષ્ટ્રીય સ્તરે આ દુષણનો પ્રતિકાર કરતું વાતાવરણ ઊભુ કરવાનું શ્રેય સ્વૈચ્છીક સંસ્થાઓને આપી શકાય. યુનાઇટેડ નેશન્સ ઓફિસ ઓન ડ્રગ્ઝ એન્ડ ક્રાઇમ દ્વારા લોહીના વેપારને રોકવા માટે પોલીસ તથા કાયદાપાલન એજન્સીઓને માર્ગદર્શન આપતું પુસ્તક તૈયાર કરવામાં આવ્યુંછે, જે વ્યક્તિગત સજ્જતાને મજબુત બનાવવામાં ઊપયોગી થાય તેમ છે.

અનૈતિક આચરણ માટે માનવીને મજબુર કરતી શોષણ કેન્દ્રીત વ્યવસ્થાને સમાપ્ત કરવા માટે ભારતમાં માધ્યમો, કોર્પોરેટ હાઊસ, સરકારી એજન્સીઓ, પોલીસ ખાતુ, માનવ અધિકાર કાર્યકરો તથા રાજકિય નેતૃત્વમાં ખાસ્સી જાગૃતિ ફેલાતી જાય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા શરૂ કરવામાં આવેલી 'ગ્લોબલ ઇનિશીયેટીવ ઇન ફાઇટીંગ હ્યુમન ટ્રાફીકીંગ' (ગીફ્ટ) તરીકે પહેલને ઉત્તમ પ્રતિસાદ મળી રહ્યો છે. નવી દિલ્હી ખાતે ઓકટોબર,૨૦૦૭માં યોજાયેલી ગિફ્ટ એશિયા કોન્ફરન્સ અનૈતિક વેપાર રોકવા વિશે સામાન્ય માણસોમાં જાગૃતિ ફેલાવવામાં સફળ રહી હતી. આપણી આસપાસ આવી પ્રવૃત્તિને ફેલાતી રોકવાની ફરજ સૌ નાગરિકોની ગણાય તેવો સંદેશો આ પરિષદ નિમિત્તે આપવામાં આવ્યો હતો. ગિફ્ટ એશિયા કોન્ફરન્સ આ ક્ષેત્રમાં કામ કરતા અનેક વ્યક્તિગત તથા સંસ્થાકીય પક્ષકારોને એક મંચ ઉપર લાવી તેમની પ્રવૃત્તિ વચ્ચે સંકલન શરૂ કરાવવામાં પણ નિમિત્ત બની હતી. પરિણામે આ દિશામાં થઈ રહેલા પ્રત્યેક પ્રયત્નનું ફલક વિસ્તૃત બન્યું છે. છોકરીઓ તથા બાળકોને છોડાવવા માટે પોલીસ પગલું ભરે તેની સાથે સંસ્થાઓ કે સમાજ કલ્યાણ ખાતુ બચાવેલા નાગરિકોને વચગાળાની રાહત આપવા આગળ આવે, તો પુર્નવસનની જવાબદારી લેવા અન્ય સ્વૈચ્છીક સંસ્થા તૈયાર હોય તેવી પ્રયત્ન સાકળ ગિફ્ટ એશિયા કોન્ફરન્સ બાદ અનેક કિસ્સામાં રચાતી જોવા મળી રહી છે. તમામ સરકારી અને બિન સરકારી પક્ષકારો પરસ્પર પૂરક ભૂમિકા અદા કરી રહ્યા છે.

નવી દિલ્હી ખાતે આવેલી યુનાઇટેડ નેશન્સ ઓફીસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઇમ દ્વારા ભારત સરકાર સહિત વિવિધ રાજ્ય સરકારો તથા સમાજ સેવા કરતી સંસ્થાઓની ભાગીદારી યુનિટની સ્થાપના કરવામાં આવી છે. જે સ્થાનિક પોલીસના ટાસ્કફોર્સ તરીકે ફરજ બજાવે છે. પોલીસદળના ચૂનંદા અધિકારીઓને તેમાં ફરજ ઉપર મૂકાયા બાદ સંયુક્ત રાષ્ટ્રસંઘની આ સંસ્થા દ્વારા તેમના માટે તાલીમ, જ્ઞાન સંવર્ધન તથા અભિગમ પરિવર્તનની ઘનિષ્ઠ તાલીમ આપવાની

*(અનુસંધાન પાના નં. ૧૨ ઉપર)*

# માનવ હેરફેર મુદ્દે સામુદાયિક અભિગમ

ડો. પી.એમ. નાયર

*હ્યુમન ટ્રાફિકીંગ વિરૂધ્ધનો માહોલ સર્જવા સંખ્યાબંધ ભાગીદારો એક છત્રછાયા હેઠળ ભેગા થાય તેને જરૂરી મનાયું છે. આ સંદર્ભમાં ઘણુંબધું કહેવાયું અને લખાયું છે. અને છતાં વિવિધ સંસ્થાઓ સ્વતંત્રપણે કામ કરતી હોવાથી આ દિશામાં થઈ રહેલા પ્રયાસોનું પુનરાવર્તન થાય છે એટલુંજ નહીં પરંતુ આ પ્રયાસો પ્રતિઉત્પાદક પણ સાબિત થતા હોય છે. કેટલાક ચોક્કસ સ્થળે શરૂ થયેલા સંયુક્ત પ્રયાસો માત્ર હંગામી સ્વરૂપનાજ રહ્યા છે અને તેને સંસ્થાકીય રૂપ નથીજ મળી શક્યું. એએચટીયુ આ પ્રકારની સ્થિતિને સુધારવામાં મદદરૂપ થાય છે. માત્ર વાતો નહીં પરંતુ નસીબની ભૂમિકા પર કામનું તે ઉદાહરણ છે. અત્રે એએચટીયુના માળખા અને કાર્યશૈલીની સમજ આપવા પ્રયાસ થયો છે. હ્યુમન ટ્રાફિકિંગની સમસ્યાને સામુદાયિક નીતિવિષયક રૂપ આપવા સંગઠન પ્રયાસશીલ છે.*

યુનાઈટેડ નેશન્સ ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ (યુએનઓડીસી) દક્ષિણ એશિયા માટેના પ્રાદેશિક કાર્યાલયે ભારત સરકારના ગૃહ મંત્રાલય સાથેની ભાગીદારીમાં હ્યુમન ટ્રાફિકિંગના સંદર્ભમાં કાયદાના અનુપાલનના પ્રભાવને સંગીન બનાવવાનું કામ ઉપાડી લીધું છે. ભારતમાં હ્યુમન ટ્રાફિકિંગ ક્ષેત્રે કામ કરી રહેલી વિવિધ સંસ્થાઓ વચ્ચે અસરકારક સહભાગિતા ઉભી થાય તે હેતુસર સંકલિત એન્ટી-હ્યુમન ટ્રાફિકિંગ એકમો ઉભા કરવા તે આ પ્રોજેક્ટનો મુખ્ય આશય છે. વાસ્તવમાં હ્યુમન ટ્રાફિકીંગ વિરૂધ્ધનો માહોલ સર્જવા સંખ્યાબંધ ભાગીદારો એક છત્રછાયા હેઠળ ભેગા થાય તેને જરૂરી મનાયું છે. આ સંદર્ભમાં ઘણુંબધું કહેવાયું અને લખાયું છે. અને છતાં વિવિધ સંસ્થાઓ સ્વતંત્રપણે કામ કરતી હોવાથી આ દિશામાં થઇ રહેલા પ્રયાસોનું પુનરાવર્તન થાય છે એટલુંજ નહીં પરંતુ આ પ્રયાસો પ્રતિઉત્પાદક પણ સાબિત થતા હોય છે. કેટલાક ચોક્કસ સ્થળે શરૂ થયેલા સંયુક્ત પ્રયાસો માત્ર હંગામી સ્વરૂપનાજ રહ્યા છે અને તેને સંસ્થાકીય રૂપ નથીજ મળી શક્યું. એએચટીયુ આ પ્રકારની સ્થિતિને સુધારવામાં મદદરૂપ થાય છે. માત્ર વાતો નહીં પરંતુ નસીબની ભૂમિકા પર કામનું તે ઉદાહરણ છે. અત્રે એએચટીયુના માળખા અને કાર્યશૈલીની સમજ આપવા પ્રયાસ થયો છે. હ્યુમન ટ્રાફિકિંગની સમસ્યાને સામુદાયિક નીતિવિષયક રૂપ આપવા સંગઠન પ્રયાસશીલ છે.

### એએચટીયુનો આરંભ

૨૨મી જાન્યુઆરી, ૨૦૦૭ એ ભારતમાં પ્રવર્તી રહેલી હ્યુમન ટ્રાફિકિંગની સમસ્યાનો સામનો કરવા એક નવતર પહેલ થઇ. હ્યુમન ટ્રાફિકિંગની સમસ્યાના સમાધાનની દિશામાં થયેલી આ નાનકડી પહેલ આગળ જતાં ક્રાંતિકારી પગલુ બનવાની ક્ષમતા ધરાવે છે. આ પહેલ એટલે ભારતના આંધ્રપ્રદેશમાં સૌ પ્રથમ એન્ટિ-હ્યુમન ટ્રાફિકિંગ એકમ (એએચટીયુ) કાર્યરત થયું. હૈદરાબાદ, અનંતપુર અને ઈલુરૂ ખાતે એમ ત્રણ એકમોની રચના થઇ. ભારતના બીજા રાજ્યને સાંકળી લેતાં માર્ચ-૨૦૦૭માં ગોવામાં એએચટીયુની સ્થાપના થઇ. તો જૂન-૨૦૦૭માં પશ્ચિમ બંગાળ એમ ભારતના ત્રીજા રાજ્યને સાંકળી લેવામાં આવ્યાં.

### માળખાકીય સુવિધા

એકમ વર્તમાનમાં એક વાહન(તાતા વેકટ્રા) કોમ્પ્યુટર સિસ્ટમ, સેલ ફોન સહિતના સંદેશાવ્યવહાર સાધનો, કાયદાના પુસ્તકોના સ્વરૂપમાં સાહિત્ય અદાલતોના ચુકાદાના સંગ્રહ, ગુના વિષયક પ્રયોગ શાળાના તપાસ સાધનો, સંબંધિત એજન્સીઓ સાથેની સમજૂતીઓ (એમઓયુ), રેકર્ડ નિભાવવાના રજીસ્ટર તેમજ

(લેખક યુએનઓડીસીના પ્રોજેક્ટ કોઓર્ડિનેટર છે.)

રોજબરોજના ખર્ચને પહોંચી વળવા માટેના ભંડોળથી સજ્જ છે.

**માનવ સંસાધન**

એએચટીયુ તે સંયુક્ત તાકાત અને માનવ સંસાધનના મહત્તમ ઉપયોગમાં માન્યતા ધરાવે છે. અને તેથી જ સંખ્યા કરતાં પ્રત્યેક વ્યક્તિની ક્ષમતાના મહત્તમ ઉપયોગ પર વધુ ભાર મુકે છે. એકમને કાર્યરત રાખવા અને વહીવટી જવાબદારીઓ નિભાવવવા એએચટીયુ પુરતા કર્મચારી ધરાવે છે. એટલું જ નહીં તેઓ પૂરતા પ્રમાણમાં તાલીમબધ્ધ અને સંવેદનશીલ પણ હોય છે. આ એકમમાં મહદઅંશે ઇમ્મોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ, ૧૯૫૬ હેઠળ કાર્ય કરવા જાહેર થયેલા પોલીસ અધિકારીઓ તેમના હાથ નીચેના કર્મચારીઓ અને સ્વૈચ્છિક સંગઠનો પ્રમુખ ભૂમિકા નિભાવતા હોય છે. ઉપલબ્ધ રહે તો એએચટીયુમાં મહિલા પોલીસ અધિકારીની પણ વરણી કરવામાં આવે છે. કુલ કર્મચારીઓ પૈકી ૩૦ ટકા કર્મચારીઓ મહીલા હોય તેવી તકેદારી રખાય છે. એએચટીયુ જરૂરત ઉભી થતા સરકારના કલ્યાણ, આરોગ્ય સહિતના વિભાગોની મદદ પણ લઇ શકે છે. આ એકમ સરકાર અને સ્વૈચ્છિક સંગઠનો દ્વારા સંચાલિત વિવિધ કલ્યાણ ગૃહો, માનસિક-સામાજિક સમસ્યાઓના સલાહકારો અને કાનુની સલાહકારોની યાદીથી પણ સજ્જ હોય છે.

**એકમ માટે કાનુની સમર્થન**

ભારતીય બંધારણનો અનુચ્છેદ ૨૩ હ્યુમન ટ્રાફિકિંગના પ્રતિરોધ અને પ્રતિબંધની જોગવાઇ પુરી પાડે છે. બંધારણની આ અને અન્ય જોગવાઇ ઉપરાંત વિવિધ અન્ય કાયદા, પણ આ ગુનાને અટકાવવા માટે ગુનેગાર સામે ફરિયાદ અને ભોગ બનેલાને બચાવવાના પગલાં લેવા માટેનું બળ પુરૂ પાડે છે. ફરજ પરના ખાસ પોલીસ અધિકારીને ટ્રાફિકિંગને રોકવા માટે ખાસ ઘડવામાં આવેલા કાયદા 'ઇમ્મોરલ ટ્રાફિક (પ્રેવેન્શન)' અધિનિયમ ૧૯૬૫ની જોગવાઇઓ પણ પીડિત વ્યક્તિને બચાવવા અને ગુનેગારોની ધરપકડ માટેનું પૂરતુ કાનૂની બળ પુરૂ પાડે છે. (આઇટીપીએની કલમ ૧૫ અને ૧૬)

એન્ટી-હ્યુમન ટ્રાફિકિંગ અંગેની વર્તમાન જોગવાઇઓ વિશેષ પ્રકારની છે. તે ટ્રાફિકિંગ સામે સામાજિક સંગઠનો પણ કાયદેસર રીતે સહભાગી બનાવે છે. ફોજદારી દંડ સંહિતાની કલમ-૪૩ સ્વૈચ્છિક સંગઠનો સહિતની ખાનગી વ્યક્તિઓને પણ ટ્રાફિકિંગ સહિતના કોઇપણ ગુનેગારની ધરપકડની સત્તા આપે છે. આઇટીપીએની કલમ ૧૩(૩)(બી) માં આ કાયદાનો અમલ કરી રહેલા વિશેષ પોલીસ અધિકારીને સલાહ આપવા માટે પાંચ મહિલા સભ્યો અને સ્વૈચ્છિક સંગઠનોની બનેલી સલાહકાર સમિતિની રચના કરવાની જોગવાઇ છે. આઇટીપીએની કલમ ૧૬ મુજબ સ્વૈચ્છીક સંગઠનને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ સહિતના ન્યાયધીશ સમક્ષ સીધા જઇને સબંધિત વ્યક્તિને બચાવવા માટેના આદેશ મેળવી શકે છે. આઇટીપીએની કલમ ૧૭(૫) મેજિસ્ટ્રેટને બચાવી લેવાયેલી વ્યક્તિની તત્કાળ કસ્ટડી માટે મદદ કરવા પાંચ નાગરિકો (સ્વૈચ્છિક સંગઠનો) ની સમિતિ બોલાવી શકે છે. આઇટીપીએની કલમ ૧૭ એ હેઠળ મેજિસ્ટ્રેટને બચાવી લેવામાં આવેલી વ્યક્તિને તરત તેના પરિવારને સોંપતા પહેલા કોઇક સ્વૈચ્છિક સંગઠન કે પછી કલ્યાણ સંસ્થા દ્વારા વ્યક્તિના વાલી કે પરિવારની ખરાઇ કરવાની પણ સત્તા પણ મળે છે. આ રીતે અધિનિયમના અમલમાં સ્વૈચ્છિક સંગઠનોને સામેલ કરવાની આઇટીપીએમાં વ્યાપક જોગવાઇઓ છે. અધિનિયમ હેઠળ માત્ર પોલીસ અને ન્યાયતંત્રજ નહીં પરંતુ કાર્યપાલક ન્યાયાધીશ, અન્ય સરકારી વિભાગો અને સ્વૈચ્છિક સંગઠનોને પણ કાયદાના અમલની સત્તા મળેલી છે. વિશ્વમાં આ પ્રકારની ગોઠવણનો જોટો જડે તેમ નથી.

**એએચટીયુની કાર્યશૈલી**

રાજય સરકાર દ્વારા વિશેષ પોલીસ અધિકારી જાહેર થયેલા નાયબ અધિક્ષક દરજ્જાના પોલીસ અધિકારી એએચટીયુનું સંચાલન કરે છે. કાર્યક્ષેત્રમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- હ્યુમન ટ્રાફિકિંગ નો સામનો કરીને તેને અટકાવતી તમામ પ્રવૃત્તિ હાથ ધરવી.
- ભોગ બનેલી વ્યક્તિના પુનઃવસન અને રક્ષણની કામગીરી સશક્તિકરણ કાર્યક્રમોની મદદથી તેને પગભર કરવા ઉપરાંત ન્યાય પ્રક્રિયા દરમિયાન ઉભા થનારા પ્રકારો માટે વ્યક્તિને સજ્જ કરવા જેવી કામગીરી.
- વ્યવસાયિક ધોરણે ગુનેગારોની તપાસ અને અસરકારક રીતે ગુનો દાખલ કરવો.

- હ્યુમન ટ્રાફિકિંગ અટકાવવા પ્રયાસશીલ તમામ એકમો સાથે મળીને કામગીરી કરવી.
- બચાવી લેવામાં આવેલી વ્યક્તિ પુનઃવ્યવસ્થામાં ના ધકેલાય તેની તકેદારી.
- ગુનેગારો અને શકમંદોના રેકર્ડની જાળવણી.
- અન્ય વિસ્તારો અને રાજ્યોના નોડલ અધિકારીઓ સાથે તાલમેલ સાધીને કામ થઇ શકે તે માટે તેમના સંપર્ક નંબર, સરનામા મેળવીને કામગીરી કરવી કે પછી આરોગ્ય સહિતના સરકારના અન્ય વિભાગો સાથે સંકલન સાધીને કામગીરી કરવી. બચાવ કામગીરી પછી પુનઃવસન પ્રક્રિયામાં આ તમામ વિભાગો મદદરૂપ બને છે.
- સ્વૈચ્છિક સંગઠનો સાથે સંકલનથી કામગીરી કરવી, સ્વૈચ્છિક સંગઠનો સાથે સંકલન સાધીને કામગીરી કરવી તે એએચટીયુનું પાયાનું કાર્ય છે. આ માટે પોલીસે યોગ્ય સ્વૈચ્છિક સંગઠનની પસંદગી પણ કરવી રહે. સ્વૈચ્છિક સંગઠનની પસંદગીના માપદંડ નીચે મુજબ છે.
  - અનુભવી સ્વૈચ્છિક સંગઠન પર પસંદગી ઉતારવી રહે.
  - જાણીતા સ્વૈચ્છિક સંગઠન પર પસંદગી ઉતારવી
  - હ્યુમન ટ્રાફિકિંગને અટકાવવા તમામ પરીબળો સાથે સંપર્ક ધરાવતા સ્વૈચ્છિક સંગઠનો વધુ મદદરૂપ બની શકે.
  - પોલીસ તાલીમ સાથે સંકળાયેલા સ્વૈચ્છિક સંગઠનોની પસંદગી વધુ મદદરૂપ બની શકે.
- હ્યુમન ટ્રાફિકીંગને અટકાવવા કાર્યરત વિવિધ સંગઠનો વચ્ચે સંકલન સાધીને સરળતાથી કામગીરી થઇ શકે તે હેતુસર વિવિધ સંસ્થાઓની ભૂમિકા અંગે સમજૂતીઓ (એમઓયુ) સધાય તે દિશામાં કામગીરી કરવી..

### સિધ્ધિઓ

અસ્તિત્વમાં આવ્યા પછીના નવ માસમાં એએચટીયુને વ્યાપક સફળતા મળી છે. યુએનઓડીસીનો પ્રોજેક્ટ અમલી છે તેવા પાંચ રાજ્યોમાં મળેલી સફળતાની વિગતો કોષ્ટકમાં આપવામાં આવી છે. એએચટીયુની અસરની સામાજિક સમીક્ષા કરતા નીચે મુજબના તથ્યો સામે આવે છે.

- બચાવી લેવામાં આવેલી વ્યક્તિની સંખ્યામાં અગાઉના વર્ષની તુલનામાં વધારો થયો છે.
- બચાવી લેવામાં આવેલા બાળકોની સંખ્યા પણ વધી છે.
- અટકમાં લેવાયેલા ટ્રાફિકર્સની સંખ્યા પણ વધી છે.
- મોટી સંખ્યામાં ગ્રાહકોની અટક થતાં તેની ધારી અસર થઇ છે.

**જાન્યુઆરી-સપ્ટેમ્બર ૨૦૦૭ દરમિયાન પાંચ રાજ્યોમાં કાર્યસિધ્ધિ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| - ટ્રાફિકિંગના ગુના નોંધાયા | : | ૪૬૬ | - બચાવકામગીરી | : | ૯૬ |
| - સ્વૈચ્છિક સંગઠનોનો સાથ લેવાયો | : | ૯૦% | - વ્યક્તિ બચાવથયો | : | ૭૧૬ |
| - સગીરોનો બચાવ | : | ૧૦૮ | - ટ્રાફિકર્સની ધરપકડ | : | ૧૦૨૦ |
| - ગ્રાહકોની ધરપકડ | : | ૩૩૨ | - ટ્રાફિકર્સને સજા | : | ૨ |

- પોલીસ ચોપડે હ્યુમન ટ્રાફિકિંગના નોંધાયેલા ગુનાની સંખ્યા વધી છે.
- કોઇ ફરિયાદ પણ ના નોંધાઇ હોય તેવા કિસ્સામાં પોલીસ અધિકારીએ જાતેજ પહેલ કરીને ગુનાની નોંધણી કરી છે.
- સ્વૈચ્છિક સંગઠનોની બાતમી આધારે સંખ્યાબંધ ગુના નોંધાયા છે.
- એએચટીયુ પર મળેલી બાતમી આધારે ઝડપથી પગલાં લેવાયા છે.
- ટ્રાફિકિંગનો ભોગ બનેલાઓને ગુનેગાર નહીં પરંતુ 'ભોગ બનેલી વ્યક્તિ' ગણવામાં આવી છે.આમ કામગીરીની તરાહમાં જોરદાર બદલાવ આવ્યો છે. અગાઉ ટ્રાફિકિંગનો ભોગ બનેલી વ્યક્તિ સાથે ગુનેગાર જેવો વ્યવહાર થતો હતો.
- ભોગ બનેલી વ્યક્તિને ગુનેગારોથી અલગ રાખીને તેનું રક્ષણ થતું થયું
- અગાઉ 'કલ્યાણ અભિગમ' આધારે થતી કાર્યવાહીને માનવ અધિકાર અભિગમથી ગઢવામાં આવી.
- આરંભથી અંત સુધીની કાર્યવાહીમાં સ્વૈચ્છિક સંગઠનોને સાંકળવામાં આવ્યા.
- બચાવ બાદ ભોગ બનેલી વ્યક્તિને માનસિક રાહત આપવા સ્વૈચ્છિક સંગઠનો તરફથી વિશેષ સેવાઓ ઉપલબ્ધ થઇ.
- એએચટીયુના સભ્યો દ્વારા બચાવવામાં આવેલા બાળકોની વિશેષ કાળજી લેવાતી થઈ. બાળ અધિકારની સંવેદનશીલતાનો માહોલ સર્જાયો.
- પોલીસતંત્રના બદલાયેલા વલણને પરિણામે બચાવી લીધેલી વ્યક્તિ પણ રાહતનો અહેસાસ કરતી થઇ.

- ભોગ બનેલી વ્યક્તિ પણ ગુનેગારોના નામ ગભરાયા વિના આપતા થયા.
- મહિલા અધિકાર અને બાળ અધિકારની તાલીમ પ્રાપ્ત અધિકારીઓ ભોગ બનેલી વ્યક્તિને સાચા અર્થમાં સમજતા થયા અને તે રાહે તેમની કામગીરી પણ સરળ બની.
- બચાવી લેવામાં આવેલી વ્યક્તિ પાસેથી મળેલી બાતમી આધારે અન્ય સ્થળોએ ચાલતી પ્રવૃત્તિ અટકાવવામાં મદદ મળી. દાખલા તરીકે ગુદ્દુર જિલ્લાના એક સ્થળે થયેલી બચાવ કામગીરી આધારે આખેઆખી ટ્રાફિકિંગ શ્રૃંખલાને ભેદીને ૨૭ વ્યક્તિને બચાવી શકાઇ હતી.
- બચાવ કામગીરી બાદ બચાવી લેવાયેલી મહિલાઓને સ્વૈચ્છિક સંગઠનોની મહિલાઓ અને મહિલા પોલીસની હુંફ મળતી થઇ.
- ભોગ બનેલી વ્યક્તિને હૂંફ મળતી થતાં તેઓ અદાલતોમાં ગુનેગારો સામે હિંમતપૂર્વક અને આત્મવિશ્વાસપૂર્વક નિવેદનો આપતા થયા અને તે રીતે ગુનેગારો દંડિત થતા ગયા.
- પોલીસની કાર્યવાહીમાં લોકોની સહભાગિતા વધી. અગાઉ લોકોનો શૂન્ય સહકાર મળતો હતો તેની તુલનામાં સ્વૈચ્છિક સહકાર મળતો થયો. લોકોમાંથી આવતા ટેલિફોન અને બેનામી પત્રોને આધારે પણ બચાવ કામગીરી થવા લાગી

### સામાજિક વલણોમાં બદલાવ

હ્યુમન ટ્રાફિકિંગના સામના માટે પોલીસ અને પ્રજાની સહભાગિતાનું વાતાવરણ સર્જાયું. સ્વૈચ્છિક સંગઠનો પાયાની ભૂમિકા અદા કરતી થઇ. સ્વૈચ્છિક સંગઠનની ભૂમિકા માત્ર પોલીસને મદદરૂપ થવા સુધી સીમિત ના રહી પરંતુ નિર્ણય લેવાની પ્રક્રિયામાં પણ તેઓ સામેલ થયા. તેનો અર્થ નહીં કે પોલીસે પોતાની જવાબદારી છોડી દીધી. વાસ્તવમાં લોકોની સહભાગીતા વધતા પોલીસની જવાબદારી પણ વધી.

પોલીસ અને સ્વૈચ્છિક સંગઠનો વચ્ચે વિશેષ પ્રકારનું સંતુલન ઉભુ થવા સાથે પારદર્શીતામાં પણ ઉમેરો થયો. બદલાયેલા વાતાવરણમાં સમાજમાં પોલીસની વિશ્વસનીયતા અને સ્વીકૃતિ પણ વધી. મતભેદો કદાચ સર્જાતા રહ્યા પણ ચર્ચાઓ આધારિત પારસ્પરિક સમજૂતીથી નિર્ણયો લેવાતા થતાં સબંધોનો વિસ્તાર થતો ગયો. વિધયાત્મક આલોચનાને પરિણામે એએચટીયુની કાર્યક્ષમતા પણ વધતી ગઇ.

### હકારાત્મક સ્પર્ધા

યુએનઓડીસી દ્વારા અલગ અલગ કાર્યક્ષેત્રમાં સ્વતંત્ર ભૂમિકા સાથે એએચટીયુની રચના થઇ હોવા છતાં આ એકમો વચ્ચે કામગીરીની તંદુરસ્ત સ્પર્ધા વધતાં કામગીરીને વેગ મળ્યો.

ટ્રાફિકિંગનો ભોગ બનેલી વ્યક્તિના ‘હિતોની જાળવણી’ તે જ એએચટીયુનો ધ્યેય બની રહ્યો. ભોગ બનેલી વ્યક્તિની મંજૂરી સાથે તેના વિશેના નિર્ણયો લેવાનો માહોલ ઉભો થયો અર્થાત ભોગ બનેલી વ્યક્તિ ઘેર પાછી જવા માંગે છે કે નહીં તે અંગેના નિર્ણય પણ તેને પૂછીને લેવાતા થયા. સાથેજ પરામર્શકોની મદદ પણ લેવામાં આવી.

### બહેતર સંચાલન

એએચટીયુના સંચાલન અને કાર્યને માત્ર ટ્રાફિકિંગના ગુનાના સંદર્ભમાંજ ના મુલવી શકાય. બચાવી લેવામાં આવેલી વ્યક્તિને વ્યવસાયિક તાલીમ આપીને સશક્ત બનાવવા થતા પ્રયાસોની મદદથી ટ્રાફિકિંગનો સામનો કરવામાં પણ મદદ મળી. અર્થાત જાહેર વહિવટ અને જાહેર સેવા તરફના અભિગમમાંજ બદલાવ આવ્યો. મહિલા અને બાળકો અંગેના પ્રશ્નો તરફના વલણોમાંજ બદલાવ આવ્યો. આ પ્રશ્ન સાથે માનવ અધિકારના મુલ્યોને સાંકળી દેવામાં આવ્યા.

વાસ્તવમાં એએચટીયુ તો હ્યુમન ટ્રાફિકિંગના પ્રશ્નને થાળે પાડવા માટેની સુદઢ સંસ્થાકીય વ્યવસ્થા છે. આ દિશામાં કાર્યરત વિવિધ સંગઠનો વચ્ચેની સમજૂતીએ તેને સંસ્થાકીય રૂપ બક્ષ્યું. એએચટીયુ આ રીતે હ્યુમન ટ્રાફિકિંગનો સામનો કરી રહેલું સંસ્થાકીય તંત્ર બની રહેલ છે. એએચટીયુ એ રીતે સામાજિક અને સંચાલનના પરિવર્તનનું સાધન બની રહેલ છે. એએચટીયુ આ રીતે પોલીસ આધુનિકરણ કાર્યક્રમનું આદર્શ મોડેલ પણ બની ચુકેલ છે.


## ગ્રાહકોને સૂચના

- **બહારગામના ચેક સ્વીકારવામાં આવતા નથી. પેએબલ અમદાવાદના ચેક સ્વીકારાય છે.**
- **લવાજમની રકમ** “S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)” **ના નામે મોકલવું.**
- **લવાજમ ચેક / મનીઓર્ડર / બેંક ડ્રાફ્ટથી પણ મોકલી શકાશે.**
- **પુસ્તકની કિંમત અને મોકલવાનો ખર્ચ અલગથી ચૂકવવાનો રહેશે.**

# દેહવિક્રયને કાનૂની જામા

મધુ કિશવર

*વિશ્વભરમાં રૂપજીવિનીઓના વ્યવસાયને એટલા માટે માન નથી અપાતું કે જે લોકો તેમની સેવા લે છે તેઓ પણ એમને માન આપતા નથી. નાણા લઈને જાતીય સુખ આપતા હોવાથી કેટલીક રૂપજીવિની તો પોતાની નજરમાંથી જ પડી ગયેલી હોય છે. રૂપજીવિની જો પોતાના ગ્રાહક પાસેથી જ સન્માનભરી નજર ના મેળવતી હોય તો પછી સમસ્ત સમાજ તેની સામે સન્માનની ભાવના કઈ રીતે કેળવી શકે ? મોટાભાગની મહિલાઓ ગરીબી કે પછી પારિવારિક સંજોગોને કારણે જ વ્યવસ્યામાં આવી હોય છે. જે દેશોમાં રૂપજીવિની વ્યવસાયને કાયદાના જામા પહેરાવવામાં આવ્યા હોય છે, ત્યાં પણ તેમને સામાજિક સન્માન ઉપલબ્ધ નથી જ. તેથી જ બીજા દેશોનું અનુકરણ કરીને સમાધાન શોધવાના પ્રયાસો પણ કારગત નહીંજ રહે.*

સંસદમાં અધિનિયમમાં સુધારા માટે નવો ખરડો આવવાની સંભાવનાઓની વચ્ચે દેહવિક્રયને કાનૂની ઓપ આપવો જોઇએ કે કેમ તે મુદ્દે આપણે રાબેતા મુજબ લાગણીસભર ચર્ચાનો માહોલ જોઇ રહ્યા છીએ. ભારત અને વિશ્વભરમાં પ્રવર્તી રહેલી આ સમસ્યાની ચર્ચાતી શૈલી અને વિષય વસ્તુ એમ બંને મોરચે છેલ્લા દોઢેક વર્ષ દરમિયાન મોટો બદલાવ જોવા મળે છે.

૯૦ ના દાયકાના આરંભ સુધી રૂપજીવિનીઓના અધિકારોની રક્ષા માટે મુખ્યત્વે નારીવાદી જૂથો અને સ્ત્રી દક્ષિણ્ય ધરાવતા પુરૂષો જ અવાજ ઉઠાવતા રહેતા હતા. તેઓ દલીલ કરતા હતા કે કાયદો પરિસ્થિતિનો ભોગ બનેલી રૂપજીવિનીઓને જ દંડિત કરે છે પરંતુ આવી મહિલાઓની ગરીબી અને સ્થિતિઓનો ફાયદો લઇને શોષણ કરનારા પુરૂષ ગ્રાહકોને જતા કરે છે. આ પૈકીના કેટલાક એવા કાયદાની માંગણી કરતા આવ્યા હતા કે પુરૂષો આ પ્રકારની પ્રવૃત્તિમાં વચેટિયા તરીકેની ભૂમિકા નિભાવતા હોય અને જે પુરૂષો ગ્રાહક તરીકે મુલાકાત લેતા હોય તેઓ પણ દંડિત થવા જોઇએ.

સુધારાવાદી લેખકોના લખાણો અને સાહિત્ય (જેમકે મન્ટો અને મુનશી પ્રેમચંદની કથાઓ) અને પ્રગતિશીલ ફિલ્મો (જેમકે સાધના, પ્યાસા અને ચમેલી )માં રૂપજિવિનીનું નિરૂપણ પરિવારના અન્યાયનો ભોગ બનેલી મહિલા કે પછી સામાજિક સંજોગોનો ભોગ બનેલી મહિલાઓના રૂપમાં થયેલું છે. અને તેથી જ ગુનેગારોને સજા કરતા કાયદાથી આ મહિલાઓને દંડિત કરવાને બદલે તેમને સામાજિક સહાનુભૂતિ અને હૂંફ અપાવી જોઇએ એ મુજબના સૂર વ્યક્ત થતા આવ્યા છે.

સમય જતાં આપણાં કાયદાના ઘડવૈયાઓ પણ આ પ્રકારની વિચારસરણી સમજવા પ્રયાસ કરવા લાગ્યા અને તેથી તેમણે પુરૂષ ગ્રાહકો, વચેટિયા અને રૂપજિવિનીની આવકમાં ભાગ પડાવતા લોકો માટેની સજાઓને પણ કાયદામાં સ્થાન આપવા નિર્ણય લીધો. નીચે મુજબના પાસાઓને કારણે આ મુદ્દે થતી ચર્ચાઓ અને જમીની વાસ્તવિકતાઓમાં મોટો બદલાવ આવ્યો.

પ્રથમતો વિશ્વના દેશોમાં અઇડ્સે જગાવેલી ભીતિને પગલે 'સેફ સેક્સ પ્રેક્ટિસ' અને તેમાંય ખાસ કરીને સેક્સ વર્કર્સમાં નિરોધના ઉપયોગનું વલણ વધે તે તરફ ધ્યાન આપતાં અબજો ડોલર, પાઉન્ડ અને યુરો સહિત અન્ય સંસાધનોને પણ વાળવામાં આવ્યા. પ્રિન્સ ચાર્લ્સથી માંડીને બિલ ગેટ્સ ફાઉન્ડેશન, હોલિવુડના રિચાર્ડ ગેરે જેવા સિનેતારકો, પશ્ચિમની સરકારો અને મોટી સખાવતી સંસ્થાઓ એમ બધાજ રૂપજીવિની વ્યવસાયને કાયદાના ઢાંચામાં ઢાળવાની ઝુંબેશમાં જોડાયા. એ પૈકીની કેટલીક સંસ્થાઓ તો રૂપજીવિની ઓને તેમના અધિકાર માટે સંગઠિત

(લેખક 'માનુષી' સામયિકના સંપાદક છે.)

થવામાં મદદરૂપ પણ થઇ રહ્યા છે. કારણકે સેક્સ વર્કર્સ, તેમના બાળકો ને ગ્રાહકોમાં એચઆઇવી પરીક્ષણને પ્રોત્સાહન આપવા સહિતના નિયમીત તબીબી પરિક્ષણો અને નિરોધના ઉપયોગ માટે આપવા પ્રોત્સાહિત કરી શકાય તેમ છે.

અગાઉ ધારાશાસ્ત્રીઓ સેક્સ વર્કર્સની ધરપકડ થાય તો તેમને મુક્ત કરવામાં મદદ કરતા હતા. પરંતુ આજે ભારતના કેટલાક શ્રેષ્ઠ ધારાશાસ્ત્રીઓ એચઆઇવી-એઇડ્સ જાગૃતિ અભિયાન માટે પોતાની ઉર્જાનો ઉપયોગ કરી રહ્યા છે. તેઓ દલીલ કરવા લાગ્યા છે કે પોલીસનાં દરોડાં બાદ રૂપજીવિનીને બચાવવાના કે પછી ખુલ્લામાં વ્યવસાય ના કરી રહેલા સેક્સ વર્કરને પોલીસના છટકાની મદદથી ઝડપવાના જૂના અભિગમો સામાજિક રીતે પ્રતિઉત્પાદક રહે છે. કારણકે આમ કરવાથી આ વ્યવસાય ભૂગર્ભમાં જતો રહે છે અને તેથી કરીને સલામત સેક્સ અભિયાનની મદદથી એઇડ્સ નિયંત્રણ માટેના સરકાર કે પછી સ્વૈચ્છિક સંગઠનોના દ્વાર બંધ થઇ જતા હોય છે. તેઓ એ મુજબની દલીલ પણ કરી રહ્યા છે કે 'બચાવ અને ધરપકડ' નો વ્યૂહ નૈતિક અને સામાજિક રીતે પણ એટલા માટે ખોટો છે કે તેથી કરીને જીવનનિર્વાહની રકમ કમાવવાના સાધનો અને રસ્તા અંગેની પસંદગીના અધિકારથી પણ સેક્સવર્કર વંચિત થઇ જાય છે. કેટલાય હજી પેલા જૂના મંતવ્યોને વળગી રહ્યા છે કે ગરીબીના સંજોગોના કારણે સેક્સ વર્કર આ વ્યવસાયમાં ફસાઇ ગઇ છે. પરંતુ હવે અનેક લોકો એવી દલીલ કરતા પણ થયા છે કે સેક્સ વર્કર સાથે અન્ય કોઇ વ્યવસાય જેવોજ વ્યવહાર થવો જોઇએ. તેઓ આપણને ખાતરી આપતા થયા છે કે ગ્રાહકને થોડા કલાક પોતાનો દેહ ધરી દેવો કે પછી તબીબ, શિક્ષકો અને સ્થપતિ દ્વારા પોતાના માલિકને માલિક વેતન ધોરણે પોતાના કૌશલ્યને ભાડે આપવાની પ્રક્રિયા વચ્ચે કાંઇ ખાસ ઝાઝુ અંતર નથી. તેથી જ તેઓ માંગણી કરતા થયા છે કે 'સેક્સ વર્ક' ને કાનૂની ઓપ આપીને અન્ય વ્યવસાયો જેટલો જ દરજ્જો આપવો જોઇએ. આ પૈકીના કેટલાક તો એ માન્યતાને પણ નકારવા લાગ્યા છે કે મોટાભાગની મહિલાઓ (૮૬% થી વધુ) આ વ્યવસાયમાં બળજબરી કે બનાવટનો ભોગ બનીને કે પછી અત્યંત ગરીબી અને જીવનનિર્વાહ કમાવાનો વિકલ્પ ના હોવાને કારણે આવી હોય છે. આ લોકો સેક્સવર્કરને દયાપાત્ર ગણવાને બદલે તેમના વ્યવસાયને દરજ્જો આપવાની તરફેણ કરતા થયા છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હસ્તીઓ તરફથી નૈતિક અને ભૌતિક સમર્થન મળતું થતા અને મધ્યમ વર્ગના શિક્ષીત કાર્યકરો સેક્સવર્કર્સને તેમના મંતવ્યો વ્યક્ત કરવાનું મંચ પૂરૂ પાડતાં થતાં ભારતના કેટલાક શહેરોમાં આપણે સેક્સવર્કર્સમાં પણ આત્મવિશ્વાસનો સંચાર થતો જોઇ શકીએ છીએ. સેક્સવર્કર્સ હવે કહેતા થયા છે કે ''અમે આ વ્યવસાયમાં એટલા માટે છીએ કારણકે અમને આ જીવનશૈલી પસંદ છે, અમને અમારો વ્યવસાય ખુલ્લી રીતે કરવાનો અધિકાર આપો. આ વર્કર્સો હવે સમાજમાં મોભો ધરાવી રહેલા સામાજિક કાર્યકરો અને ધારાશાસ્ત્રીઓ સાથે મળીને 'પીઆઇટીએ'માં આવી રહેલા સુચિત સુધારાનો વિરોધ કરવા અભિયાન છેડી દીધું છે. કાયદામાં આવી રહેલા સુધારામાં સેક્સ વર્કરના ગ્રાહકો, વચેટિયા કે વ્યવસ્થામાં મદદરૂપ થતા અન્યોને કડક શિક્ષા કરવાની જોગવાઇ છે.

### સંખ્યાબંધ મજબૂત દલીલો

તેઓ સંખ્યાબંધ મજબૂત દલીલો આગળ ધરી રહ્યા છે.

(૧) તેમના ગ્રાહકોને નિશાન બનાવીને સરકાર રૂપજીવિનીઓના જીવનનિર્વાહ માટે કમાણી કરવાના હકને નિશાન બનાવે છે.

(૨) પોતાની ઇચ્છાથી વ્યવસાયમાં આવેલી અને ટ્રાફિકિંગની રાહે વ્યવસાયમાં આવેલી રૂપજિવિની વચ્ચેનો ભેદ ગ્રાહક કઇ રીતે પારખી શકે. વધુમાં એકવાર વ્યવસાયમાં ઝંપલાવી દીધા પછી ઘણીબધી રૂપજીવિનીઓ એકમાત્ર વિકલ્પ રીતે તેનો સ્વીકાર કરી લેતી હોય છે. કાયદાએ ખરેખર તો આ વ્યવસાય પ્રતિના વલણોને ઉદાર બનાવવાને બદલે વધુ લોકોને દંડકીય જોગવાઇ હેઠળ આવરી લેવા કાયદાકીય જાળનો વિસ્તાર કરેલ છે. અનેક સેક્સવર્કર ૧૮ વર્ષથી નાના બાળકો ઉપરાંત વૃધ્ધ માતાપિતાની સંભાળ પણ રાખતી હોય છે. કાયદાની આ જોગવાઇ આધારે તો તે બધાજ પોલીસનું નિશાન બનશે.

(૩) પોલીસ દ્વારા ધરપકડ અને બચાવની કાર્યવાહી તો એક પ્રકારના ભયને જીવંત રાખવાની નાટકીય કવાયત માત્ર છે કે જેથી કરીને સેક્સવર્કર અને વચેટિયા લાંચ આપવાનો પ્રતિકાર કરતા ના થાય. વાસ્તવમાં સેક્સ ટ્રેડ સાથે

સંકળાયેલા લોકો પોલીસની જાણ અને રક્ષણ હેઠળજ ધંધો કરતા હોય છે. અને પોલીસ પણ સેક્સ વર્કરની આવકમાંથી ભાગ પડાવતી હોય છે. ધરપકડનો અર્થ છે, પોલીસને વધુ લાંચ અને જામીન મેળવવા વકીલનો વધારાનો ખર્ચો પોલીસનો ભય આ વ્યવસાય ડામવામાં નિષ્ફળ ગયો છે. આ બધાને કારણે સેક્સવર્કમાં દહેશત, ભ્રષ્ટાચાર તેમજ સેક્સ ટ્રેડ સાથેના પોલીસના સ્થાપિત હિતોજ માત્ર વધતા ચાલ્યા છે. તેથીજ પોલીસના હાથમાં રાક્ષસી કાયદો મુકાતાં લોહીના વેપારની નાબુદીના બદલે સમસ્યાઓ વધશે. જાતીય ગુલામીથી બચવાનો માર્ગ શોધવા આવ્યવસાયમાં આવેલી મહિલાઓ માટે પોલીસ અને વચેટિયા વચ્ચેની સાંઠગાંઠ વધુ ખતરા ઉભા કરશે.

આ તબક્કો રૂપ જિવીનીઓના વ્યવસાયને કાનૂની સ્ટોપ આપવો જોઇએ અને તેમના વ્યવસાયને પણ અન્ય વ્યવસાયોના દરજ્જામાં જ માન્યતા મળવી જોઇએ એ મુજબની માંગણી અને દલીલો કરનારાઓને પણ આ સમયે પાયાના પ્રશ્નો પુછી લેવા જોઇએ.

(૧) ‘કાનૂન ઓપ’ એટલે શું ? તેનો અર્થ એ કે રૂપજીવિનીને ગમે ત્યાં પોતાનું વ્યવસાય કેન્દ્ર ખોલી શકે અને પોતાના વ્યવસાયની જાહેરખબર પણ આપી શકે ? તબીબો જે રીતે પોતાના દવાખાના ખોલે છે તે રીતે કોલગર્લ પુરી પાડતા મહિલા કે પુરૂષ કોઇની પણ પડોશમાં કાર્યાલય ઉભુ કરીને આટલા કલાકો વચ્ચે કોલગર્લ ઉપલબ્ધ છે એવા બોર્ડ પણ મારી શકશે ?

(૨) સેક્સ ટ્રેડ જાતિય ગુલામી, પોર્નોગ્રાફીના હિંસક સ્વરૂપ અને સેક્સ ટ્રાફિકિંગને પણ સાથેજ આવે છે એવા સંજોગોમાં દેશોમાં આ વ્યવસાયને કાનુની દરજ્જો અપાયો છે ત્યાં પણ ગુનેગાર માફિયાઓ સાથે આ વ્યવસાય એકાકાર થઇ જતો જોવા મળેલ છે. મારી પડોશમાં જ સેક્સ વર્કની હાર માંડી શકવાની છુટ અપાતા મારી જિંદગી ભયમાં નહીં મુકાય ? અરે રૂપજીવિનીઓની ચિંતા સેવી રહેલા સહિતના એવા કેટલા લોકો છે કે તેઓ સેક્સ વર્કસ કેન્દ્ર પોતાના ઘરની નજીક જ ઉભું થાય તેમાં રાજી થાય ? જાતિય સુખમાટે નારીનો દેહ ભાડે મળતો હોય એને કાયદેસર પ્રવૃત્તિ મનાતિ હોય એવા વાતાવરણ વચ્ચે પોતાના બાળકોનો ઉછેર થાય એવું કેટલા લોકો પસંદ કરશે ?

(૩) પોતાના ઘરની નજીક ખુલ્લેઆમ કાયદેસર રીતે સેક્સવર્ક માટેનું સ્થળ ચાલતું થાય તેવું ભારતના બહુમત લોકોને જો પસંદ ના હોય તો પછી કાયદેસર સેક્સવર્કનું વાતાવરણ ઉભું કરવા એક ઉપાય જ બચે છે કે સેક્સ વર્કર માત્ર અને માત્ર નિશ્ચિત કરેલા પરંપરાગત ‘રેડલાઇટ’ વિસ્તારમાં જ વ્યવસાય કરવા સહમત થાય. પરંતુ પ્રત્યેક રૂપજીવિની સેક્સ ઝોન તરીકે ઓળખાતા વિસ્તારમાં ખુલ્લેઆમ રહેવાનું પસંદ કરતી નથી. ખાસ કરીને હાઇ સોસાયટી કોલ ગર્લના રૂપમાં કામ કરતી યુવતીઓ સન્માનનો મુખવટો પહેરીને લપાતા છુપાતા આ વ્યવસાય કરવા માંગતી હોય છે. મહિલાઓના ટ્રાફિકિંગમાં સંડોવાયેલા કે પછી વચેટિયા તરીકેની ભૂમિકા નિભાવતા પુરૂષો પણ વચેટિયા તરીકે જાહેર થવાનું પસંદ કરતા નથી. કાયદો આવા લોકોની કાળજી કઇ રીતે લેશે ? સેક્સ ટ્રેડને કાનૂની દરજ્જો મળ્યા બાદ લોકોને જાણ આવે કે તેમની પડોશમાં કોલગર્લ કૌભાંડ ચાલી રહ્યું છે તો તેમને ત્યાંથી દૂર કરીને રેડલાઇટ વિસ્તારમાં ખસેડવાની માંગણી લોકો કરી શકશે ? કે પછી સેક્સ વર્કરના અધિકારો કે પછી તેમના જીવનનિર્વાહના સાધનની પસંદગીને માન આપવાને નામે બાકીના નાગરિકોએ સહેવું રહ્યું ?

(૪) સેક્સ વર્કને અન્ય વ્યવસાય જેટલાજ સમ્માનીય દરજ્જો આપવો જોઇએ એ વાતને પણ સમજાવવી પડશે કે રૂપજીવિની અને વચેટિયાને સન્માન આપવાની જવાબદારી કોની ? સરકારે જે રીતે અસ્પૃષ્યતા નિવારણ માટે કાયદો પરસ્પર કર્યો એ રીતે રૂપજીવિનીને તિરસ્કાર ના કરવા સરકારે કાયદો પસાર કરવો જોઇએ ? અસ્પૃષ્ય મનાતી જાતિઓના લોકો સાથે હળીમળીને કે પછી તેમની સાથે ભોજન કરીને કોઇ વ્યક્તિ પુરવાર કરી શકે કે તે અસ્પૃષ્યતાના વલણ નથી ધરાવતો. પરંતુ રૂપજીવિની પ્રતિ સન્માન ની લાગણી કઇ રીતે જાહેર કરવી ? સેક્સ વર્કરના

બાળકો સાથે હળવામળવા આપણા બાળકોને પણ સેક્સ વર્કર કેન્દ્રો પર મોકલવા કે પછી સફળ રૂપજીવિનીના સન્માન માટે વિશેષ સમારંભોના આયોજનો કરવા ?

(૫) વ્યક્તિએ જેમની સેવા કરી હોય તે લોકોજ સન્માનની નજરથી વ્યક્તિને ઉંચી લઈ જતા હોય છે. દર્દીઓની પીડાને દૂર કરતા હોવાથી સમાજ તબીબોને ઉંચી નજરથી જોતો હોય છે. પરંતુ જે તબીબો શોષણનો માર્ગ અપનાવે છે તેઓ નજરમાંથી પડી જતા હોય છે. બ્રિટન કે આસ્ટ્રેલિયામાં પોલીસને સન્માનની નજરથી જોવામાં આવે છે. પરંતુ ભારતમાં સારી સેવા આપવા બદલ એકલદોકલ પોલીસ અધિકારી સાથે માનની નજરે જોવાતું હશે. પરંતુ ભ્રષ્ટાચાર અને કાયદાથી વિમુખ વર્તણુંકો બદલ ભારતમાં પોલીસ સામે ભય અને ધિક્કારની મિશ્ર લાગણીથી જ જોવામાં આવે છે.

વિશ્વભરમાં રૂપજીવિનીઓના વ્યવસાયને એટલા માટે માન નથી અપાતું કે જે લોકો તેમની સેવા લે છે તેઓ પણ એમને માન આપતા નથી. નાણા લઈને જાતીય સુખ આપતા હોવાથી કેટલીક રૂપજીવિની તો પોતાની નજરમાંથી જ પડી ગયેલી હોય છે. રૂપજીવિની જો પોતાના ગ્રાહક પાસેથી જ સન્માનભરી નજર ના મેળવતી હોય તો પછી સમસ્ત સમાજ તેની સામે સન્માનની ભાવના કઈ રીતે કેળવી શકે ?

(૬) આપણને કહેવામાં આવે છે કે મહિલાઓની પસંદગીને મહિલાના હિતોની જાળવણી કરનારાઓએ કદર કરવી જોઈએ. મહિલાની પ્રત્યેક પસંદગીની 'ફેમિનિસ્ટ' કદર કરતા હોય તો પછી સતીના મંદિરે પૂજા કરવા જતી મહિલાની લાગણીની કદર શા માટે નથી કરતા ? પોતે પુત્રી નહીં પરંતુ પુત્રની માતા બનવા ઈચ્છતી હોવાથી ભ્રૂણ હત્યા કરવાનું પસંદ કરતી, મહિલાની આપણે શા માટે કદર કરતા નથી ? તબીબો કે પછી સ્થપતિઓ ફી લઈને સેવા આપવાના પસંદગીના માર્ગે ચાલતા હોય છે. એ જ રીતે પોતાના શરીરને ભાડે આપીને કમાણી કરવાની પસંદગી હોવાથી જ મહિલાઓ આ વ્યવસાયમાં જોડાઈ હોવાનું વિચારીને પોતાની જાતને મુર્ખ બનાવવાનું આપણે બંધ કરીએ. મોટાભાગની મહિલાઓ ગરીબી કે પછી પારિવારિક સંજોગોને કારણે જ વ્યવસ્યામાં આવી હોય છે. જે દેશોમાં રૂપજીવિની વ્યવસાયને કાયદાના જામા પહેરાવવામાં આવ્યા હોય છે, ત્યાં પણ તેમને સામાજિક સન્માન ઉપલબ્ધ નથી જ. તેથી જ બીજા દેશોનું અનુકરણ કરીને સમાધાન શોધવાના પ્રયાસો પણ કારગત નહીંજ રહે.

*(અનુસંધાન પાના નં. ૪ થી શરૂ)*

વ્યવસ્થા કરવામાં આવી છે. પર્યાપ્ત ભંડોળ ઉપલબ્ધ કરાવવા સાથે આ ટાસ્ક ફોર્સને મેન્યુઅલ, હેન્ડબુક, પ્રોટોકોલની સમજ તથા સંકુલ પરિસ્થિતિમાં નિર્ણય લેવામાં ઉપયોગી નિવડે તેવી માર્ગદર્શિકા જેવું સમૃધ્ધ સાહિત્ય પણ આપવામાં આવ્યું છે. વાહન, મોબાઈલ ફોન, કોમ્પ્યુટર તથા કન્ટીજન્સી ફંડ આપી ટાસ્કફોર્સને લગભગ બધી બાબતમાં પગભર બનાવી દેવામાં આવ્યું છે. છેલ્લા ૬ મહિનામાં આવા ટાસ્કફાર્સની કામગીરીને સફળતા મળવી શરૂ થઈ હોવાના પ્રમાણ મળવા લાગ્યા છે. આંધ્રપ્રદેશમાં કાર્યરત ટાસ્કફોર્સ દ્વારા ૭૦૦થી વધુ વ્યક્તિઓને ગૌરવહિન ધંધામાંથી છોડાવવામાં આવી છે, જેમાં ૧૮ વર્ષથી નાની ઊંમરના ૧૦૦ જેટલા બાળકો પણ સામેલ હતા. અનૈતિક આચરણ તથા વ્યવસાયના ગુના સબબ આ દળ દ્વારા ૧૦૦૦ થી વધુ વ્યક્તિઓની ઘરપકડ કરાઈ હતી. જેમાં ૩૦૦ થી વધુ ગ્રાહકોનો પણ સમાવેશ થતો હતો. ગંદા ધંધાના ત્રણ સુત્રધારોને સજા મળી છે તથા અનીતિના ધામ ચલાવતી ૮ હોટલોને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટના હુકમ દ્વારા બંધ કરાવી દેવામાં આવી છે. દેહવિક્રય તથા બાળ મજુરીમાંથી મુકત થયેલી વ્યક્તિઓના પુર્નવસન માટે કોર્પોરેટ હાઉસ વગેરે પાસેથી આર્થિક મદદ મેળવી સમાજના મુખ્ય પ્રવાહમાં તેમને ભળી જવાની તક આપવાનો બંદોબસ્ત કરવામાં આવ્યો.

માનવ અધિકારોના રક્ષણ માટે લડત આપતા લોકોએ સૌ પ્રથમ ગંદા ધંધામાં ફસાઈ ચૂકેલા માણસોને છોડાવવા ઊપર ધ્યાન કેન્દ્રીત કરવું જરૂરી છે. સમાજમાં સૂગ ચડે તેવા વિષય ઊપર મરજાદીપણાનો દંભ ઓઢેલા લોકો શબ્દ ઉચ્ચારતા પણ અચકાતા હોય છે, પરંતુ મજબુરીનો ફાયદો ઊઠાવી કોઈપણ કિશોરી કે બાળકને ગૌરવહીન તથા ગંદુ કૃત્ય માત્ર રૂપિયા રળવાના આશય સાથે કરાવતા ધંધામાં સરી જતા રોકવાની ફરજ સમાજની છે, પ્રત્યેક નાગરિકની છે. કોઈના પરિવારની મોના કોઠા ઊપર બેસવા મજબુર બને નહીં તેવી તંદુરસ્ત સમાજરચના માટે બધાએ સમર્પિત બનવું પડશે.

# દેહવિક્રય કરતી મહિલાઓના માનવ અધિકારનું શું ?

રત્ના કપૂર

*ગ્રાહકને ગુનેગાર ગણતો સુધારો કાયદો બને તો દેહવિક્રયનો સમગ્ર વ્યવસાય ભૂગર્ભમાં ચાલ્યો જશે. પરિણામે આ કાર્યમાં પડેલી સ્ત્રીઓની હાલત વધુ ખરાબ થશે, શોષણની શક્યતા પણ વધશે. દેહવિક્રયના બંને પક્ષકારોને કાયદેસરની કાર્યવાહીમાંથી જમાં કરવા બદલ પોલીસને સારી એવી કમાણી થાય તેવી તક કાયદો સુધારો એટલે ઉભી થવાની છે. આબરૂની બીકે નાણાં ઢીલા કરવાની મજબુરી ગ્રાહકને વેઠવી પડશે ત્રીજી બાબત, દેહવ્યવસાય ભૂગર્ભમાં ચાલ્યો જાય તો એચઆઈવી/એઈડ્સના ચેપને ફેલાતો અટકાવવા માટે ચાલતી ઝુંબેશને મોટો ફટકો પડશે. એઈડ્સનો ફેલાવો રોકવા માટે સમાજના કયા વર્ગની પ્રવૃત્તિ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું તેની સમજ પડશે નહીં. એચ.આઈ.વી. ચેપનો પ્રચાર થવાની ગતિ ભારતમાં વિશ્વની તુલનાએ ખુબ વધુ છે અને પરણિત અને બહુપુરુષગામી મહિલાઓમાં તે ઝડપથી ફેલાઈ રહ્યો હોવાના પ્રમાણ મળ્યા છે.*

તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા ઈમ્મોરલ ટ્રાફિક(પ્રિવેન્શન) એક્ટમાં સુધારો દાખલ કરવાના પ્રસ્તાવોને મંજુર કરવાને બદલે સમિતિને ફેર વિચાર માટે પાછા મોકલી આપ્યા છે. આ સુધારાઓ દેહવિક્રય કરતી મહિલાઓના ગ્રાહકો ઊપર ફોજદારી કાર્યવાહી કરવા વિશે હતા. કેબિનેટને ઊંડો વિચાર કરતા લાગ્યું કે દેહવિક્રય અટકાવવા માટે ઘડાયેલા કાયદામાં પ્રસ્તાવિત સુધારો દાખલ કરવાથી અનિચ્છા તથા મજબુરીને કારણે આ વ્યવસાયમાં ધકેલાયેલી મહિલાઓના અધિકારોનું હનન થવા ઊપરાંત તેમની હાલત કદાચ વધુ ખરાબ થશે. વિશ્વના પ્રાચિનતમ વ્યવસાયમાં રાચતા ગ્રાહક સાથેના સંબંધો પાછળ રહેલા કારણો એટલા સંકુલ છે કે કાયદામાં તેને બાંધતી વખતે ખુબ સાવચેત રહેવું જરૂરી છે.

દેહવિક્રય વ્યવસાય વિશેના કાયદામાં ફેરફાર કરવા માટે તૈયાર કરાયેલા સુધારાઓમાં કેટલીક પાયાની ખામીઓ જોવા મળી છે, જેમકે દેહવિક્રય એક શોષણનું સ્વરૂપ છે અને આવું 'શોષણ' કરવા ઈચ્છતા ગ્રાહકો ઊપર પોલીસ કાયદેસરની કાર્યવાહી કરી શકે છે. કાયદાની નવી જોગવાઈ મુજબ કોઈપણ ગ્રાહક રૂપિયા સિવાય ભેટ કે અન્ય કોઈ આર્થિક લાભના અવેજમાં દેહ સબંધ નક્કી કરે તો પણ ગુનેગાર ગણાશે. મહિલાએ ગ્રાહકને મફતમાં સેવા આપવી તેવો પણ છુપો અર્થ આમાંથી નીકળે ખરો. પ્રસ્તાવિત સુધારામાં બીજી બાબત એવી છે કે દેહ સંબંધ બાંધનાર ગ્રાહકને પણ મહિલાને આ વ્યવસાયમાં ધકેલવા બદલ ગુનેગાર ગણવો. પરિણામે માનવી પાસે અનૈતિક કૃત્ય કરાવવાની સ્પષ્ટ વ્યાખ્યા કાયદામાં નહીં હોવાથી દેહવિક્રયના કેસમાં આવો સુધારો ગ્રાહકને ખુબ ભારે પડી શકે છે. સેક્સ વર્કરની કમાણી ઊપર આધારિત હોય તેવા બાળકો સહિતના કુટુંબીજનો ને ઘરમાંથી હાંકી કાઢવા ઉપરાંત તેમની સામે ગુનો દાખલ કરવાની વાત પણ નવા પ્રસ્તાવિત સુધારામાં છે. દેહવિક્રયની સેવા પ્રદાન કરતી મહિલાની હાલત આ તમામ સુધારાઓને કારણે વધુ બગડી શકે છે તેનો બહુ ઓછા સમાજ સેવકોને ખ્યાલ છે. દેહવિક્રય પ્રવૃત્તિ સ્વયં ગેરકાયદેસર કૃત્ય હોય તો મજબુરીથી આ વ્યવસાયમાં ફસાયેલી મહિલાની પરિસ્થિતિ શું થાય ? લોહીના વેપારમાં સ્વઈચ્છાનું તત્વ અંશભર પણ હોતું નથી તે સત્ય બધા જાણે છે, પછી કાયદામાં સુધારા કરતી વખતે તેને ધ્યાનમાં ન લઈ શકાય ? હકીકતે આ કાયદો ઘડવાનો હેતુ લોહીનો વેપાર ઘટાડવાનો હતો, દુષણને નાથવાનો હતો પરંતુ સુધારાનો હેતુ અજાણતા મહિલાને રંજાડવાનો હોય તેવું લાગે છે.

શોષણના આધારે થતો માનવીઓ કે તેમની મજબુરીનો ઉપયોગ કરી લેવાતી સેવાઓને સંયુક્ત રાષ્ટ્ર સંઘ ના ઘોષણા પત્રમાં ગેરકાયદેસર

(લેખક સેન્ટર ફોર ફેમિનિસ્ટ લીગલ રિસર્ચના અધ્યક્ષ છે.)

ગણાવવામાં આવી છે. તે ઘોષણા માત્ર દેહવિક્રય પ્રવૃત્તિ માટે નથી, તેમાં સંમતિજન્ય દેહસંબંધને ગુનો ગણવામાં આવ્યો નથી. આજીવિકાની તલાશમાં ભટકતા શ્રમિકોનું શોષણ સંગઠીત સ્વરૂપે થતું રોકવા માટે આ પ્રોટોકોલ ઘડવામાં આવ્યો હતો. જેમાં માનવીના તમામ પ્રકારના શોષણનો નિષેધ કરવામાં આવેલો છે. સભ્ય રાષ્ટ્રો વચ્ચે શ્રમિકોના આદાન પ્રદાનની પ્રવૃત્તિ કાયદેસરની બનાવી અર્ધકુશળ કે બિનકુશળ શ્રમિકો માટે કાયદેસર પ્રવેશ અસંભવ બનાવી તેમને ગેરકાયદે અન્ય દેશમાં ઘુસાડવાની પ્રવૃત્તિ કરતી સિન્ડીકેટને રોકવાનો છે.ઈમિગ્રેશન કાયદા સરળ રહે તો શ્રમિકનું કાયદેસર ધોરણે થતું સ્થળાંતર શોષણરહિત આપોઆપ બનશે. કાયદેસરના પ્રવેશ માર્ગ બંધ રાખતા દેશો માનવ તસ્કરીની દ્રષ્ટિએ વિચારતા થાય તે માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા આવો પ્રોટોકોલ ઘડવામાં આવેલો, તેમાં દેહસબંધ દ્વારા સેવા અને નાણાંનો વિનિમય થતો હોય તેવા વ્યવહારની ક્યાંય વાત નથી. ભારતમાં દેહવિક્રય ઉપર વણવિચાર્યો કાયદો સુધારવા આગળ વધી રહેલા લોકોએ સમગ્ર બાબતને મહિલાના અધિકારોની દ્રષ્ટિએ ફેરવચાર કરવાની જરૂર છે.

અનૈતિક પ્રવૃત્તિનું નિવારણ કરવા ઘડાયેલા કાયદામાં ફેરફાર કરવા માટે તાજેતરમાં ઘડાયેલા સુધારા પ્રસ્તાવો શરીર સબંધ વિશેના ભારતીય ખ્યાલો ઉપર આધારિત છે, થોડા જુનવાણી ગણાય તેવી ધારણા ઉપર રચાયા હોય તેવું લાગે છે.

પ્રસ્તાવિત સુધારાઓમાં લોહીનો વેપાર રોકવાની કે મહિલાનું રક્ષણ થાય તેવી કોઇ વાત નથી. દેહસબંધની રૂઢિચૂસ્ત માન્યતા ઉપર રચાયેલા આ સુધારા ભારતીય સાંસ્કૃતિક મૂલ્યો વિશે પ્રચલિત ધારણા પ્રમાણે સ્ત્રી-પુરૂષ વચ્ચે રચાતા શરીર સબંધની ઘટનાને મૂલ્યહિન બાબત સમજે છે. શાળામાં જાતિય શિક્ષણ આપવા તૈયાર કરાયેલી સામગ્રીમાંથી કેટલાક દ્રશ્યો કાઢી નાંખવાની બાબતમાં પણ રૂઢિચૂસ્ત ધારણાના દર્શન થાય છે. ગ્રાહકને ગુનેગાર ગણતો સુધારો કાયદો બને તો દેહવિક્રયનો સમગ્ર વ્યવસાય ભૂગર્ભમાં ચાલ્યો જશે. પરિણામે આ કાર્યમાં પડેલી સ્ત્રીઓની હાલત વધુ ખરાબ થશે, શોષણની શક્યતા પણ વધશે. દેહવિક્રયના બંને પક્ષકારોને કાયદેસરની કાર્યવાહીમાંથી જમાં કરવા બદલ પોલીસને સારી એવી કમાણી થાય તેવી તક કાયદો સુધારો એટલે ઉભી થવાની છે. આબરૂની બીકે નાણાં ઢીલા કરવાની મજબુરી ગ્રાહકને વેઠવી પડશે ત્રીજી બાબત, દેહવ્યવસાય ભૂગર્ભમાં ચાલ્યો જાય તો એચઆઈવી/એઈડ્સના ચેપને ફેલાતો અટકાવવા માટે ચાલતી ઝુંબેશને મોટો ફટકો પડશે. એઈડ્સનો ફેલાવો રોકવા માટે સમાજના કયા વર્ગની પ્રવૃત્તિ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું તેની સમજ પડશે નહીં. એચ.આઈ.વી. ચેપનો પ્રચાર થવાની ગતિ ભારતમાં વિશ્વની તુલનાએ ખુબ વધુ છે અને પરણિત અને બહુપુરુષગામી મહિલાઓમાં તે ઝડપથી ફેલાઇ રહ્યો હોવાના પ્રમાણ મળ્યા છે. આ પરિસ્થિતિમાં એચ.આઇ.વી. વાયરસનો ચેપ ફેલાવવા માટે જવાબદાર પ્રવૃત્તિને ગેરકાયદેસર જાહેર કરી તેને ભૂગર્ભમાં ધકેલવાની વાત લાખો નિર્દોષ નાગરિકો માટે પરોક્ષ રીતે મોંઘી સાબીત થશે તેનો વિચાર થવો જોઇએ ગ્રાહકને ગુનેગાર ગણવાનું દ્રષ્ટાંત પ્રસ્તાવિત સુધારાઓમાં સ્વીડનના કાયદાની નકલ છે, પરંતુ સ્વીડનમાં દેહવિક્રય કરતી મહિલાઓને શેરીઓમાંથી હાંકી કાઢવાથી કોઇ અર્થ સર્યો નથી. ઉલટું શરીર સબંધનો ધંદો ફૂલ્યો ફાલ્યો છે. આ વ્યવસાયમાં પડેલી મહિલાઓના હક્ક તથા ફરિયાદ નિવારણની કાનુની વ્યવસ્થા છીનવાઇ જતા સ્વીડનમાં એચ.આઇ.વી. એઇડ્સનો ફેલાવો થતો રોકવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. ચેપનો પ્રસાર અટકે તે માટે કયા વર્ગ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું તે જાણવું સ્વીડનમાં અસંભવ બની ગયું છે.

કલકત્તાનો સોનાગાછી સેક્સ વર્કર્સ પ્રોજેક્ટ એચ.આઇ.વી. પ્રસારનો દર ઘટાડવામાં સફળ રહેવાની સાથે વધુ બાળકોને તસ્કરીનો ભોગ બનતા અટકાવવામાં સેક્સવર્કરની ભાગીદારીને લીધે સફળ રહ્યો હોવાથી તેને આદર્શ મોડેલ ગણી તેને અન્ય શહેરોમાં લાગુ પાડવાનું કામ ચાલે છે. તામિલનાડુ તથા આંધ્રપ્રદેશમાં ચાલતા આ પ્રકારના પ્રોજેક્ટ હેઠળ દેહસંબંધ બાંધતી વખતે કોન્ડોમનો ઉપયોગ કરવાની અનિવાર્યતાનો પ્રચાર મહિલાઓમાં સફળ રહેતા ત્યાં એચ.આઇ.વી. ચેપ ઘટ્યો હોવાનું નોંધાયું છે. આવા પ્રચારને કારણે મહિલાઓ કોન્ડોમના ઉપયોગ અંગે ગ્રાહક પાસે આગ્રહ રાખતી થઇ છે. તથા સલામત શરીર સબંધ બાંધવાની પધ્ધતિ શીખવા જેટલી જાગૃત બની છે.

દુર્ભાગ્યે, પ્રસ્તાવિત સુધારાઓ દેહસંબંધની સેવા પ્રદાન કરતા એક બહોળો સામાજિક વર્ગના અધિકારોની અવગણના કરતા હોય તેવી છાપ પડે છે.

*(અનુસંધાન પાના નં. ૧૮ ઉપર)*

# અનૈતિક હેરફેર પ્રતિબંધક ધારો ITPA માં સુધારા, શું તે વાસ્તવિક સમસ્યાને સ્પર્શસે ખરા ?

ભારતી ઘનશ્યામ

*સમગ્ર વિશ્વમાં દેહનો વેપાર એ સદીઓથી ચાલ્યો આવે છે. અને ભારત પણ તેમાં અપવાદ નથી લોકો તેને ઈચ્છે છે, પણ જાહેરમાં નીંદા કરે છે. તેનો ઉપયોગ કરે છે, પણ તેનો વિરોધ કરે છે, તેને જરૂરી સમજે છે પણ બતાવે છે જુદું. ટૂંકમાં માનવી જીવન આ પૃથ્વી ઉપર આવ્યું ત્યારથી તે અસ્તીત્વ ધરાવે છે અને ભવિષ્યમાં પણ તે એક અથવા બીજા સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવાનો છે આથીજ તે કાનૂની છે કે ગેરકાયદેસર ? સાચો છે કે ખોટો, નૈતિક છે કે અનૈતિક આ સંઘર્ષ ચાલી રહ્યો છે.*

"મને એ વાતનો ગર્વ છે કે હું આત્મનિર્ભર છું. જીવનનિર્વાહ કરવા માટે મેં દેહનો વેપાર કરવાનો નિર્ણય લીધો છે અને સમાજને આ અંગે પ્રશ્ન પૂછવાનો અધિકાર નથી. આ તબક્કે અમે સમાજમાં શી ભૂમિકા ભજવીએ છીએ તે લોકોને જણાવવા ઇચ્છુ છું. જાતીય ઇચ્છા શક્તિશાળી હોય છે. આવા સંજોગોમાં જેના લગ્ન થયાં નથી અથવા તો જે વ્યક્તિ પત્નીથી દૂર છે અને જાતીય અનુભવ શક્ય નથી, તો આવા સંજોગોમાં તે પોતાની ઇચ્છા સંતોષવા શું કરે ? શું આવા સંજોગોમાં તેની આસપાસની સ્ત્રીઓ ભોગ બનવાની શક્યતા નથી ? શું તેમની સલામતી સામે જોખમ ઊભું નહી થાય ? આ ધંધામાં જોડાયેલા અમારા જેવા પૈકી ઘણા લોકો સ્વેચ્છાથી નહીં પણ ફરજ પડવાથી જોડાયા છીએ. આ કાર્ય વધુ મુશ્કેલ બનાવવાના બદલે અમારૂં કાર્ય અવરોધ વિનાનું બને તે હેતુથી સરકારે ઉપાયો શોધી કાઢવા જોઇએ. અથવા તો અમારાં માંથી દરેક જણ સરળતાથી જીવન જીવવા કમાઇ શકે તેવા વૈકલ્પિક ઉપાયો શોધવા જોઇએ." બેંગલોર ખાતેની સેક્સ વર્કરો માટેની સંસ્થા - સ્વાતિ મહિલા સંઘના- ફિલ્ડ ઓપરેશન મનેજર આર. પુષ્પલતા

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના મહિલા અને બાળ કલ્યાણ વિભાગે અનૈતિક હેરફેર પ્રતિબંધ ધારો -૧૯૫૬(ITPA) માં સુધારા સૂચવતી દરખાસ્ત તાજેતરમાં રજૂ કરી છે. આ સૂચિત સુધારાના હેતુ અંગે વિધીવત સ્પષ્ટતાઓ કરવામાં આવી નથી. આમ છતા, દેહના વેપાર માટે માનવીઓની ગેરકાયદેસર રીતે થતી હેરફેર રોકવા માટે વર્તમાન કાનૂની માળખું અપુરતું હોવાથી આ હેતુથી જરૂરી પ્રતિભાવ આપવા તેમાં સુધારા જરૂરી બન્યા એવું માનવાને પુરતા કારણો છે.

સેક્સ વર્કરોની સ્થિતિમાં સુધારો લાવવા સમાજનો જે વર્ગ અને સેક્સ વર્કરોના સમુદાય તરફથી આ સૂચિત સુધારાઓ અંગે સાવચેતીનો અભિગમ દર્શાવાયો. તેમનું માનવું એવું છે કે સૂચિત સુધારાના કારણે માનવીઓની ગેર કાયદેસર હેરફેરની સમસ્યા. ઉકેલાવાના બદલે, આવા સુધારાના અમલથી સેક્સ-વર્કરોના જીવન-નિર્વાહ ઉપર નકારાત્મક પરિણામો વધુ થશે. આના કારણે સેક્સ-વર્કરોમાં HIVના પ્રસારને રોકવાના કાર્યક્રમમાં પણ અવરોધ ઊભો થઇ શકે છે.

### Dichotomy - અર્થાત વિભાજન

સુધારા અંગેના વિધેયકમાં દ્વિભાજન સ્પષ્ટ રીતે જોઇ શકાય છે. એક તરફ આ સુધારા કલમ-૮ ને કાઢી નાખવાનું સૂચન કરે છે. આ કલમ અંતર્ગત જાતીય સંબંધ માટે પ્રસ્તાવ મૂકનારને દંડવાની જોગવાઇ છે. સુધારા કલમ-૮ના સ્થાને કલમ-૫ સીને ઉમેરવાનું સૂચન કરે છે. કલમ-૫સી માં જે જાતીય સંબંધની ખરીદી કરે છે, તેને દંડવાનું સૂચવ્યુ છે. પ્રસ્તાવ મૂકનારને દંડવાની જોગવાઇને દૂર કરવાના સૂચનને

(લેખક વિકાસલક્ષી લેખન કરનાર સ્વતંત્ર પત્રકાર છે.)

સેક્સ-વર્કરો જરૂર આવકારે છે. પણ સાથે સાથે સજા થવાની બીકે જો ગ્રાહકો નજીક આવવાનું છેડી દે, તો સેક્સ વર્કરે જીવન-નિર્વાહ માટે શું કરવું તેવો પ્રશ્ન પણ કરે છે. આ વિધેયકને ફરીથી ચકાસી જવા મંત્રીઓના જૂથને તે રીફર કરવામાં આવ્યું છે.

ધારાશાસ્ત્રી અને ડાયરેક્ટર ઓફ લૉયર્સ શ્રી આનંદ ગ્રોવર જણાવે છે કે ગ્રાહકને દંડવાની નીતિ હાલમાં અસ્તિત્વ ધરાવતી કાનૂની નીતિ સાથે સુસંગત નથી. ITPA માં જણાવ્યા મુજબ દેહના વેપારથી નફો મેળવનારને સજા કરવા ઉપર ભાર મૂકાયો છે. સૂચિત ફેરફાર જેમાં ગ્રહકોને સજા કરવાની જોગવાઇ છે એ સ્વીડનના સેક્સ વર્કર અંગેના કાયદાને મળતો આવે છે.ત્યાં પણ જાતીય સુખ આપનાર નહી પણ તે ખરીદનારને દંડવાની જોગવાઇ છે. આ પ્રકારના પ્રતિબંધાત્મક ઉપાયો સેક્સવર્કરનું રક્ષણ કરવામાં નીષ્ફળ ગયાં છે. આ પ્રકારના કાયદાના લીધે પોલીસની ધરપકડથી બચવા ગ્રાહકો સેક્સ વર્કરને ભૂગર્ભમાં અર્થાત અપ્રગટ રીતે કામ કરવા કહે છે. આ પરિસ્થિતીમાં સેક્સ વર્કરોએ તેમની કાર્ય કરવાની પરિસ્થિતી ઉપરનું અને તેના પરિણામો પરનું નિયંત્રણ ગૂમાવ્યું હોવાથી તેઓ હિંસા, શોષણ, STD અને HIV ના ઇન્ફેક્શનનો ભોગ બને છે. એવું ધારાશાસ્ત્રીઓના HIV/AID યુનિટના તૃપ્તિ ટંડન જણાવે છે.

કલમ-૫-સીના કારણે HIV પ્રતિબંધાત્મક કાર્યક્રમ ઉપર મોટી અસર થવાની સંભાવના છે. પુષ્પલતાએ જણાવ્યું છે કે જો કલમ-૫સી ઉમેરાશે તો ધરપકડ થવાના ડરે ગ્રાહકો અમારા સુધી આવતા ગભરાશે આવા સંજોગોમાં ઘટી ગયેલા અને ઓછા ગ્રાહકો ઉપર નિરોધનો ઉપયોગ કરવા દબાણ કરવું શક્ય બનશે નહી. અને આના પરિણામે અસલામત જાતીય સંબંધોથી HIV ના ચેપનો ભય વધી જવાની શક્યતા વધશે.

જો દેહનો વેપારનો વ્યવસાય અપ્રકટ રીતે ચાલવા લાગશે તો તેના કારણે નિરોધના ઉપયોગ માટે દબાણ વધારનારા કાર્યકરોને સેક્સ વર્કરો અને તેમના ગ્રાહકોનો સંપર્ક સાધવો શક્ય બનશે નહી એવીજ રીતે સારવારને પ્રોત્સાહન આપવામાં પણ નિષ્ફળતા મળશે.

**સેકસવર્ક અંગેના વલણોને સમજવાનો પ્રયાસ**

સમગ્ર વિશ્વમાં દેહનો વેપાર એ સદીઓથી ચાલ્યો આવે છે. અને ભારત પણ તેમાં અપવાદ નથી લોકો તેને ઇચ્છે છે, પણ જાહેરમાં નીંદા કરે છે. તેનો ઉપયોગ કરે છે, પણ તેનો વિરોધ કરે છે, તેને જરૂરી સમજે છે પણ બતાવે છે જુદું. ટૂકમાં માનવી જીવન આ પૃથ્વી ઉપર આવ્યું ત્યારથી તે અસ્તીત્વ ધરાવે છે અને ભવિષ્યમાં પણ તે એક અથવા બીજા સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવાનો છે આથીજ તે કાનૂની છે કે ગેરકાયદેસર ? સાચો છે કે ખોટો, નૈતિક છે કે અનૈતિક આ સંઘર્ષ ચાલી રહ્યો છે.

**દેહનો વેપાર-જીવન નિર્વાહ તરીકે**

એ પણ સ્વીકારાયેલું સત્ય છે કે દેહનો વેપાર એવી હજારો સ્ત્રીઓને આવકનું સાધન પુરૂં પાડે છે, જેના અભાવમાં શિક્ષણના ઓછા સ્તરને કારણે સંબંધીત સ્ત્રીઓને આવક મેળવવી કપરી બની શકે તેમ છે. ખાસ કરીને ભારતમાં અને એ પણ ગ્રામીણ વિસ્તારોમાં આવા વ્યવસાયમાં જોડાયેલી સ્ત્રીઓમાં આવક ઊભી કરવાની કુશળતાનો અભાવ હોવાથી - આમ થઇ શકે છે.

૫ મી નવેમ્બર ૨૦૦૭ના રોજ નવી દિલ્હીની શ્યામતા નટરાજને લખેલ " ITPA સુધારા : પુરાવા આધારીત અભિગમ" આ પેપરમાંથી કેટલાક અવતરણો, તોફાની તત્વો અને પોલીસ દ્વારા થતી કનડગત, હિંસા, આવા કારણો પણ સ્ત્રીઓને દેહના વેપારમાં લાવવા જવાબદાર છે. આ ઉપરાંત ગરીબી, પતિ દ્વારા ત્યાગ કરાતા અને જાતીય સતામણીનો ભોગ બનેલી સ્ત્રીઓ પણ આ માર્ગ ઉપર આગળ વધે છે. આ પ્રકારના વ્યવસાયમાં ઘણી સમસ્યા હોવા છતા એકવાર કોઇ સ્ત્રી આ વ્યવસાયમાં આવી ગયા પછી તે દેહના વેપારનો વ્યવસાય ચાલુ રાખે છે. જેના બે કારણો છે.

(૧) સંગઠીત ક્ષેત્રમાં કામ કરવા માટે તેમની પાસે કુશળતા હોતી નથી અને દૈનિક શ્રમના અન્ય સાધનોની સરખામણીએ આ વ્યવસાય તેમને વધુ આવક રળી આપે છે. આ રીતે તે તેમના કુટુંબને ટકાવવામાં મદદરૂપ બને છે. કેટલાક કિસ્સાઓમાં બીજા સ્ત્રોતોમાંથી થતી આવકની પૂરક આવક તરીકે સ્ત્રીઓ આ વ્યવસાયનો ઉપયોગ કરે છે.

(૨) દેહના વેપાર અંગે સમાજમાં જે અભિગમ છે તે એવો છે કે જો આવી સ્ત્રીઓને વૈકલ્પિક આવક મેળવી આપતો વ્યવસાય મળે તો પણ જે ક્ષેત્રે તેને રોજગારી આપનાર વ્યક્તિને આ સ્ત્રી પાછલા જીવનની માહિતી મળતાજ તે તેને બરતરફ કરે અથવા તો જાતીય સંતોષ મેળવવાનો

પ્રયાસ કરે. આમ સબંધીત સ્ત્રી માટે બન્ને પરિસ્થીતી વિજય વગરની પરિસ્થીતી બની રહે છે.

આ સમગ્ર પરિસ્થિતીની સૌથી મહત્વની બાબત એ છે કે આ વ્યવસાયમાં સંકળાયેલી સ્ત્રીઓ પૈકી મોટા પ્રમાણમાં સ્ત્રીઓ એવી છે કે તે તેમના કુટુંબની જાણમાં આ વ્યવસાયમાં કાર્યરત છે.મહિલાઓ માટેના રાષ્ટ્રીય પંચે ૧૯૯૭માં તમીલનાડુમાં આવી ૨૦૦ સ્ત્રીઓનો સર્વે કર્યો હતો, જેના તારણો જણાવે છે કે,

- ૫૦% સ્ત્રીઓ તેમના કુટુંબમાં જાતીય શોષણનો ભોગ બન્યા બાદ ભાગી આવેલી હતી.
- ૬૦% મહિલાઓ તેમના કુટુંબીજનોની જાણમાં આ વ્યવસાય કરતી હતી.
- ૪૦% સ્ત્રીઓ ઉચ્ચતર માધ્યમિક કક્ષા સુધી શિક્ષણ લીધું હતું, પણ રોજગારીની તકોના અભાવમાં આ કાર્ય સ્વીકાર્યું.
- ૫૦% મહિલાઓએ પતિ દ્વારા ત્યાગ કરાયા બાદ આ વ્યવસાય સ્વીકાર્યો.
- ૬૩.૩% સ્ત્રીઓ અન્ય કાર્યો જેવાકે, ફૂલોનો વેપાર, અન્નનો વેપાર, કૃષિક્ષેત્રે કામ, અને ઘરકામ વગેરે સાથે આ વ્યવસાયમાં જોડાયેલી હતી.

આ સર્વેમાં એવું પણ જોવા મળ્યું હતું કે આ મહિલાઓ ઉપર બાળકો આધારીત હતા તેમજ ગ્રામીણ વિસ્તારમાં ગરીબ પરિવારોની પાશ્વભૂમિકા ધરાવતી હતી. આ ઉપરાંત પિયર અને સાસરીયા પક્ષના કુટુંબોની જવાબદારી પણ તેમના શિરે હતી. આ વ્યવસાયમાં જોડાયેલી સ્ત્રીઓમાં અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતી અને પછાત વર્ગોની સ્ત્રીઓની સંખ્યા વધારે હતી.

**કાયદો શું કહે છે**

ITPA કાયદાની જોગવાઇ મુજબ તે દેહના વેપારને દોષીત ગણતો નથી પણ તેને લગતી વેપારી ધોરણે અપવાનાવી પ્રવૃત્તીને સજાની જોગવાઇ ધરાવે છે. મે ૨૦૦૬માં, મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલયે અનૈતિક હેરફેર પ્રતિબંધાત્મક ધારો સુધારા વિધેયક. ૨૦૦૬ સંસદમાં રજૂ કર્યું.

કલમ ૫-સી નો ઉમેરો કરી આ કાયદમાં પ્રથમવાર જે વ્યક્તિ જાતીય આનંદ માટે ચૂકવણી કરે અથવા ચૂકવણી કરવાની ઓફર કરે તેને સજા સૂચવાઇ છે. દેહના વેપારમાં સંડોવાયેલી બધીજ સ્ત્રીઓને બળજબરી પૂર્વક આ વ્યવસાયમાં ધકેલવામાં આવી છે અને તેમની ગેરકાયદેસર રીતે હેરફેર કરાઇ હોવાની ધારણા સાથે આવો વ્યવહાર રોકવાના શુભ આશયથી આ કાયદામાં સુધારા સૂચવવામાં આવ્યા છે.

પણ આ અંગોના અભ્યાસો દર્શાવે છે કે આ પૈકી મોટાભાગની સ્ત્રીઓને આ વ્યવસાયમાં બળજબરીપૂર્વક ધકેલવામાં આવી નથી.

સેક્સવર્કરો સાથેની વાતચીત વાસ્તવમાં બીજી વાસ્તવિકતા તરફ ધ્યાન દોરે છે. જેમ પુષ્પલતા જણાવે છે કે "અમારા પૈકી ઘણી ઓછી સ્ત્રીઓને ગેરકાયદેસર હેરફેર દ્વારા લાવીને બળજબરી પૂર્વક આ વ્યવસાયમાં ધકેલવામાં આવી છે. જ્યારે બાકીની બધી પોતાની ઇચ્છાથી આ વ્યવસાયમાં આવી છે."

આ ધારમાં સૂચિત સુધારાઓમાં દેહના વેપાર ક્ષેત્ર સાથે લોકોની અનૈતિક ગેરકાયદેસર હેરફેરની બાબતજ વણી લેવાઇ છે. એ બાબત પણ ધ્યાનમાં લેવાવી જોઇએ કે આ બાબત જુદાં-જુદાં સ્વરૂપે થાય છે. આથીજ આ બાબતે, કોની હેરફેર થાય છે, તેનું ચાલકબળ કયું ? અને દોષ કોને આપવો જોઇએ, આ બાબતે સ્પષ્ટતા લાવ્યા વિના આ મુદ્દે અપેક્ષિત પરિવર્તન લાવી શકાશે નહી. કદાચ આમ થવા માટે સંપૂર્ણ ધારાને ફરીથી ઘડવો અથવા તેમાં ધરમૂળથી ફેરફાર જરૂરી છે. માત્ર પ્રવર્તમાન કાયદાની કેટલીક કલમોમાંજ ફેરફાર કરવાથી આ બાબત ઉપરછલ્લી બનવાની અથવા તેમાં નકારાત્મક પરિણામો સેક્સવર્કરોના જીવનનિર્વાહ ઉપર થવાની શક્યતા છે. આમ, થવાથી મૂળ પ્રશ્ન યથાસ્થાને જ રહેશે. વ્યક્તિઓની હેરફેરનો મુદ્દો દેહના વેપાર સાથે સંકળાયેલો હોવા છતાં આ મુદે સર્વગ્રાહી વલણ અપનાવવું જરૂરી છે.

આ ચર્ચા પરથી એટલુંજ ફલિત થાય છે કે તેના લીધે હેરફેર અંગેની ચર્ચા શરૂ કરવાની તક ઉભી થઇ છે અને આ હેરફેરમાં દેહના વેપારક્ષેત્રની હેરફેર એક હિસ્સો માત્ર છે. આ મુદ્દાની ગંભીરતા અને તેની અસરો અંગે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ સભાનતા વધી રહી છે. આના પગલે માનવીઓની ખાસ કરીને બાળકો અને સ્ત્રીઓની ગેરકાયદેસર થતી હેરફેરને રોકવા, અંકૂશમાં લેવા અને સબંધીત કસૂરવારોને સજા કરવા એક પ્રોટોકોલ ઘડવા વિચારણા થઇ છે. જે હેરફેરની

• આ પેપર HIV પ્રતિબંધ ક્ષેત્રે ૧૯૯૦થી કાર્યરત એવી ૮ ભારતીય CBO અને NGO ના સંકલન-સર્વોજના દ્વારા રજૂ કરાયું છે.

વધુ વ્યાપક વ્યાખ્યા અને સંયુક્ત રાષ્ટ્રસંઘની આંતરદેશીય સંગઠીત ગુના ૨૦૦૦નાં સંમેલનને પૂરક થશે,

આમ, માનવીને હેરફેર આ વ્યાખ્યામાં માત્ર દેહના વેપાર હેતુથી કરાતી માનવીની અનૈતિક હેરફેરનો નહી પણ ઘરકામ માટે અથવા જોખમી ઉદ્યોગો માટે બાળકોની કરાતી હેરફેરને પણ તેમાં આવરી લેવાઇ છે. આ અંગેની કલમ ૩-એમાં શોષણ હેતુથી, એક વ્યક્તિના પ્રભુત્વ હેઠળની વ્યક્તિની લાભ અથવા નાણાં મેળવવા અથવા આપવા મેળવાયેલી સંમતી એવીજ રીતે છેતરપિંડી, અપહરણ, ધાક ધમકી અથવા ભયના બીકે કોઇ વ્યક્તિની કરાયેલી હેરફેર તેમનું હસ્તાંતરણ, એક સ્થળેથી બીજા સ્થળે ખસેડવું વગેરે બાબતોને વ્યક્તિઓની હેરફેર વ્યાખ્યામાં આવરી લેવાઇ છે. શોષણમાં- રૂપજીવીનીનું શોષણ અથવા બીજા સ્વરૂપે જાતીય શોષણ, બળજબરીથી મજૂરીમાં જોડાવું, ગુલામી, સેવા કે અન્ય કોઇ પ્રકારની ગુલામી, અવયવો કાઢી લેવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

આ બધી વ્યાખ્યાઓને ધ્યાનમાં લેતાં હેરફેર અંગેનો કાયદો ઘડતી વખતે સેક્સ-વર્કને "માનવીની હેરફેર" ના એક ભાગ રૂપે ગણવો કદાચ યોગ્ય ગણાશે. ભારતે વર્ષ ૨૦૦૨ના આ પ્રોટોકોલ ઉપર હસ્તાક્ષર કર્યા છે. આનો અર્થ એ પણ થાય છે કે ભારતે એ સંમેલનની જોગવાઇઓને અમલમાં મૂકવાની વાતનો સ્વીકાર કર્યો છે. જો કે ITPA ધારામાં સૂચવાયેલી દરખાસ્તો "હેરફેર" ના મુદ્દાને માત્ર દેહના વેપારને પુરતો સીમિત રાખવાના બદલે બધાજ અન્ય પ્રકારોને સમાવી લેતી નથી. અને આ બાબતે ગંભીર વિચારણાની જરૂર છે.

(અનુસંધાન પાના નં ૧૪ થી શરૂ)

લોહીનો વેપાર કે એચ.આઇ.વી નો ચેપ બંનેનું પ્રમાણ સમાજમાં નામશેષ કરવા માટેના સંનિષ્ઠ પ્રયાસોને પેલા કાયદામાં કરવા ધારેલા સુધારાઓથી કોઇ લાભ મળવાનો નથી, ઉલટુ નુકશાન થશે. લાખો મહિલાઓના અધિકાર છીનવાશે અને તેઓનું શોષણ વધવાની સંભાવનામાં જબરજસ્ત વધારો થશે. દેહસબંધની સેવા આપવાનું કામ માત્ર આજીવિકાનો આધાર હોય તેવી મહિલાઓને સ્ત્રી તરીકેના અધિકારની રક્ષા થવી જોઇએ, સ્વચ્છ હવામાનમાં કમાણી કરવાનું સ્વાતંત્ર્ય તેમનો અધિકાર છે. જાતિય દરજ્જો, જાતિયજ્ઞાન કે સાસંકૃતિક સંદર્ભના શરતી આધાર ઊપર કોઇને અધિકાર ઉપલબ્ધ કરાવી શકાય નહીં.

પ્રસ્તાવિત સુધારાઓથી માનવીનો વેપાર, લોહીનો વેપાર કે બાળકોની દાણચોરી અટકી જવાની નથી, કારણ કે આ વેપારના મૂળમાં ગરીબી પડેલી છે. ગરીબોની મજબુરી તમામ પ્રકારની બાંધછોડ કરવા જેટલી તાકાત ધરાવે છે તે કોઇને સમજવું નથી. તવંગર દેશોમાં પડેલી તક આકર્ષણ બિંદુ હોવાથી ગેરકાયદેસર ઘુસણખોરી બંધ થવાની નથી. માનવ અસ્તિત્વને વેપારમાં દાવ ઊપર લગાડવાનો રોગ સામાજિક તથા આર્થિક બદહાલતની જણસ છે, જેનું ઔષધ કે ઊપચાર કાયદો કદી બની શકે નહીં. મહિલાઓની દાણચોરી, શોષણ તથા ગેરકૃત્ય ગણાય તેવી અનૈતિક પ્રવૃત્તિ ઊપર નજર રાખતી ગ્લોબલ એલાયન્સ સંસ્થાના તાજેતરના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે માનવીનો વેપાર રોકવા માટે જગતભરમાં લેવાઇ રહેલા પગલાં શોષિત મહિલાઓના મૂળભૂત માનવ અધિકારોનું છડેચોક હનન કરી રહ્યાં છે દેહવિક્રય વ્યવસાય બંધ કરાવવા માટે કાયદાનો કોરડો વિંઝવાને બદલે સરકાર તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા લોહીના વેપારમાં જરૂરિયાત તથા મજબુરીના કારણે ફસાઇ ચુકેલી મહિલાઓના સ્વસહાય જૂથોની રચના કરી આ ધંધામાં નવી છોકરીઓના આગમન ઉપર સામાજિક ધોરણે નિયંત્રણ રાખતી વ્યવસ્થા ગોઠવવી જોઇએ. આ ધંધામાં પડેલી મહિલાઓનો ઉપયોગ નવી મહિલાને તેમાં જોડાતી ઊગારી લેવાની વ્યવસ્થા ગોઠવવાની વાત અહીં અભિપ્રેત છે. આવા, જૂથનો ઉપયોગ એચ.આઇ.વી.ના નિયંત્રણ તથા જાગૃતિ માટે પણ થઇ શકે. ઇમિગ્રેશન તરીકે ઓળખાતી અન્ય દેશમાં કામકાજ ઉપલબ્ધ હોવાના આધારે વસવાટ માટે હાથ ધરાતી માનવ સ્થળાંતરની પ્રક્રિયા અંગેના કાયદા તમામ રાષ્ટ્રોએ એટલા ઉદાર તથા સહિષ્ણુ બનાવવા જોઇએ કે શ્રમિકોનું તકસાધુઓ શોષણ કરી શકે નહીં. અનૈતિક તથા અમાનવિય પ્રવૃત્તિમાં પડેલા નાગરિકના અધિકારોની ખેવના કરવાનો સમય આવી ગયો છે. નીતિમત્તાનું આચરણ કાયદાનો વિષય બની શકેજ નહીં.

● ● ●

# ટ્રાફિકિંગનો ભોગ બનેલી મહિલાઓ જીવનના સુખદ મોડ પર

*'અપને આપ વુમન વર્લ્ડવાઈડ' (એ એ ડબલ્યુ ડબલ્યુ) માં ૧૦૦ જેટલા કર્મચારીઓ રોજી મેળવે છે અને તેમની મદદથી ઉપરોક્ત રાજ્યોમાં આવેલા રેડલાઈટ એરિયા અને ઝૂંપડપટ્ટીઓમાં સામુદાયિક કેન્દ્રો (કોમ્યુનિટી સેન્ટર) નું સંચાલન કરે છે. આ કેન્દ્રોમાં મહિલાઓ સલામત જિંદગી જીવી શકે તે હેતુસર તેઓ જીવન નિર્વાહ કરી શકે તે મુજબનું કૌશલ્ય આપતા તાલીમ વર્ગોનું સંચાલન થાય છે. આહાર સલામતી પૂરી પાડીને માનમોભા સાથેની જિંદગી જીવી શકે તેવી વ્યક્તિનું નિર્માણ કરવા સલામત વાતાવરણ પુરું પાડવામાં આવે છે.*

એમી એવોર્ડ વિજેતા પત્રકાર રૂચિરા ગુપ્તાના દસ્તાવેજી ચલચિત્ર 'ધ સેલિંગ ઓફ ઈનોસેન્ટસ' ના નિર્માણ માટે રૂચિરા સાથે ભારે જહેમત ઉઠાવી ચૂકેલી રૂપજીવિનીના વ્યવસાયમાં ઝુકેલી ૨૨ મહિલાઓએ પાંચ વર્ષ પહેલા વર્ષ ૨૦૦૨માં 'અપને આપ વુમન વર્લ્ડવાઈડ' સંગઠન મુંબઈના રેડ-લાઈટ વિસ્તારમાં જ સ્થાપવાનો નિર્ણય કર્યો હતો. સંગઠનનો આજે મહારાષ્ટ્ર, દિલ્હી, બિહાર અને પશ્ચિમ બંગાળમાં વિસ્તાર થઈ ચૂક્યો છે. ૪૮૦૦ જેટલી મહિલા, કિશોરીઓ અને બાળકો સુધી પહોંચ ધરાવતું આ સંગઠન રેડલાઈટ વિસ્તારો અને ઝૂંપડપટ્ટીમાં પાંચ જેટલા એન્ટી-ટ્રાફિકિંગ એકમો ઉભા કરી ચુક્યું છે.

'અપને આપ વુમન વર્લ્ડવાઈડ' (એ એ ડબલ્યુ ડબલ્યુ) માં ૧૦૦ જેટલા કર્મચારીઓ રોજી મેળવે છે અને તેમની મદદથી ઉપરોક્ત રાજ્યોમાં આવેલા રેડલાઈટ એરિયા અને ઝૂંપડપટ્ટીઓમાં સામુદાયિક કેન્દ્રો (કોમ્યુનિટી સેન્ટર) નું સંચાલન કરે છે. આ કેન્દ્રોમાં મહિલાઓ સલામત જિંદગી જીવી શકે તે હેતુસર તેઓ જીવન નિર્વાહ કરી શકે તે મુજબનું કૌશલ્ય આપતા તાલીમ વર્ગોનું સંચાલન થાય છે. આહાર સલામતી પૂરી પાડીને માનમોભા સાથેની જિંદગી જીવી શકે તેવી વ્યક્તિનું નિર્માણ કરવા સલામત વાતાવરણ પુરું પાડવામાં આવે છે.

આ અંગેની માહિતી આપતાં ગુપ્તા જણાવે છે કે દિલ્હી-હરિયાણા સરહદ નજીકના નજફગઢ ખાતે અપને આપ દ્વારા એક નવો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. આ વિસ્તારમાં વસતી પેરના જાતિની સંખ્યાબંધ યુવાન મહિલાઓ અને કિશોરીઓને જીવનનિર્વાહનું સાધન મેળવવાના વિકલ્પોના અભાવ તેમજ ગરીબીને કારણે રૂપજીવિની વ્યવસાયમાં ધકેલવામાં આવતી હોય છે. આ સમુદાયની મહિલાઓ જુવાન યુવતિઓ અને બાળકો તે યોજનાના લાભાર્થીઓ છે. આ પ્રોજકટ અન્વયે મહિલાઓ અને કિશોરીઓને આવક મેળવીને પગભર થવા માટેના તાલીમ કાર્યક્રમો હાથ ધરવા ઉપરાંત ટ્રાફિકિંગને અટકાવવા તેમજ બીજી પેઢીમાં પણ રૂપજીવિની વ્યવસાયનો સડો ના પેસે તે હેતુસર બાળકોને ટ્રાફિકિંગથી દૂર રાખવા નિવાસી છાત્રાવાસ પણ ઉભું કરવામાં આવ્યું છે.

યુનાઈટેડ નેશન્સ ઓફિસ ફોર ડ્રગ્સ એન્ડ ક્રાઈમ, યુનાઈટેડ નેશન્સ ફન્ડ ફોર વુમન જીનેવા ગ્લોબલ, ધ ઓક ફાઉન્ડેશન, પશ્ચિમ બંગાળ એઈડ્સ પ્રતિબંધક અને નિયંત્રણ સંગઠન, ગ્લોબલ ટ્રાફિકિંગ ઈન પરસન્સ ઓફિસ તેમજ અમેરિકી સરકાર સહિતના સંગઠનો દ્વારા 'અપને આપ' ને ભંડોળ પ્રાપ્ત થાય છે.

સ્વૈચ્છિક સંગઠન મહિલાઓના કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી જેવા કૌશલ્ય ઉપરાંત બોલાતી અંગ્રેજી ભાષા, હિસાબ, નાના ઉદ્યોગનું સંચાલન અને વિવિધ ઉત્પાદક કોશલ્ય આપવા પ્રયાસ કરે છે. તાલીમ પ્રાપ્ત મહિલાઓ જ્વેલરી, સ્કાફ, ભરત ભરેલા થેલા અને ફાઇલ્સ સહિત હાથ બનાવટના કાગળમાંથી બનતી વસ્તુઓ બનાવતી થઇ જાય છે.

ત્યારબાદ તેમને સ્વસહાય જૂથોની રચના કરવામાં મદદ કરવામાં આવે છે. પોતાના બેન્ક ખાતાનું સંચાલન કરવાની પણ તાલીમ આપવામાં આવે છે. જૂથના હોદ્દેદારોની પસંદગી અને નાના ઉદ્યોગોનું સંચાલન કરવા અંગેની તાલીમ પામેલા આ જૂથોને ત્યારબાદ બજાર સાથે સાંકળી દેવામાં આવે છે.

દાખલા તરીકે સ્કાફ કે પછી હાથ બનાવટની ફાઇલ્સનું વેચાણ 'મેડ ફોર સર્વાઇવર્સ' ના લેબલ હેઠળ અમેરિકામાં ગુડીસ ચેઇન સ્ટોર જેવા ચેઇન સ્ટોરમાં કરવામાં આવે છે. પોતાના તમામ એન્ટી-ટ્રાફીક એકમમાં 'અપને આપ' કાનૂની શાખાની પણ સ્થાપના કરે છે. માતા અને બહેનોને 'અપને આપ' ના કાર્યક્રમોમાં ભાગ લેવાનો સમય મળી શકે તે માટે બાળકો માટે ઘોડિયાઘરની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. ટ્રાફિકિંગ કે અન્ય પ્રકારની હિંસાનો ભોગ બનેલી મહિલાઓ માટે 'અપને આપ' પ્રૌઢ શિક્ષણ વર્ગો કે પછી ધંધાદારી હિસાબ રાખવાની રીત શીખવવા માટે તાલીમ વર્ગોનું પણ આયોજન કરતી હોય છે.

**મીના ખાતુનની દાસ્તાન**

પશ્ચિમ બંગાળના એક ગામમાં જન્મેલી મીના ખાતુન માત્ર આઠ વર્ષની વય ધરાવતી હતી ત્યારે તેના પડોશીઓએ જ તેને ટ્રાફિકિંગનો ભોગ બનાવીને કટિહારમાં વેચી દીધી હતી.

મીના ખાતુન જણાવે છે કે ૧૮ વર્ષની વયે પોતાની પાંચ વર્ષની પુત્રી અને ત્રણ વર્ષના પુત્રને પાછળ મુકીને તે ભાગી છુટી હતી. " મેં વિચાર્યું હતું કે આગળ જતા પાછી આવીને તેમને મેળવી લઇશ. પરંતુ પુર્ણિયા નજીકના રેડલાઇટ એરિયામાં મારું પુનઃ ટ્રાફિકિંગ થયું હતું. બીજી વાર ભાગી છુટીને હું ફોર્બસગંજ વિસ્તારના રેડલાઇટ વિસ્તારમાં પહોંચી હતી. અને ખૂબ જ જહેમતથી મારી નાનકડી દુકાન શરૂ કરી હતી. તે પછી આજે મારી અન્ય બે પુત્રીઓ છે."

"મારા રેડ લાઇટ વિસ્તારમાં 'અપને આપ' એ કોમ્પ્યુનિટી સેન્ટર શરૂ કરતાં હું ખુબ જ ખુશ થઇ ગઇ હતી. મેં તરત જ નોંધણી કરાવી લીધી હતી. સંસ્થાના કાર્યક્રમમાં ભાગ લેતાં મને મસુરીમાં એક તાલીમ કાર્યક્રમમાં ભાગ લેવાની પણ તક મળી. મારી બીજી બે પુત્રીઓ તો 'અપને આપ' ની શાળામાં ભણવા માંડી હતી પરંતુ મારી મોટી પુત્રી વિષે હું ચિંતિત હતી. મને જેણે આ વ્યવસાયમાં ધકેલી હતી એ લોકો જ તેને પણ આ વ્યવસાયમાં ધકેલી ચૂક્યા હતા." ખાતુને તે વ્યક્તિને પોતાની મોટી પુત્રી સોંપી દેવા વિનંતીઓ પણ કરી હતી પરંતુ સફળતા નહોતી મળી.

"મેં *'અપને આપ'* ને આ વિષેની વાત કરી. અમે પોલીસનો સંપર્ક સાધ્યો. પોલીસે મારી પુત્રી રહેતી હતી તે સ્થળે દરોડો પાડીને મારી પુત્રીને બચાવી લીધી. આજે મારા તમામ બાળકો શાળામાં ભણે છે. મારા તમામ સંતાનોને વિષચક્રમાંથી બહાર કાઢવાની તક મળી તેનો મને આનંદ છે."

---

*(અનુ.પાનાનં ૨૧ પરથી શરૂ)*

જેમા MBA, MSW જેવા પદ્વીધારકો પણ હોય છે.

પ્રજવલા સંસ્થા સાથે જોડાયેલી અને થોડાક વર્ષો પહેલાં બચાવી લેવાયેલી નલિની નામની છોકરીએ જણાવ્યું હતું કે જયારે અમે કોઇ છોકરીને બચાવી લઇએ છીએ, ત્યારે તેઓ ખૂબ રડે છે. આવી છોકરીઓને હું સમજાવું છું કે મારી સાથે પણ કંઇક આવું બન્યું છે અને આવું તારી સાથે ન થાય તેવી મારી ઇચ્છા છે.

પ્રજવલા સંસ્થાના સંસ્થાપક સભ્ય ડોકટર સુનીતા જણાવે છે કે, "જે દિવસે સમાજ સ્ત્રીઓ અને બાળકોને શોષણનું સાધન તરીકે ઉપયોગમાં નહી લે, તે દિવસથી જ હું 'પ્રજવલા' સંસ્થા સમેટી લઇશ." 'પ્રજવલા' તેની કામગીરીમાં સફળ થાય તેવી આશા વ્યક્ત કરીએ.

**વિકાસને સમર્પિત**
**યોજના**
**વાંચો અને વંચાવો**

# પ્રજવલા - ઓછા હક્કવાળાં લોકો માટે આશાનું કિરણ

વી. બાલકૃષ્ણ

આંધ્રપ્રદેશના, ચિત્તૂર જિલ્લાના પિલેરૂ ગામમાં ભવાનીનો જન્મ થયો, તેના નજીકના સગાએ આપેલી ખાતરીના પગલે બાર વર્ષની ભવાનીના લગ્ન દિલ્હીમાં કામ કરતા અમર સાથે થયાં. ભવાનીએ જણાવ્યું હતું કે 'લગ્ન માટે હજી હું નાની હોવા છતાં મને એ વાતનો આનંદ હતો કે તેમણે મારા માતા-પિતાને ખૂબ પૈસા આપ્યા હતા અને અમારા લગ્નનો ખર્ચ ઉપાડી લીધો હતો. દિલ્હી પહોચ્યા બાદ રહેવાની વ્યવસ્થા થાય ત્યાં સુધી ભવાનીને તેના નજીકના સગા સાથે દિલ્હીમાં રહેવા અમરે જણાવ્યું આ નજીકના સગાનું રહેઠાણ નવી દિલ્હીના જી.બી.રોડ ઉપર આવેલ (અનીતિનું ધામ) હતું. ત્યાર બાદ ભવાનીને જાણવા મળ્યું કે ૪૫ હજાર રૂપિયાના બદલામાં તેનો સોદો થયો હતો. ભવાની આજે ૧૭ વર્ષની છે. તેને રૂપજીવીનીના વ્યવસાયમાંથી બચાવી લેવાઇ છે.અને તે HIV થી પીડિત છે. આ એક વાસ્તવિકતા છે કે નોકરી, લગ્ન, ફિલ્મમાં કામ અપાવવું, મોડેલીંગ જેવા વિવિધ કારણસર નજીકના ઓળખીતા દ્વારા હજારો યુવાન અને બાળકોના દેહના વેપાર માટે સોદાઓ થાય છે.

વર્ષ ૧૯૯૬માં હૈદરાબાદમાં રૂપજીવીનીઓના નિવાસસ્થાન એવા પ્રાચિન વિસ્તાર 'મહેબૂબ કી મહેંદી' ને ખાલી કરાવવામાં આવ્યો ત્યારે હજજારો રૂપજીવીનીઓ અચાનક સ્થાન ગૂમાવી રઝળી પડી હતી. આમ વિખેરાઇ ગયેલી મહિલાઓ પૈકી પોતાના બાળકોને આશાસ્પદ, સારું ભવિષ્ય આપવા કરાયેલી વિનંતીએ, બ્રધર જોસ વેટ્ટીર્કટીલ અને ડોકટર સુનિતા કૃષ્ણન આ બે વિચારકોને સાથે મળીને કંઇક કરવાની ઈચ્છા ઉદભવી. આ બન્નેએ બીજી પેઢીને એ માર્ગે જતી રોકવા 'પ્રજવલા' નામની સંસ્થાની રચના કરી.

અનીતિના માર્ગે લઇ જવાતા બાળકો અને સ્ત્રીઓને દેહના વેપારમાં જતા રોકવા એ પ્રજવલા સંસ્થાનો મુખ્ય હેતુ હતો. આ સંસ્થા બાળકો અને સ્ત્રીઓને જાતીય શોષણથી બચાવતા, તેમની બીજી પેઢીને આ માર્ગેથી વાળતા, બચાવવા ,તેમનું પુનર્વસન કરવું, તેમનો સામાજીક જીવનમાં ફરીથી વણી લેવા જેવા કાર્યોમાં જોડાયેલી છે. આ પ્રકારે દેહના વેપારમાંથી ઉગારી લીધેલી સ્ત્રીઓ બાળકોને રોજગાર મેળવી આપવો અથવા સ્વરોજગારીનું સાધન અપાવવું જેવા કાર્યો માટે પણ પ્રયાસ કરે છે.

માનવીઓને દેહના વેપારમાં ધકેલવા જેવા ગુનાને રોકવામા પોલીસોની ભૂમિકા પણ ઓછી આંકી શકાય નહી. UNODC (United Nations Office for Drugs and Crime )ની મદદથી આંધ્રપ્રદેશ પોલીસ વિભાગે, માનવીની અનૈતીક હેરફેર પ્રતિબંધક વિભાગની રચના કરી છે.જેમાં ખાસ તાલીમ પામેલા પોલીસ અધિકારીઓ અને સમાજજીવનના કેટલાક નાગરિકો સાથે મળીને દેહના વેપાર માટે ગેરકાયદેસર રીતે માનવીઓની થતી હેરફેર રોકીને પીડિત વ્યક્તિને બચાવી લીધેલ છે. AHTU માં પ્રજવલા એક નોડલ એજન્સીની જેમ કાર્ય કરી દેહના વેપારમાં ધકેલાતા લોકોને બચાવવામાં અને આવી કામગીરીમાંથી બચાવી લેવાયેલાઓને થાળે પાડવાની કામગીરીમાં પોલીસતંત્રને સહકાર આપે છે.

આ પ્રકારની બચાવી લેવાયેલ છોકરી જો તેના કુટુંબમાં ફરીથી જોડાવા ઈચ્છા દર્શાવે તો સ્થાનિક કાર્યકરની મદદથી તેના કુટુંબ અંગે તપાસ હાથ ધરાય છે. જો તપાસ કર્તાને લાગે કે સબંધીત છોકરી માટે કુટુંબ હવે સલામત સ્થળ નથી, તો તેને મસલતો અને સમજાવટથી સંસ્થાની સાથેજ રહેવા સમજાવવામાં આવે છે. જો કુટુંબ સલામત જગ્યા જણાય તો જે તે કુટુંબ સાથે વાતચીત હાથ ધરી સબંધીત છોકરીને ફરીથી કુટુંબ સાથે જોડવામાં આવે છે.

'પ્રજવલા' સંસ્થાની આવી કામગીરી ૨૦૦ કર્મચારીઓની અને કાર્યને સમર્પિત હિત સંભાળે છે. આનું આગવું પાસું એ છે કે આ પૈકી ૭૦% લોકો બચાવી લેવાયેલા છે જ્યારે ૩૦% કર્મચારીઓ સમાજના જુદા-જુદા વર્ગોમાંથી આવે છે.

*(અનુસંધાન પાનાનં ૨૦ ઉપર)*

(લેખક હૈદ્રાબાદમાં તેલુગુ-યોજનામાં સહતંત્રી છે.)

# વૈશ્વિક સ્તરે માનવ અધિકાર માટે ભારતીય પ્રજાનો સંઘર્ષ

રામેશ્વરી વાઘેલા

*આજે મલેશિયાના ભારતીયોને જે સમસ્યા નડે છે એ એ જ છે કે મોટા ભાગના પાસે મલેશિયાનું નાગરિકત્વ નથી અને તેના કારણે તેમને નોકરીઓ જ નથી મળતી. મલેશિયામાં ભારતીયોની વસતી ૮ ટકા છે જ્યારે રાષ્ટ્રિય સંપત્તિમાં તેમનો હિસ્સો માત્ર ૨ ટકા જ છે. બાળગુનેગારોમાં ૧૪% ભારતીયો છે. ૨૧ લાખ ભારતીયોમાંથી માંડ ૫% ગ્રેજ્યુએટ થયેલા છે. અત્યારે મલેશિયામાં સરકારી નોકરી હોય કે પછી બિઝનેશ માટેના લાઈસન્સ હોય બધામાં ભારતીયોને કોરાણે મૂકાય છે. આ નીતિ ઘણા સમયથી અમલમાં છે એટલે તેની સામે ઘૂઘવાટ તો હતોજ એમાં અચાનક ગયા મહિને મલેશિયન સરકારે હિન્દુ મંદિરો તોડવા માંડ્યા... અત્યારે ભારતીયો ત્યાં પોતાના હકો માટે દેખાવો કરે ને લડે છે. અને સરકાર તેમને દબાવવા માટે દમનનો કોરડો ઝીંક્યા કરે છે... ભારત સરકારે મલેશિયા સરકારનું ધ્યાન દોર્યું પણ મલેશિયાના શાસકો એટલા છાટકા બન્યા છે કે તેમણે ભારત સરકારને કહી દીધું કે અમારા મામલામાં દખલ કરવાની જરૂર નથી.*

૧૦ડિસેમ્બર એટલે 'માનવ અધિકારોનો જન્મ દિન' તો ચાલો એ અધિકારો વિષે થોડું જાણીએ

### ભૂમિકા

વ્યક્તિનો માનવ તરીકે જન્મ થાય ત્યારથીજ તેના કેટલાક હક્કો અથવા અધિકારો હોય એ અર્થમાં માનવ અધિકાર બાબત કદાચ માનવજાત જેટલીજ જૂની છે. સંસ્કૃતિને તમામ તબક્કે અને તમામ સમાજ વ્યવસ્થામાં માનવી કેટલીક અપેક્ષાઓ રાખે છે તે આ અપેક્ષાઓ સમાજ અને અન્ય ઘટકો અને સરકાર પાસે રાખતો હોય છે. ક્યારેક સામાજિક દબાણ હેઠળ, રાજકીય દબાણ કે દમનને કારણે કે કુદરતી પરિબળો ને કારણે માનવીએ રાખેલી અપેક્ષાઓ ફળે નહી ત્યારે તે લાચારી કે અસલામતી અનુભવે છે, અને જોર જુલમ કે શોષણનો ભોગ બને છે તે વખતે સંઘર્ષ કરે છે. આવા અનેક સંઘર્ષોમાંથી માનવ અધિકારનો સવાલ ઉભો થયો છે.

માનવ અધિકારોના ઉદ્‌ભવનું બીજું કારણ આંતરરાષ્ટ્રીય સિધ્ધાંતો અને તેની પ્રવિધિઓ છે.

### માનવ અધિકાર એટલે શું ?

વ્યક્તિના વ્યક્તિત્વના વિકાસ માટે જરૂરી સામાજિક પરિસ્થિતિઓને સામાન્ય રીતે હક્કો અથવા અધિકારો કહેવામાં આવે છે. તે વ્યક્તિનાં વિકાસમાં મહત્વનું સ્થાન ધરાવે છે. તેના વડે વ્યક્તિ પોતાનો સર્વતોમુખી વિકાસ સાધી શકે છે. દરેક વ્યક્તિની ઈચ્છાઓ અને સ્વપ્નો સાકાર કરવાનું માધ્યમ માનવ અધિકારો છે.

વિશ્વને ખૂણે ખૂણે કોઈપણ અપવાદ વગર, અલગ અલગ પ્રજાઓને એકસૂત્રથી સાંધતી કોઈ બાબત હોય તો તે છે, માનવ અધિકાર .

'માનવ અધિકારો એટલે વ્યક્તિની અને સમૂહોની આશા આકાંક્ષાઓને સાકાર કરવા તદ્દન જરૂરી હોય એવી સમાજવ્યવસ્થા'

### માનવ અધિકાર દિન ?

વિશ્વકક્ષાએ માનવ અધિકારનો સ્વીકાર બીજા વિશ્વયુધ્ધ પછી થયો. ઈ.સ ૧૯૪૮ની સાલમાં યુ.એન.ની સામાન્ય સભાએ માનવ અધિકાર અંગનું જાહેનામું મંજૂર કર્યું, તે દિવસ હતો, ઈ.સ. ૧૯૪૮ નો ૧૦મી ડિસેમ્બરનો, ત્યારથી સમગ્ર વિશ્વમાં અને ભારતમાં ૧૦મી ડિસેમ્બરના દિવસને 'માનવ અધિકાર દિન' તરીકે ઉજવવામાં આવે છે.

### વૈશ્વિક જાહેરાતનું હાર્દ

માનવ અધિકાર અંગેની ઘોષણા કે જાહેરનામાનું હાર્દ આ મુજબનું ચે. માનવ અધિકારોની ઘોષણા મનુષ્યોને ગૌરવપૂર્ણ જીવન કઇ રીતે જીવવા દેવું

(લેખક શ્રેયસ વિદ્યાલય, વડોદરામાં શિક્ષીકા છે.)

તેની નવી નિતીમત્તા શીખવે છે. આ નૂતન ધર્મ છે, જે જગતના પ્રસ્થાપિત પરંપરાગત ધર્મોથી તદ્દન પર છે. દરેક નાગરિક ગૌરવ અને અધિકારની બાબતમાં મુક્ત અને સમાન જન્મ્યો છે. તે બુધ્ધિ અને અંતર આભા ધરાવે છે. તેણે પરસ્પર માતૃભાવની ભાવના થી વ્યવહાર કરવો જોઈએ.

માનવ અધિકારો સર્વવ્યાપી અને દરેક માનવ માટે છે. સ્થળ, કાળ કે સમાજનાં બંધનોથી આ અધિકારો પર છે. માનવ અધિકારો એકબીજા ઉપર અવલંબિત છે. માનવ સમાજ અને સભ્યતાના વિકાસમાં માનવ અધિકારો અને જાળવણી પાયાની બાબતો છે. માનવીનો દરેક અધિકાર અબાધિત છે. એટલુંજ નહિ પણ બધી રીતે આ અધિકારો અવિભાજ્ય પણ છે.

માનવ અધિકારો માનવીની સાંસકૃતિક ઉત્ક્રાંતિમાં સૌથી મહત્વનું કદમ છે. માનવનું શોષણ એ અત્યંત આઘાતજનક બાબત છે. પણ આવી ઘટનાઓ કે બનાવો માનવજગતને માટે પણ શરમજનક છે. એવું આ માનવ અધિકારની ઘોષણાનું હાર્દ છે. એ અર્થમાં 'માનવ અધિકારો' માનવજાતની એક મહાન સિધ્ધિ છે અને આ માનવ અધિકારોનું રક્ષણ કરવું એ માનવજાતની વૈશ્વિક જવાબદારી છે. તે રાષ્ટ્રીય અને બંધારણીય જવાબદારી છે.

સાર્વત્રિક માનવ અધિકાર ઘોષણા મનુષ્યને હણનારી વ્યવસ્થામાંથી મનુષ્યને બહાર કાઢવાનો પ્રયાસ કરે છે.

**માનવ અધિકારના લાભ**

માનવ અધિકારથી માનવનો સંપૂર્ણ વિકાસ થાય છે. તેનાથી માનવોનું શોષણ થતું અટકે છે.તેને સલામતી મળે છે. સામાજિક દબાણમાંથી મુક્તિ મળે છે. રાજકિય દમનમાંથી છુટકારો મળે છે. મનુષ્ય લાચારી અનુભવતો નથી. જોર જુલમ સામે રક્ષણ મેળવી શકે છે. વ્યક્તિઓ કે સમૂહો પોતાની આકાંક્ષાઓ સાકાર કરી શકે છે. તેઓ સત્તા, સંપત્તિ, જ્ઞાન-સંપન્નતા અનેબીજા માનવમૂલ્યોનો યોગ્ય લાભ ઉઠાવી શકે છે. તે થકી પોતાની વ્યક્તિગત અને સામૂહિક જિંદગી સુધારવા, મઠારવા અને આગળ ધપાવવા સક્ષમ બને છે.

માનવ અધિકારને કારણેજ વ્યક્તિની ગરિમાને અને બીજાઓ તરફ સહિષ્ણુતા દાખવવાની ભાવનાને પોષણ મળે છે. માનવ અધિકારો રાજયની અને સમાજની સત્તાને અમર્યાદ બનવા ઉપર અંકુશ રાખે છે. તેથી પ્રજાને અનેક રીતે રાહતો મળે છે. રાજ્યસત્તા આપખુદ રીતે વર્તી શકતી નથી. ટૂંકમાં, માનવ પોતાનો સર્વગ્રાહી વિકાસ કરી શકે છે.

**માનવઅધિકાર**

અગાઉ જણાવ્યા અનુસાર માનવ અધિકારોની ઘોષણામાં કુલ ૩૦ કલમો છે. અને તે ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે. (૧) એક વ્યક્તિને બીજી વ્યક્તિ સાથે.(૨) વ્યક્તિઓના એક જૂથે બીજા જૂથ સાથે કે વ્યક્તિ સાથે અને (૩) મનુષ્યોએ ઊભી કરેલી કોઇ પણ સંસ્થાએ કે સંગઠને બીજી સંસ્થા, સંગઠન કે વ્યક્તિ સાથે કઇ રીતે વ્યવહાર કરેવો જોઇએ તે જણાવે છે.

**મહત્વના અધિકારો નીચે મુજબ છે.**

(૧) સ્ત્રીપુરુષ, ધર્મ, જાતિ, વંશ કે રાષ્ટ્રિયતાને આધારે થતા ભેદભાવમાંથી મુક્તિ.

(૨) અછતમાંથી મુક્તિ એટલે કે સારા જીવનધોરણની પ્રાપ્તિ.

(૩) પોતાની સુપુપ્ત શક્તિઓનો ઉપયોગ કરવાની અને તેમને વિકસાવવાની સ્વતંત્રતા.

(૪) વ્યક્તિગત સલામતી, ત્રાસ, સ્વછંદી ધરપકડ કે અન્ય હિંસક કૃત્યોના ખતરામાંથી કે ભયમાંથી મક્તિ.

(૫) અન્યાયમાંથી મુક્તિ અને કાયદાના શાસનના ભંગમાંથી મુક્ત.

(૬) વિચારો અને વાણિનું સ્વાતંત્રય તથા મંડળો રચવાનું તેમજ નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર થવાની સ્વતંત્તતા.

(૭) બધા પ્રકારનાં શોષણમાંથી મુક્તિ.

(૮) આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો.

(૯) કામ કરવાનો, શિક્ષણ-પ્રાપ્તિનો, સમાજના સાસ્કૃતિક જીવનમાં ભાગ લેવાનો તેમજ કળાઓ માણવાનો, વૈજ્ઞાનિક પ્રગતિમાં ભાગ લેવાનો અને તેના લાભો મેળવવાનો અધિકાર.

(૧૦)જીવવાનો, કાયદા સમક્ષ સમાનતાનો અને જીવની અંગતતાનો અધિકાર.

(૧૧) અન્યાયનો વિરોધ અને પ્રતિકાર કરવાનો તેમજ ન્યાય મેળવવાનો અધિકાર.

(૧૨) રાજયની પ્રવૃત્તિમાં સહભાગી થવાનો અધિકાર.

(૧૩) ગુલામી અને વેઠિયા પધ્ધતિમાંથી મુક્તિ પામવાનો અધિકાર.

(૧૪) આજીવિકા રળવાનો અને સંગઠિત થવાનો અધિકાર.

(૧૫) દરેક વ્યક્તિને મુકત રીતે હરવા ફરવાનો અને વસવાટ કરવાનો અધિકાર.

(૧૬) સ્વાસ્થ્યપૂર્ણ અને તંદુરસ્ત જીવન જીવવાની તકો અને આનંદ પ્રાપ્તિનો અધિકાર.

અગાઉ જણાવેલ ઘોષણા પત્રને આધારે વિશ્વના ૧૬૦ દેશોએ પોતાના દેશના નાગરિકોને કેટલાક અધિકારો બક્ષ્યા છે. ભારતે તેના બંધારણના ત્રીજા ભાગમાં મૂળભૂત અધિકારો તરીકે માનવ અધિકારોનું સ્થાપન કર્યું છે. આપણા બંધારણમાં માનવ અધિકારોને સવિશેષ પ્રાધાન્ય અપાયું છે.

ભારતના નાગરિકને મૂળભૂત રીતે છ અધિકારો અપાયા છે. તેમાં સમાનતાનો, સ્વાતંત્રતાનો, શોષણ વિરૂધ્ધનો, ધર્મની સ્વતંત્રતાનો, સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક્કો તેમજ બંધારણીય ઈલાજોના અધિકારોનો સમાવેશ થાય છે.

**ભારતમાં અધિકારોના રક્ષણ અંગેની જોગવાઈઓ, પગલા.**

માનવીના અધિકારો આપવામાં આવે પણ તે ભોગવવા સામે ગમે તે કારણે અંતરાયો આવે તો તેનો અર્થ રહે નહી. આમ, આપણા બંધારણમાં મૂળભૂત અધિકારોના રક્ષણ માટેની જોગવાઈ પણ છે. જો નાગરિકને અધિકારો આવામાં નહી આવે તો યા ભોગવવા દેવામાં ન આવે તો તે નાગરિક ન્યાયતંત્રનો આશરો લઈ શકે છે. આપણે વડી અદાલત કે સર્વોચ્ચ અદાલતમાં સીધા જ જઈ શકીએ છીએ અને ન્યાય માંગી શકીએ છીએ.

કોઈપણ નાગરિક પોતાના અધિકાર માટે વડી અદાલત કે સર્વોચ્ચ અદાલતનો આશરો લે ત્યારે અદાલતો જરૂરી આદેશો બહાર પાડીને તેના હકોનું રક્ષણ કરે છે.

કોઈ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર નાગરિકના મૂળભૂત અધિકારોનું અવમૂલ્યન થાય તેવો કાયદો ઘડે એવું કોઈ પગલું ભરે તો તેને રદબાતલ કરવાનો અધિકારો માટે છાપામાં છપાયેલા સમાચારોને આધારે ધારે તો આપમેળે પગલાં લઈ શકે છે.

કેન્દ્ર સરકારે ભારતીયોના રક્ષણ અને પોષણના કામ માટે ઈ.સ ૧૯૯૩માં કેન્દ્ર કક્ષાએ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની રચના કરી છે. આ પંચને વિશાળ સત્તાઓ પણ અપાઈ છે. માનવ અધિકારના ઉલ્લંઘનના મામલાઓની તપાસ કરીને ન્યાય આપવાનું ઉમદા કાર્ય કરે છે. રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં પોતાનાં માનવ અધિકાર પંચો છે.

આમ, ભારતીય બંધારણે પોતાના દેશના દરેક નાગરિક ને સમાન ગણી આ અધિકારો આપ્યા છે. ભારત વિવિધ ધર્મી દેશ છે અને આપણી સંસ્કૃતિ ને ભાતીગળ સંસ્કૃતિ કહેવાય છે. અને હંમેશા શાંતિ અને ભાઈચારાનાં સિધ્ધાંતો સાથે દેશના તમામ નાગરિકોને ‘માનવ અધિકારો’ આપ્યા છે.

**વિશ્વમાં માનવ અધિકારો માટે લડતા ભારતિયો**

૧૦ ડિસેમ્બરની ઉજવણી ભારતમાં પણ થઈ પરંતુ દેશભરમાં મહત્વનો મુદ્દો ચૂંટણીનો જ રહ્યો. આ ચૂંટણીની તાનઝાનમાં બીજુ બધું બાજુ પર મૂકાઈ ગયું છે. અને દુનિયામાં બીજે બધે શું થાય છે તેની કોઈને પણ પરવા નથી, આપણી દુનિયા ભલે વિધાનસભાની ચૂંટણી પૂરતી સીમિત થઈ ગઈ, બાકીની દુનિયા તો એની ગતિએજ ચાલે છે. અને જ્યાં મોટી મોટી ઘટનાઓ બનતીજ રહે છે. અને આવીજ એક ઘટના.. મલેશિયામાં ‘માનવ અધિકારો’ માટે લડતા ભારતિયોની છે. વર્ષોથી મલેશિયામાં રહેતા ભારતીયોની હાલત અત્યારે ખૂબજ દયાજનક છે. મલેશિયાની ૨.૬૦ કરોડની વસતીમાં ૮ ટકા એટલે કે લગભગ ૨૧ લાખ ભારતીયો છે. જે કે તેમાં પણ ૮૦ ટકા તમિલો છે એટલે કે મલેશિયામાં ભારતીય મૂળના તમિલોની વસતી લગભગ ૧૬ લાખ છે. ભારતીયોને ત્યાં લઈ જવાનું શ્રેય બ્રિટીશરોને જાય છે. વીસમી સદીની શરૂઆતમાં બ્રિટીશર્સ તેમને મજૂરી કામ માટે મલેશિયા લઈ ગયેલા. આ મજૂરો પૈકી મોટાભાગના તમિલો બગીચાઓમાં અને ખેતરોમાં કામ કરતા શ્રીલંકન તમિલો અને મલયાલીઓને ક્લાર્ક કે સુપરવાઈઝર તરીકે રખાયેલા પંજાબીઓની ભરતી પોલીસદળોમાં કરાયેલી જ્યારે ગુજરાતીઓ અને સિધીઓ ટેક્સટાઈલ્સના બિઝનેશમાં સક્રિય હતા. ભારત આઝાદ થયું ત્યારે બીજા બધા ભારતીયો પાછા આવી ગયા, પણ તમિલો ત્યાંજ રહી ગયા, તે માટે ઘણાં કારણો હતાં. એક તો એ બધા લોકો એટલા ગરીબ ને અભણ હતા કે તેમની પાસે વતન પાછા આવવા પૈસા ન હતા. બીજું એ કે આ બધા મજૂરો ગુલામીની સ્થિતિમાં હતા અને તેમના બાળકો તેમને બહાર જવા દેવા રાજી નહતા.

ઈ.સ.૧૯૫૭માં બ્રિટિશ હુકુમતમાંથી મલેશિયા આઝાદ થયું.તે વખતે મલિશિયામાં રહેનારા લોકોને ત્યાંનું નાગરિકત્વ અપાયેલું પણ ભારતીયો તેનો પણ લાભ નહોતા લઈ શક્યા કેમકે તેઓને આ બધી વાતોની ખબરજ ન હતી. અને તેમના માલિકો આ મફતિયા મજૂરો નાગરિક બનીને જીવે તેમ ઈચ્છતા ન હતા.

*(અનુસંધાન પાનાનં ૪૧ ઉપર )*

# ભારતમાં મહિલા સશક્તિકરણનું વિકાસ સોપાન આર્થિક સ્વાવલંબન-જરૂરીયાત અને પ્રગતિ

સવિતાબેન દેસાઇ

*મહિલા વિકાસ અને મહિલા સશક્તિકરણ માટે સરકાર, સરકારી વિભાગો, સરકાર દ્વારા ઉભી થયેલી સંસ્થાઓ, પંચવર્ષીય યોજનાઓ, વિશિષ્ટ કાર્યક્રમો વગેરે દ્વારા પ્રયાસો થયા છે તેમ છતાં મહિલાઓના આર્થિક દરજ્જામાં નોંધપાત્ર સુધારો થયો હોય તેવું જણાતું નથી. હજુ પણ સવિશેષ પ્રયાસો કરવાની જરૂરિયાત છે.*

**આર્થિક સ્વાવલંબન એક જરૂરિયાત**

'જ્યારે સ્ત્રીઓ આર્થિક રીતે આત્મનિર્ભર બની જશે ત્યારે તેઓ સામાજિક દ્રષ્ટિએ પુરૂષોની બરાબરી સરળતાથી પ્રાપ્ત કરી લેશે.

- જવાહરલાલ નહેરૂ

સ્ત્રી તો જીવન આપવાવાળી શક્તિ છે, માત્ર આબાદી વધારવાવાળું ઉપકરણ નથી. સ્ત્રી તો સ્વંય પ્રકૃતિ છે, પરંતુ દુઃખ એ વાતનું છે કે પ્રકૃતિના વિનાશનો પહેલો શિકાર સ્ત્રી જ બને છે. સ્ત્રી-પુરૂષ એકબીજાના જીવનસાથી છે. એક સિવાય બીજાનું સર્જન અસંભવ છે. જેવી રીતે સૃષ્ટિ સૂરજથી જ સંભવ છે તેવી જ રીતે જીવન પણ સ્ત્રીથી જ સંભવ છે. ભારતમાં સ્ત્રીઓને જો આર્થિક રીતે સધ્ધર બનાવવામાં આવે તો તેમનો સામાજિક દરજ્જો ઊંચો જશે.

સ્વ. અશોક મહેતાએ કહ્યું છે કે, "આપણે દિનપ્રતિદિન જે કંઇ આર્થિક વિકાસ સાધીએ છીએ તેને રાત્રિના ચોરની માફક વસ્તી વધારો લૂંટી લે છે." ભારતમાં ૧૯૫૧માં ૩૬ કરોડ વસ્તી હતી તે ૨૦૦૧ માં ૧૦૨ કરોડ થઇ છે. વસ્તીના ઉંચા વૃધ્ધિદરનું સહસ્ય ઓછી ઝડપથી ઘટી રહેલા જન્મદર અને વધુ ઝડપથી ઘટી ગયેલા મૃત્યુદર આ વિરોધાભાસી વાસ્તવિકતામાં રહેલું છે. વિવિધ અભ્યાસોના તારણોમાંથી એક સાર્વત્રિક મત બંધાયો છે કે સ્ત્રીઓના પ્રજનન વર્તન પર હકારાત્મક અસર સર્જવામાં એટલે કે પોતાની જિંદગીમાં મોટાભાગમાં બાળકોને જન્મ આપવાની અને બાળ ઉછેરના બંધનમાં જકડાઇ રહેવાની સ્ત્રીઓના અનિચ્છાના મૂલ્યોને દઢિભૂત કરવામાં સ્ત્રીઓમાં શિક્ષણ સ્તરની જેમ જ શ્રમ બજારમાં સ્ત્રીઓની ભાગીદારીનો દર એટલે કે નોકરી કે વ્યવસાય કરતી સ્ત્રીઓનો દર ભૂમિકા બાંધે છે.

ભારતમાં આયોજન પંચના અંદાજે ૧૯૯૯-૨૦૦૦માં શહેરી ગરીબોનું ૨૩.૬ ટકા પ્રમાણ હતું જ્યારે ગ્રામીણ ગરીબીનું પ્રમાણ ૨૭.૧ ટકા હતું. આ ગરીબોમાં ગરીબ કુટુંબના બેકાર લોકો, અલ્પવેતન, આવક મેળવનારા શ્રમજીવીઓ, હંગામી કામદારો, ભિખારીઓ, ખેતમજૂરો, સીમાંત ખેડૂતો વગેરેનો સમાવેશ થાય છે.

આવા ગરીબ કુટુંબોમાં મોટા કદ પણ ગરીબીની તીવ્રતા વધારવામાં એક પરિબળ બને છે અને ગરીબ કુટુંબોની સ્ત્રીઓને પુરૂષોની સરખામણીમાં વધુ સહન કરવું પડે છે. આવા ગરીબ કુટુંબોની ગરીબી ઘટાડી સમાજમાં સ્વમાનભેર જીવતાં રહેવાની સ્થિતિ સર્જવામાં આર્થિક રીતે પગભર થતી સ્ત્રીઓ ફાળો આપી શકે છે.

મહિલાઓને આવક આપે તેવી રોજગારી મળવાથી તેઓની જવાબદારીઓની ભૂમિકા ઉપર ઘણી સારી અસર પડી શકે છે. ભારપૂર્વક દર્શાવી શકાય કે સ્ત્રીઓનો નોકરી કે વ્યવસાયમાં વધતો દર સ્ત્રી બાળકોના જીવતા રહેવાની તકોને વધારે છે.

(લેખક શ્રીમતિ ટી.એસ.આર. કોમર્સ કોલેજ, પાટણમાં વ્યાખ્યાતા છે.)

કારણ કે સ્ત્રી બાળક અને પુરૂષ બાળકના ઉછેર, પોષણ વચ્ચેની અસમાનતા સ્ત્રી બાળકની તરફેણમાં ઘટે છે. આ બાબત ભારતમાં વર્તમાનમાં સામાજિક ચિંતા અને અસ્થિરતા સર્જનારું તથા નિતિમત્તાના મૂલ્યોને ઘટાડી શકવાની શક્યતા સર્જનારરૂ પ્રબળ પરિબળ છે તે સેક્સ રેશિઓ સુધારવામાં મદદરૂપ નીવડશે. આ હકીકત સ્પષ્ટ કરે છે કે છોકરીઓની જીવતા રહેવાની તકો ઉપર હકારાત્મક અસર પાડવી હોય તો સ્ત્રીઓને મળતી કામની, નોકરીની, વ્યવસાયની તકોમાં નોંધપાત્ર વધારો થાય તે જરૂરી છે.

ઘરની બહારના ક્ષેત્રોમાં સ્ત્રીઓની મુક્ત હેરફેર ઉપર પ્રણાલિકા, રૂઢિ, પરંપરા કે રિવાજો આધારિત નિયંત્રણો કે અંકુશો હોય છે. ભારતમાં ઘણી જ્ઞાતિઓમાં હજુ પણ છોકરીને નોકરી કરવા માટે સંમતિ આપવામાં આવતી નથી. આમ, સ્ત્રીઓને આવક પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિઓ અંગે નિર્ણય કરવાની સત્તા પુરૂષોના હાથમાં હોય છે. પરિણામે સ્ત્રી પરાવલંબી બને છે અને તે કારણે જ કુટુંબમાં અને સમાજમાં સ્ત્રીનું આત્મસન્માન કે ગૌરવ સચવાતું નથી. આ સંજોગોમાં સ્ત્રીઓ આર્થિક રીતે સશક્ત બને તે જરૂરી છે.

સમાજમાં સ્ત્રીઓ ઉપર આ અત્યાચારોની ઘટનાઓનું મૂળ કારણ ભારતીય સમાજમાં આર્થિક-સામાજિક દરજ્જાના સ્થાપિત થયેલા ક્રમમાં પુરૂષો પ્રથમ સ્થાને છે જ્યારે સ્ત્રીઓ બીજા સ્થાને છે. જો સ્ત્રીઓનો આ દરજ્જો પુરૂષની સમકક્ષ લાવવો હોય તો જે કાર્યોનું બજારમાં વિનિમય મૂલ્ય હોય અને પુરૂષોના કામના મૂલ્ય આંકવાના માપદંડો જે પ્રવૃત્તિઓને લાગુ પાડવામાં આવતા હોય તેવી પ્રવૃત્તિઓ અને કામગીરીઓમાં સ્ત્રીઓનું પ્રદાન વધે તે જરૂરી છે.

દરેક સમાજમાં સ્ત્રી-પુરૂષની ભૂમિકાઓને બહુ ચુસ્તપણે પરંપરાગત મૂલ્યો અને માન્યતાઓ પ્રમાણે વિભાજીત કરવામાં આવી છે. આ મૂલ્યો પ્રણાણે કુટુંબ માટે કમાવવાનું કામ પુરૂષ કરે છે અને કુટુંબના અન્ય કામો જેવા કે ઘર ચલાવવું, બાળજન્મ તથા ઉછેર, ઘરના વડીલોની સંભાળ રાખવી, સેવાચાકરી કરવી, મહેમાનોની આગતાસ્વાગતા કરવી વગેરે કામો સ્ત્રીઓને ફાળવવામાં આવ્યા છે. જો કે આ કાર્યવિભાજન ચુસ્ત નથી. સ્ત્રીઓને એક જૂથ તરીકે લઇએ તો લગભગ દરેક સ્ત્રી આર્થિક વળતરવાળા કામ જેવા કે ખેતી, પશુસંવર્ધન, ગૃહ ઉદ્યોગ, વેપાર જેવા કામ શરૂથી જ કરતી આવી છે. પરંતુ સ્ત્રીઓના આ કામનું સીમાંત મહત્વ ઓછુ ગણવામાં આવતુ હોવાથી સ્ત્રીઓને પ્રાપ્ત થયેલ કૌટુંબિક આવકમાંથી સ્વતંત્ર હિસ્સો રાખવાનો કે સ્વવપરાશ કરવાનો અધિકાર મળતો નથી. પરંપરાગત કૌટુંબિક પ્રવૃત્તિઓમાં કામ કરતી મહિલાઓને પ્રવૃતિ કે વ્યવસાય સંદર્ભે જરૂરી નિર્ણયો લેવાનો પણ અધિકાર નથી.

આ સંજોગોમાં સ્ત્રીઓની કૌટુંબિક પ્રણાલિકાગત વ્યવસાયોથી ભિન્ન વ્યવસાયો કે પ્રવૃત્તિઓમાં સામેલગીરી વધારવામાં આવે તો સ્ત્રીઓ આર્થિક પરાધીનતામાંથી મુક્ત થશે. આવક-મિલ્કતનો ઉપયોગ કરવા બાબતે નિર્ણય લેવાની ભૂમિકાના સ્તરે પહોંચી શકશે. આમ, સ્ત્રીનો આર્થિક દરજ્જો સુધરતાં સામાજિક દરજ્જો પણ સુધરશે. વ્યક્તિનો આર્થિક દરજ્જો તેના સામાજિક દરજ્જાની પારાશીશી ગણાય છે.

### મહિલા સશક્તિકરણ-વૈશ્વિક જાગૃતિ

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ સ્ત્રી સમાનતા અને સ્ત્રી સ્વાતંત્ર્ય આંદોલન શરૂ થયાં. ધીમે ધીમે આતંરરાષ્ટ્રીય ક્ષેત્રે ૧૯૪૫માં સંયુક્ત રાષ્ટ્રસંઘની બેઠકમાં મહિલા સશક્તિકરણ માટે પુરૂષ અને મહિલાઓને સમાન અધિકારો મળવાની વાતનો સ્વીકાર કરવામાં આવ્યો. ૧૯૪૮માં રંગ, જાતિ, લિંગના ભેદભાવ વગર સમાન અધિકાર અને સ્વાતંત્રતા આપવાનો ઠરાવ કર્યો. ૧૯૫૯માં રોજગાર અને ધંધાઓમાં લિંગભેદ સંબંધી અસમાનતા દૂર કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. ૧૯૭૫માં આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષની ઉજવણી કરવાનું નક્કી થયું. જેમાં સમાનતા, વિકાસ અને શાંતિની સાથે વિશ્વ વિકાસ કરવાનો ઉદ્દેશ હતો. સાથે મહિલાઓના દરજ્જામાં સુધારો લાવવાની કાર્યવાહી કરવાનો પ્રધાન ઉદ્દેશ ૧૯૭૫થી ૧૯૮૫ ના મહિલાદશકની ઉજવણીમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું. ૧૯૯૧માં શારિરીક, માનસિક, જાતીય સંબંધી મહિલાઓને ઈજાઓ પહોંચાડતી બાબતો રોકવા અંગે કાર્યવાહી કરવાનું સ્વીકારાયુ હતું. આર્થિક રીતે સક્રિય મહિલાઓનું પ્રમાણ ચીનમાં ૮૭ ટકા, યુ.એસ.એ માં ૭૩ ટકા, બ્રાઝિલમાં ૬૦ ટકા, જાપાનમાં ૬૦ ટકા, પાકિસ્તાનમાં ૧૩ ટકા જ્યારે ભારતમાં આ પ્રમાણ ૩૩ ટકા જેટલું છે. આમ, અન્ય દેશોની સરખામણીએ ભારતમાં આર્થિક રીતે સક્રિય મહિલાઓનું પ્રમાણ ઘણું નીચું જોવા મળે છે.

**મહિલા સશક્તિકરણ અને આયોજિત પ્રયાસો**

ભારતમાં આઝાદી બાદ બંધારણમાં બધા જ નાગરિકો માટે સામાજિક, રાજકીય આર્થિક સમાનતા તેમજ ન્યાય સુનિશ્ચિત કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ભારતમાં ૨૦૦૧ના વર્ષને 'મહિલા સશક્તિકરણ વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલયના મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા રાષ્ટ્રીય મહિલા સશક્તિકરણની નીતિ જાહેર કરવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ સ્ત્રીઓનો વિકાસ, ઉન્નતિ તથા સશક્ત કરવાનો હતો. દેશમાં ગરીબીરેખાની નીચે જીવન વ્યતિત કરતી વસ્તીમાં વધુ વસ્તી મહિલાઓની છે. તેઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે તેમને ધિરાણ ઉપલબ્ધ થાય તે માટે અલગ તંત્રની સ્થાપના કરવાનો, જુદા જુદા ઔદ્યોગિક ક્ષેત્રોમાં સ્ત્રીઓ સહભાગી બને તે માટે શ્રમ કાયદાઓ, સામાજિક સુરક્ષા તથા અન્ય જરૂરી સગવડો આપવા પ્રયાસો કરાશે. ખેતીમાં સ્ત્રીઓની મહત્વની ભૂમિકા હોવાથી સ્ત્રીઓને પ્રશિક્ષણ આપવામાં આવશે તથા તેમની પ્રવૃત્તિનો વિસ્તાર વધારવા પ્રયાસો કરાશે.

**પંચવર્ષીય યોજનાઓ દ્વારા પ્રયાસો**

ભારતમાં આઝાદી પછી મહિલાઓનો આર્થિક, સામાજિક, રાજકીય દરજ્જો સુધારવા તથા મહિલાઓના સર્વાંગી વિકાસ માટે પંચવર્ષીય યોજનાઓમાં વિવિધ જોગવાઈઓ કરવામાં આવી છે.

દા.ત. બીજી યોજનામાં મહિલાઓને ઘેર બેઠા જ કામ મળી રહે તે માટે કાર્યક્રમો શરૂ કરવાનું ધ્યેય રાખવામાં આવ્યું હતું. મહિલાઓને આર્થિક રીતે સ્વાવલંબી બનાવવા મહિલા મંડળો રચી તેમને નાણાકીય મદદ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. મહિલાઓને સ્વરોજગાર સંદર્ભે તાલીમ માર્ગદર્શક મળે તે હેતુથી નવમી પંચવર્ષીય યોજનામાં સ્વસહાય જૂથો રચવામાં આવ્યા હતા, તેથી મહિલાઓ વ્યક્તિગત તેમજ જૂથમાં સ્વરોજગારી સર્જી આવક ઉપાર્જન કરી શકે. પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય, પૌષ્ટિક આહાર સંદર્ભે પણ પંચવર્ષીય યોજનાઓમાં વિશેષ જોગવાઇ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

**મહિલા સશક્તિકરણ અને વિશિષ્ટ કાર્યક્રમો**

એ વાત લગભગ સર્વ સ્વીકાર્ય છે કે સમગ્ર અર્થતંત્રના વિકાસ માટે ઘડવામાં આવેલી પંચવર્ષીય યોજનાઓમાં મહિલાઓના શિક્ષણ, સ્વાસ્થ્ય, રોજગારી, તાલીમ, માર્ગદર્શન તેમજ આર્થિક મદદ સંદર્ભે જોગવાઇ કરવામાં આવી હોવા છતા ટ્રીકલ ડાઉન થીયરી મુજબ વિકાસના લાભો નીતરીને ખાસ કરીને ગરીબ મહિલાઓ સુધી પહોંચ્યા ન હોવાથી સરકારે મહિલાઓના આર્થિક સ્વાવલંબનના પાસા સાથે સંકળાયેલ મુશ્કેલીઓનું નિવારણ કરવા વિશિષ્ટ કાર્યક્રમો શરૂ કર્યા છે. સમગ્ર દેશમાં વિવિધ પ્રકારની બેકારી અને ગરીબી જેવી સમસ્યાઓને નિવારવા માટે ઘણા કાર્યક્રમો શરૂ કર્યા છે. તે પૈકી કેટલાક કાર્યક્રમોમાં ૩૦% થી ૪૦% લાભ સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવ્યા છે. આ કાર્યક્રમોમાં સંકલિત ગ્રામવિકાસ કાર્યક્રમ (IRDP), જવાહર રોજગાર યોજના (JRY), નહેરૂ રોજગાર યોજના (NRY), પ્રધાનમંત્રી રોજગાર યોજના (PMRY), વગેરેનો સમાવેશ થાય છે. તે ઉપરાંત મહિલાઓને આર્થિક ક્ષેત્રે સ્વાવલંબી બનાવવા કામની તકો પૂરી પાડવા, માર્ગદર્શન અને તાલીમ આપી સ્વરોજગાર સહાય કાર્યક્રમ (STEP), ઇન્દિરા મહિલા યોજના (IMY), ગ્રામીણ યુવા સ્વરોજગાર પ્રશિક્ષણ કાર્યક્રમ(TRYSEM), ગ્રામીણ ક્ષેત્રની મહિલાઓ અને બાળકોના વિકાસ માટેની યોજના (DWCRA), સ્વસહાય જૂથ યોજના (SHG), વગેરે કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય મહિલા કોષ (RMK), દ્વારા સ્વૈચ્છિક સંગઠનો, મહિલા વિકાસ નિગમો, મહિલા સહકારી સમિતિઓ, ઇન્દિરા મહિલા યોજનાની વિવિધ સમિતિઓ અને રાજ્ય સરકારોની માન્ય એજન્સીઓના માધ્યમ દ્વારા ગરીબ મહિલાઓને ગૃહઉદ્યોગ શરૂ કરવી અને ખેતીક્ષેત્રના વિકાસ માટે જરૂરી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

**આર્થિક ક્ષેત્રે મહિલાઓની સામેલગીરી**

પંચવર્ષિય યોજનાઓ દરમિયાન સ્ત્રીઓના વિકાસમા મહત્વપૂર્ણ પરિવર્તન આવ્યા છે. ILO ના અભ્યાસમાં અંદાજ મુકવામાં આવ્યો છે કે વિકાસ પામતા દેશોમાં કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં ૨૫થી ૩૯ ટકા વણચૂકવાયેલુ ગૃહકાર્ય મહિલાઓનું હોય છે.અલબત્ત આર્થિક પ્રવૃત્તિમાં સ્ત્રીઓની સામેલગીરીનો આધાર અનેક પરિબળો પર રહે છે. જેવા કે અર્થતંત્રનું સ્વરૂપ સામાજિક સ્થિતિ, સાક્ષરતાનું સ્તર, સ્ત્રીઓનું કામ પ્રત્યેનું વલણ આ બધા પરિબળો કામ કરતા હોય છે.

**કુલ રોજગારી**

ભારતમાં ૧૯૦૧માં કુલ વસ્તીમાં સ્ત્રીઓનું પ્રમાણ ૪૯.૩ ટકા હતું જે ઘટીને ૧૯૯૧માં ૪૮.૧ ટકા થયું છે. અને ૨૦૦૧ માં તે પ્રમાણ ૪૮.૩ ટકા જેટલું થયું છે. એ જ રીતે ભારતમાં ૧૯૦૧માં દેશમાં કુલ કામદારોમાં સ્ત્રી કામદારોનું પ્રમાણ ૩૩.૫ ટકા હતું જે ૧૯૯૧માં ઘટીને ૨૮.૨ ટકા અને ૨૦૦૧માં ૨૫.૭ ટકા થયું છે. આ સ્થિતિ થવાનું કારણ દેશના ઘરેલું ઉત્પાદનમાં સ્ત્રીઓ વળતર વગરની પ્રવૃત્તિઓ કરે છે કે જેનો સમાવેશ ઘરેલુ પેદાશની ગણતરીમાં કરવામાં આવતો નથી.

આજ પ્રમાણ કુલ સ્ત્રીઓમાં સ્ત્રી કામદારોનું પ્રમાણ ૧૯૦૧માં ૩૧.૭ ટકા હતું જે ઘટીને ૧૯૯૧માં ૨૨.૩ ટકા અને ૨૦૦૧માં થોડુંક વધીને ૨૫.૧ ટકા જેટલું થયું છે. ટૂંકમાં સ્ત્રી કામદારોની સંખ્યામાં છેલ્લા દાયકા દરમિયાન થોડોક વધારો નોંધાયો છે.

**સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રે સ્ત્રી રોજગારી**

ભારતમાં રોજગારીમાં ક્ષેત્રમાં પુરૂષો અને સ્ત્રીઓની ભાગીદારીના વલણો સંગઠિત અને બિનસંગઠિત ક્ષેત્રના સંદર્ભમાં દર્શાવવામાં આવે છે.

અસંગઠિત ક્ષેત્રમાં ૧૯૮૧માં રોજગારી મેળવતા પુરૂષોનું પ્રમાણ ૭૯.૧૭ લાખ હતું. જે ૧૯૯૧માં ઘટીને ૭૦.૦૮ લાખ થયું હતું. જયારે સ્ત્રીઓની રોજગારીનું પ્રમાણ ૨૦.૮૩ લાખથી વધીને ૨૧.૯૨ લાખ થયું હતું.

સંગઠિત ક્ષેત્રમાં જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્રનો સમાવેશ કરાયો છે. ૧૯૫૧માં ૧૯.૩ લાખ મહિલાઓ સંગઠિત ક્ષેત્રમાં કાર્ય કરતી હતી. જેનું પ્રમાણ વધીને ૨૦૦૧માં ૩૮ લાખ થયું છે. ટકાવારીની રીતે જોઇએ તો ભારતમાં સંગઠિત ક્ષેત્રમાં મહિલાઓને પ્રાપ્ત થતી રોજગારીનું પ્રમાણ ૧૯૯૦માં ૧૩.૮ ટકા, ૧૯૯૫માં ૧૫.૪ ટકા અને ૨૦૦૦માં ૧૭.૬ ટકા જેટલું થયું છે.

આ બાબત ઉપરથી ફલિત થાય છે કે સમયાંતરે સ્ત્રીઓની સંગઠિત ક્ષેત્રે ભાગીદારી વધી રહી છે પરંતુ તે વધવાનો દર ઘણો ધીમો છે.

**જાહેરક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર**

સંગઠિત જાહેરક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રમાં મહિલાઓની રોજગારીના હેતુથી ભાગીદારીનો દર તપાસીએ તો ૧૯૯૦માં જાહેરક્ષેત્રે ૧૨ ટકા, ૧૯૯૫માં ૧૩.૪ ટકા, ૧૯૯૯માં ૧૪.૫ ટકા અને ૨૦૦માં ૧૪.૮ ટકા છે. જ્યારે ખાનગી ક્ષેત્રે ૧૯૯૦માં ૧૮.૪ ટકા, ૧૯૯૫માં ૨૦.૨ ટકા, ૧૯૯૯માં ૨૨.૨ ટકા અને ૨૦૦૦માં ૨૩.૯ ટકા છે. ૧૯૯૦થી ૨૦૦૦ના સમયગાળા દરમિયાન રોજગારીના હેતુથી મહિલાઓની સામેલગીરીનો દર જાહેરક્ષેત્રમાં ૧૪.૮ ટકા થયો છે તે વધારા કરતા ખાનગી ક્ષેત્રમાં વધુ વધારો એટલે કે ૧૮.૪ ટકાથી ૨૩.૯ ટકા જેટલો જોવા મળે છે. જે સ્ત્રીઓની રોજગારીના હેતુથી ખાનગી ક્ષેત્રે વધતી જતી તકોને ખુલ્લી કરે છે.

**રોજગારીનું ક્ષેત્રવાર વિશ્લેષણ**

***(૧) પ્રાથમિક ક્ષેત્રે રોજગારી***

પ્રાથમિક ક્ષેત્રમાં ખેતી, સાથે સંલગ્ન પ્રવૃત્તિઓ જેવી કે પશુપાલન, જંગલ, મત્સય ઉદ્યોગ, પ્લાન્ટેશન અને આનુષાંગિક પ્રવૃત્તિઓ જેવી કે ખાણ, પથ્થર ફોડવાનું કામ વગેરેનો સમાવેશ કરાયો છે.

ભારતમાં ૧૯૮૧માં દેશની કુલ વસ્તીના ૬૯.૩૫ ટકા વસ્તી પ્રાથમિક ક્ષેત્રમાં કામ કરતી હતી. જેનું પ્રમાણ ઘટીને ૧૯૯૧માં ૬૭.૫૩ ટકા થયું. જે દર્શાવે છે કે કામદારો પ્રાથમિક ક્ષેત્રમાંથી દૂર ગયા છે. આ ક્ષેત્રમાં પુરૂષ કામદારોનું પ્રમાણ ૧૯૮૧માં ૬૬.૨૬ ટકા હતું તે ઘટીને ૧૯૯૧માં ૬૩.૫૭ ટકા થયું છે જ્યારે સ્ત્રીઓનું પ્રમાણ અનુક્રમે ૮૧.૫૭ ટકાથી ઘટીને ૮૧.૨૦ ટકા થયું છે.

***(૨) દ્વિતીય ક્ષેત્રે સ્ત્રી રોજગારી***

દ્વિતીયક્ષેત્રમાં ઉત્પાદન, પ્રોસેસિંગ અને સમારકામ, ગૃહઉદ્યોગો, બાંધકામ વગેરે ક્ષેત્રો સમાવાયા છે.

દ્વિતિયક્ષેત્રમાં ૧૯૮૧માં કુલ વસ્તીના ૧૨.૯૮ ટકા વસ્તી કામ કરતી હતી. આ પ્રમાણ ઘટીને ૧૯૯૧માં ૧૧.૯૭ ટકા થયું છે. આ ક્ષેત્રમાં પુરૂષ કામદારોનું પ્રમાણ ૧૩.૯૭ ટકાથી ઘટીને ૧૯૯૧માં ૧૩.૧૨ ટકા થયું છે. જ્યારે સ્ત્રી કામદારોનું પ્રમાણ ૯.૦૬ ટકાથી ઘટીને ૭.૯૭ ટકા થયું છે. એટલે કે આ ક્ષેત્રે પણ સ્ત્રી-પુરૂષ ભાગીદારી ઘટવા પામી છે.

***(૩) સેવાક્ષેત્રે સ્ત્રી રોજગારી***

તૃતિયક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય, વાનવ્યવહાર, સંદેશાવ્યવહાર અને સ્ટોરેજનો સમાવેશ થાય છે.

સેવાક્ષેત્રે ૧૯૯૧માં ૨૦.૫૦ ટકા વસ્તી કામ કરતી હતી. આ ક્ષેત્રમાં પુરૂષોનું ટકાવારી પ્રમાણ ૧૯૮૧માં ૧૯.૭૭ ટકાથી વધીને ૧૯૯૧માં ૨૩.૩૧ ટકા થયું હતું તેજ રીતે સ્ત્રી કામદારોનું પ્રમાણ ૧૯૮૧ માં ૯.૩૭ થી વધીને ૧૯૯૧માં

૧૦.૮૨ ટકા થયું હતું.

આમ, પુરૂષ અને સ્ત્રી કામદારોનો પ્રવાહ ધીમે ધીમે પ્રાથમિક અને દ્વિતિયક્ષેત્ર તરફથી સેવાક્ષેત્ર તરફ વાળ્યો છે. તે એક ગુણાત્મક ફેરફાર દર્શાવે છે.

દેશની ૧૦૦૦ કરોડની વસ્તીમાં ૫.૮ ટકા મહિલાઓ સરકારી હોદ્દાઓ ધરાવે છે. સરકારના ૪૨૮ સચિવોમાં માત્ર૨૮ મહિલાઓ છે. ૩ ટકા મહિલાઓ ન્યાયિક સેવા છે. ૮ ટકા મહિલાઓ સંસદમાં છે. ૩ ટકા મહિલાઓ પોલિસ સેવામાં છે. ભારતના ૨૧૦ વાઈસ ચાન્સેલરો પૈકી ૮ ટકા મહિલાઓ છે.

**તારણો**

(૧) ભારતમાં કુલ સ્ત્રીઓમાં સ્ત્રી કામદારોનું પ્રમાણ ૧૯૯૧ની તુલનામાં ૨૦૦૧માં નોંધપાત્ર વધ્યું નથી. હજુ પણ ભારતની ૨૫ ટકા સ્ત્રીઓ સ્ત્રી કામદારો તરીકે ગણાતી નથી.

(૨) ભારતમાં સંગઠિત ક્ષેત્રમાં રોજગારી મેળવતી મહિલાઓનું સાપેક્ષ પ્રમાણ આંકડાકીય રીતે વધેલું જણાય છે. પરંતુ તેમાં નોંધપાત્ર વધારો થયેલો જણાતો નથી.

(૩) ભારતમાં ૧૯૯૧થી અપનાવેલા આર્થિક સુધારાના સમય દરમિયાન મહિલા કર્મચારીઓની ટકાવારી જાહેર અને ખાનગીક્ષેત્રમાં વધી છે. પરંતુ જાહેરક્ષેત્રની તુલનામાં ખાનગી ક્ષેત્રમાં તે દર ઉંચો જોવા મળે છે. તેનું કારણ સરકારે જાહેરક્ષેત્રનું ઘટાડેલું કદ અને ખાનગી ક્ષેત્રને વિકસવા માટે આપેલું મુક્ત વાતવરણ હોઈ શકે છે.

(૪) ભારતમાં ૧૯૮૧ થી ૧૯૯૧ના દશકા દરમિયાન રોજગારી મેળવતી સ્ત્રીઓનું પ્રાથમિક અને દ્વિતિય ક્ષેત્રમાં ટકાવારી પ્રમાણ ઘટ્યું છે. જયારે સેવાક્ષેત્રમાં ટકાવારી પ્રમાણ વધ્યું છે. તેનો ફલિતાર્થ એ છે કે સ્ત્રી સાક્ષરતા વધવાથી સંગઠિતક્ષેત્રમાં મહિલાઓની સામેલગીરી વધતી જાય છે. તે એક હકારાત્મક અભિગમ કહી શકાય. જે સ્ત્રી સશક્તિકરણમાં ઉપકારક નીવડશે તેવું માનવાને આધાર પૂરો પાડે છે એમ દર્શાવી શકાય.

(૫) ભારતમાં આઝાદી પછી સરકારી નોકરીઓમાં વિવિધ ઉચ્ચ હોદ્દાઓ ધરાવતી સ્ત્રીઓનું પ્રમાણ ખૂબ જ નહિવત છે. આથી ઉચ્ચ હોદ્દાઓ તરફ મહિલાઓનો અભિગમ સુધરે તે માટે વિશેષ પ્રયાસો કરવાની આવશ્યકતા છે.

મહિલા વિકાસ અને મહિલા સશક્તિકરણ માટે સરકાર, સરકારી વિભાગો, સરકાર દ્વારા ઉભી થયેલી સંસ્થાઓ, પંચવર્ષીય યોજનાઓ, વિશિષ્ટ કાર્યક્રમો વગેરે દ્વારા પ્રયાસો થયા છે તેમ છતાં મહિલાઓના આર્થિક દરજ્જામાં નોંધપાત્ર સુધારો થયો હોય તેવું જણાતું નથી. હજુ પણ સવિશેષ પ્રયાસો કરવાની જરૂરિયાત છે.

**સંદર્ભસૂચિ**


(૧) શાહ કલ્પના, સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, પ્રથમ આવૃત્તિ ૧૯૮૯

(૨) ગુપ્તા કમલેશકુમાર, મહિલા સશક્તિકરણ, પ્રકાશક-બુક એનક્લેવ, જયપુર, રાજસ્થાન, પ્રથમ સંસ્કરણ-૨૦૦૫

(૩) શર્મા સંગીતા, શર્મા રાજેશકુમાર, મહિલા વિકાસ એવમ રાજકીય યોજનાઓ . પ્રકાશક રીતુ પબ્લિકેશન, જયપુર,રાજસ્થાન, પ્રથમ સંસ્કરણ-૨૦૦૫

(૪) રાય સરોજ, મહિલા શ્રમિક, પ્રકાશક-રાવત પબ્લિકેશનન્સ, જયપુર, પ્રથમ સંસ્કરણ, ૧૯૯૯

(૫) મુર્તી એસ. વુમન એન્ડ એમ્પલોયમેન્ટ, આરબીએસએ પબ્લિકેશન્સ, જયપુર, (ઇન્ડિયા) ફર્સ્ટ પબ્લિકેશન ૨૦૦૧

(૬) રેડ્ડી નારાયણા એન્ડ અધર્સ, વુમન ઈન ડેવલપમેન્ટ, (એજ્યુ.) સિરીયલ્સ પબ્લિકેશન્સ, ન્યુ દિલ્હી, ૧,૨૦૦૫

(૭) હર્ષે પુનિતા અરૂણ, ગુજરાતી અખબારો અને નારીચેતના, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ડિસે-૨૦૦૪

(૮) પટેલ રમીલા બી, મહિલા વિકાસમાં સાક્ષરતા અભિયાનની ભૂમિકા, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, માર્ચ-૨૦૦૬

(૯) અર્થસંકલન, ૩૧ ડિસે-૨૦૦૨

(૧૦) માધુકરી, અંક જૂન-૨૦૦૦.


● ● ●

# શિક્ષણક્ષેત્રે આધુનિક ટેકનોલોજીની ભૂમિકા

✍ ડૉ. જગદીશ અંધારિયા

*ઓનલાઈન એજ્યુકેશન એ એજ્યુકેશન ક્ષેત્રે અદ્યતન પધ્ધતિ છે. જેની પાસે ઈન્ટરનેટની સગવડ હોય તેવા લોકો એ ઈ-લર્નીંગનો ઉપયોગ કરવા જેવો છે.*

*ઈ-લર્નિંગનો સૌથી મોટો લાભ એ છે કે એ વિદ્યાર્થીને કોઈપણ સ્થળે શિક્ષણ લેવાની તક પૂરી પાડે છે. વિશ્વભરની યુનિવર્સિટી દ્વારા ચલાવાતા ઓન-લાઈન અભ્યાસક્રમનો પણ ગામડામાં બેઠેલા વિદ્યાર્થી લાભ ઉઠાવી શકે છે. 'યુ ટવેન્ટીવન ગ્લોબલ' યુનિવર્સિટી ઘણા અભ્યાસક્રમો ચલાવે છે. અભ્યાસક્રમના અંતે ઓનલાઈન પરીક્ષા પણ લેવાય છે.*

આજે શૈક્ષણિક જગતમાં અધ્યાપન-શિક્ષાપ્રાપ્તિ (Teaching-Learning) પ્રક્રિયામાં ધરમૂળથી ક્રાંતિ સર્જાય તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. આજે અધ્યાપન શિક્ષાપ્રાપ્તિ પ્રક્રિયા એ માત્ર સરળ વ્યાખ્યાન અથવા વર્ગખંડનો ઉપયોગ કરનારી રહી નથી. પ્રાચીન સમયમાં શિષ્ય, ગુરૂનાં આશ્રમમાં રહીને સમગ્ર રીતે તૈયાર થતો. સામાન્ય અધ્યાપનજ શિક્ષા પ્રાપ્તિનું કાર્ય જંગલમાંના આશ્રમમાં ઝાડ નીચે બેસીને થતું. મોટાભાગે આજે આ પ્રક્રિયા વર્ગખંડનાં ઉપયોગ દ્વારા થતી જોવા મળે છે. જેમાં ઘણું ખરું સરળ વ્યાખ્યાનનો સહારો લેવાતો જોવા મળે છે.

આજે આપણે વૈશ્વિક રીતે સંકળાયેલા છીએ ત્યારે ખૂબજ સમૃધ્ધ એવા ટેકનોલોજી વિજ્ઞાન સાથે જીવીએ છીએ. છેલ્લા ૧૦૦ વર્ષો દરમ્યાન વિજ્ઞાન અને ટેકનોલોજી ખૂબજ ઝડપથી વિકસેલી છે. આ ઝડપી વિકાસની અધ્યાપન- શિક્ષાપ્રાપ્તિ પ્રક્રિયા પર પણ ખૂબજ સ્પષ્ટ અસર થયેલી જણાય છે. આજે આધુનિક ટેકનોલોજી અને આ પ્રક્રિયાનું અવિભાજય અંગ બની ગયું છે.

ક્લેડવેલ કૂક (Cladwell Cook)ના શબ્દોમાં કહીએ તો 'શિક્ષાપ્રાપ્તિની અસરકારકતા માત્ર વાંચવાથી અને સૂચીકરણ દ્વારા જ પ્રસરતી નથી, પરંતુ તે કાર્ય અમલ અને અનુભવ દ્વારા પ્રસરે છે.'

### અધ્યાપન-શિક્ષાપ્રાપ્તિ પ્રક્રિયામાં ટેકનોલોજીનો પ્રારંભ

ડચ ફિલસૂફ ડેસીડેરીયસે (Deciderious-1446-1536) ગોખણપટ્ટી (Memosising) આધારિત અધ્યાપન શિક્ષાપ્રાપ્તિ પધ્ધતિની જગ્યાએ ચિત્ર અને દ્રશ્ય આધારિત અભ્યાસ પર ભાર મૂકેલ.

જોહ્ન અમોઝ કોમીનયસે (John Amoes Comenious-1592-1670) સૌ પ્રથમવાર પ્રાથમિક વિદ્યાર્થિઓ માટે ચિત્ર આધારિત 'ઓરબીસ સેનસુલીયમ પીટક્સ' ધી વર્લ્ડ ઓફ સેન્સ ઓબજેક્ટ તૈયાર કરેલ.

નેલસન ગ્રીને (Nelson Green-1926) દ્રશ્ય દ્વારા શિક્ષા પ્રાપ્તિની પરિભાષા વિકસાવેલ. એરિક એસબી (Erik Aeshby-1967)એ શિક્ષા પ્રાપ્તિની પ્રક્રિયાના ક્ષેત્રે ચાર આધુનિક ક્રાંતિકારી પરિવર્તનોનો નિર્દેશ કર્યો જેમાં (૧) વિદ્યાલયના વિકાસ (૨) લખાયેલા શબ્દો (૩) છાપેલા પુસ્તકો (૪) ઈલેક્ટોનિક્સ માધ્યમનો સમાવેશ કરેલ છે.

કોઠારી કમીશને (૧૯૬૪-૬૬) અધ્યાપન-શિક્ષા પ્રાપ્તિ પ્રક્રિયામાં ક્રાંતિકારી પરિવર્તન તરીકે ઈલેક્ટ્રોનિક માધ્યમની ભૂમિકા સ્વીકારેલ અને તેમણે શિક્ષણની તમામ કક્ષાએ તેના ઉપયોગની ભલામણ કરી હતી.

એડ્ગર ડેલ (Edger Dale) 'શબ્દ પ્રયોગ'(Verbalism) જગ્યાએ અસરકારક એવા 'દ્રશ્યશ્રાવ્ય' માધ્યમને મૂકે છે.

(લેખક વાણિજ્યભવન, ભાવનગરમાં રીડર છે.)

કોબન (Cobun-1968) સૂચવે છે કે આપણે ૧૦ ટકા વાંચન દ્વારા, ૨૦ ટકા શ્રવણ દ્વારા, ૩૦ ટકા દ્રશ્ય દ્વારા, ૫૦ ટકા દ્રશ્ય શ્રાવ્ય દ્વારા, ૭૦ ટકા અનુભવ દ્વારા અને ૯૦ ટકા પોતાના જાતઅનુભવ દ્વારા ભણાવીએ છીએ.

આ રીતે અધ્યાપન-શિક્ષા પ્રાપ્તિની પ્રક્રિયા માટે લોકપ્રિય કહેવત વિકસેલ છે કે 'હું સાંભળીને ભૂલી જાઉં છું, હું જોઇને યાદ રાખું છું, હું કરું છું અને સમજું છું.' આનો અર્થ એ થયો કે અધ્યાપન શિક્ષાપ્રાપ્તિની પ્રક્રિયા ટેકનોલોજી પર આધારિત વૈજ્ઞાનિક પ્રક્રિયા હોવી જરૂરી છે.

**અધ્યાપન-શિક્ષાપ્રાપ્તિની પ્રક્રિયા માટે ટેકનોલોજીનો વિકાસ**

અધ્યાપન-શિક્ષાપ્રાપ્તિની પ્રક્રિયામાં એડ્ગલ ડેલના 'અનુભવ શંકુ' (Cone Of Experience) એ ટકનોલોજીના એક નવા યુગની શરૂઆત કરી. રેડીયો, ટેપ રેકર્ડ, ફિલ્મ પ્રોજેક્ટર, સ્લાઇડ પ્રોજેક્ટર, કેલીડોસ્કોપ, નકશાઓ, કાર્યમોડેલો, સ્થિત મોડેલો વગેરના ઉપયોગે સિધ્ધાંત આધારિત અધ્યાયન-શિક્ષા પ્રાપ્તિ પ્રક્રિય પધ્ધતિને ટેકનોલોજી આધારિત પધ્ધતિમાં ફેરવી નાખી.

બાળ-મનોવિજ્ઞાન અને બાળ-વિકાસના અભ્યાસે અધ્યાપન-શિક્ષાપ્રાપ્તિ પ્રક્રિયામાં એક અન્ય ટેકનોલોજીનો દરવાજો ખોલી નાખ્યો. ઇ.એલ.થોર્નડીક. બી.એફ.સ્નીકર, પ્રીસે પધ્દતિસર 'સ્વશિક્ષા પ્રાપ્તિ યોજના' કે જે 'યોજિત શિક્ષા પ્રાપ્તિ (Programmed Learning) તરીકે ઓળખાય છે તે વિકસાવી. આજ સમય દરમ્યાન શાક્ષણિક ટેકનોલોજીને 'અનુરૂપ શિક્ષા પ્રાપ્તિ' (Simulated Learning) ના સ્વરૂપમાં એક વધુ છોગુ ઉમેરાયું જેણે ટેકનીકલ શિક્ષા પ્રાપ્તિની પ્રક્રિયાની અસરકારકતા ને ખૂબ ઝડપથી વધારી દીધી

**અસરકારક અધ્યાપન-શિક્ષા પ્રાપ્તિ પ્રક્રિયા માટે આધુનિક કોમ્પ્યુટર**

લગભગ ૫૦ વર્ષના ખૂબ ટૂંકા ગાળામાં અધ્યાપન શિક્ષાપ્રાપ્તિની પ્રક્રિયા, શિક્ષા પ્રાપ્તિ મશીનમાંથી કોમ્પ્યુટર આધારિત શૈક્ષણિક ટેકનોલોજીમાં પરિવર્તન પામી છે. આ ટેકનોલોજી અધ્યાપન-શિક્ષા પ્રાપ્તિ પ્રક્રિયા માટે ખૂબજ અસરકારક સાબિત થયેલ છે.

એક તરફ ડીજીટલ ક્લાસ રૂમ શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી છે તો બીજી તરફ ઇ-લર્નીંગનો વ્યાપ વધી રહ્યો છે. ડીજીટલ ક્લાસરૂમમાં ચિત્રોનો ઉપયોગ વધુ થાય અને આખી સિસ્ટમ કોમ્પ્યુટર આધારિત બને છે. કોઇ પણ પ્રશ્નનો ઉત્તર આપતી વખતે હાથમાં રહેલા પામ-ટોપ ના આધારે જવાબનો ઓપશન શોધીને ક્લીક કરવાનું હોય છે. ઇ-લર્નીંગની શરૂઆત થઇ ચૂકી છે. જ્યારે ડીજીટલ ક્લાસરૂમનાં પ્રથમ બે રૂમ નોઇડા અને દીલ્હી ખાતે ઉભા કરવાના છે.

અમેરીકામાં ઉચ્ચ શિક્ષણના અનેક અભ્યાસ ક્રમો ઓનલાઇન જોવા મળે છે. હાવર્ડ યુનિવર્સિટીએ ટૂંકાગાળાનો અભ્યાસક્રમ ૨૪ X ૭ની પધ્ધતિ નીચે ચલાવવાનું શરૂ કરેલ છે. કોઇ પણ ગ્રેજ્યુએટ માટે આ પ્રોગ્રામ ઉપલબ્ધ છે. આવા પ્રોગ્રામમાં ટુ વે કોમ્યુનિકેશન હોય છે.

ઘણા એવું માને છે કે ઇ-લર્નીંગમાં માત્ર પ્રોફેસર બોલે અથવા લખે એ જોવાનું સાંભળવાનું હોય છે. પરંતુ હકીકત એ છે કે ઇ-લર્નીંગનાં દરેક અભ્યાસક્રમમાં ટુ વે કોમ્યુનિકેશન હોય છે. એટલે કે પ્રોફેસર-વિદ્યાર્થી સાથે અને વિદ્યાર્થી-પ્રોફેસર સાથે વાતચીત કરી શકે છે. દરેક લેસનનાં અંતે ૧૫ મિનીટની ઓપન સેશન ફાળવવામાં આવે છે તેમાં વિદ્યાર્થી અને પ્રોફેસર સામ સામે ચર્ચા કરી શકે છે.

ગ્લોબલ ઓનલાઇન યુનિવર્સિટી પર ૪૦૦૦ વિદ્યાર્થીઓ તાલીમ લઇ રહ્યા છે. ૪૦ દેશોમાં તેમનાં વિદ્યાર્થીઓ પથરાયેલા છે. એમ.બી.એ. પ્રોગ્રામ પણ હવે ઓનલાઇન પર ઉપલબ્ધ છે. આપણે ઘેર બેઠા ભણીને 'ઇગ્નુ' જેવી યુનિવર્સિટી દ્વારા ગ્રેજ્યુએટ કે પોસ્ટ ગ્રેજ્યુએટ થઇ શકે છે. હવે આંતરરાષ્ટ્રીય સ્તરના અભ્યાસક્રમો ઇ-લર્નીંગ દ્વારા કરી શકાય છે.

તાજેતરમાં આંધ્ર રેલ્વે રીક્રુટમેન્ટ બોર્ડ દ્વારા અપાયેલી જાહેરાતના કારણે હજારો અરજી આવી હતી. રીટર્ન ટેસ્ટ ઓનલાઇન લેવામાં આવેલ. આ પ્રકારનો પ્રથમ ઓનલાઇન રીટર્ન ટેસ્ટ અપાયો હતો. સમગ્ર રાજ્યના હજારો વિદ્યાર્થીઓએ એકજ દિવસે રીટર્ન ટેસ્ટ આપ્યો અને તેના બીજાજ દિવસે પરિણામ પણ જાહેર કરાયા હતા. રાજ્યના દરેક શહેરમાં ઇન્ટરનેટ એટેચ સેન્ટરો શોધાયા હતા, અને ત્યારબાદ વિદ્યાર્થીઓએ ત્યાં બેસીને ઓન-લાઇન રીટર્ન ટેસ્ટ આપેલ.

ઓન લાઇન એજ્યુકેશનમાં સેલ્ફ સ્ટડીનો મોટો ફાળો હોય છે. કેટલીક કંપનીઓએ પોતાના કર્મચારીઓ માટે યુનિવર્સિટીની જેમ

ઓનલાઈન કોર્ષ તૈયાર કર્યો છે આ માટેના તમામ ખર્ચ કંપની ભોગવે છે. આવી કંપનીઓમાં આદિત્ય બિરલા ગ્રુપ, ઈન્ટેલ, વિપ્રો, ટાટા મોટર્સ વગેરેનો સમાવેશ થાય છે. આવા કેસોમાં સેલ્ફ સ્ટડી મહત્વનો ભાગ ભજવે છે.

ઓનલાઈન એજયુકેશન એ એજ્યુકેશન ક્ષેત્રે અદ્યતન પધ્ધતિ છે. જેની પાસે ઈન્ટરનેટની સગવડ હોય તેવા લોકો એ ઇ-લર્નીંગનો ઉપયોગ કરવા જેવો છે.

ઇ-લર્નિંગનો સૌથી મોટો લાભ એ છે કે એ વિદ્યાર્થીને કોઈપણ સ્થળે શિક્ષણ લેવાની તક પૂરી પાડે છે. વિશ્વભરની યુનિવર્સિટી દ્વારા ચલાવાતા ઓન-લાઇન અભ્યાસક્રમનો પણ ગામડામાં બેઠેલા વિદ્યાર્થી લાભ ઉઠાવી શકે છે. 'યુ ટવેન્ટીવન ગ્લોબલ' યુનિવર્સિટી ઘણા અભ્યાસક્રમો ચલાવે છે. અભ્યાસક્રમના અંતે ઓનલાઈન પરીક્ષા પણ લેવાય છે.

જે તે વિષયની નિષ્ણાંત ફેકલ્ટી અને તે વિષયની વધુ માહિતીનો અભાવ ઇ-લર્નિંગમાં આડે આવતો નથી કેમ કે અહીના અભ્યાસક્રમો આંતરરાષ્ટ્રિય ફેકલ્ટીના આધારેજ તૈયાર કરાયેલા હોય છે. લેટેસ્ટ એજ્યુકેસન સીસ્ટમ દ્વારા વિશ્વનાં વિદ્યાર્થીઓને એકજ અધ્યાપક ભણાવી શકે છે. આ કોર્ષની ફી પણ યુનિવર્સિટીમાં ભણવા જઇએ તે કરતા ઓછી હોય છે.

ઇ-લર્નીંગ એ તદ્દન નવો કન્સેપ્ટ છે. ઈન્ટરનેટ સાથે સંકળાયેલાઓ માટે તે ખૂબ સરળ છે. એકવાર ઇ-લર્નીંગનો અનુભવ કર્યા પછી વિદ્યાર્થીઓ તે સિવાયના કોઇ કાર્ષને મહત્વ આપતા નથી. વિદ્યાર્થીઓ માટે નવા કોર્ષ અહીં આસાનીથી મળી રહે છે.

આપણે ત્યાં હજુ ઇ-લર્નીંગ શરૂઆતના તબક્કામાં છે. અહીંથી જે લોકો બેંગ્લોર કે હૈદ્રાબાદ નોકરી અર્થે જાય છે. તે પૈકીના ૮૦ ટકા લોકોએ ઓનલાઈન પરીક્ષા આપી છે. મોટાભાગના લોકોને કોલ આવ્યો હતો કે તમારી પાસે કોમ્પ્યુટર હોય તો તે બરાબર ચેક કરીલો અને તમે ઓનલાઈન પરીક્ષા માટે ક્યારે ફ્રી છો તે જણાવો. દરેકે ઓનલાઈન એકઝામ આપીને નોકરી મેળવી હતી.

શિક્ષણક્ષેત્રે યુનિવર્સિટીની વેબસાઇટ પરથી યુનિવર્સિટીના અભ્યાસક્રમો, શોધનિબંધો, સંશોધન પત્રો, પ્રસિધ્ધ પુસ્તકો વગેરેની માહિતી મેળવી શકાય છે. કોઇ પણ વિષયના વિદ્યાર્થીઓ, અધ્યાપકો, અભ્યાસુઓ ઈન્ટરનેટ પરથી પોતાને ઉપયોગી જરૂરી માહિતી જોઇ શકે છે. ડાઉનલોડ કરી શકે છે. પ્રિન્ટ પણ કરી શકે છે. વિદ્યાર્થીઓએ કોલેજ જવાની જરૂર નથી. ઘરે બેસીને ભણી શકે છે.

આજે એડવાન્સ કોમ્પ્યુટર ટેકનોલોજી, ઈન્ફર્મેશન ટેકનોલોજી અને કોમ્યુનિકેશન ટેકનોલોજી એ અધ્યાપન શિક્ષા પ્રાપ્તિ પ્રક્રિયામાં નીચેના નવા વલણો રજૂ કર્યા છે.

(૧) યોજિત-શિક્ષાપ્રાપ્તિ
(૨) ઈન્ટરનેટ આધારિત અભ્યાસ
(૩) શૈક્ષણિક વેબસાઇટો-વેબસાઇટ આધારિત અભ્યાસક્રમ
(૪) ટી.વી. સાથે સબંધિત શૈક્ષણિક યોજનાઓ દા.ત., ઇગનો
(૫) પાવર પોઇંટ રજુઆત
(૬) એલ.સી.ડી. રજુઆત
(૭) વીડીઓ કોન્ફરન્સ
(૮) ઇ-લર્નીંગ
(૯) બોર્ડલેસ લર્નિંગ
(૧૦) વર્ચ્યૂઅલ રીયાલીટી લર્નીંગ એન્વાયરમેન્ટ(વી.આર.એલ.ઇ.)
(૧૧) નેટવર્ક આધારિત શિક્ષા પ્રાપ્તિ
(૧૨) ઓનલાઇન શિક્ષા પ્રાપ્તિ
(૧૩) સમસ્યા આધારિત શિક્ષા પ્રાપ્તિ માટે હાયર મીડીયા આધારીત શિક્ષા પ્રાપ્તિ
(૧૪) મેનેજડ લર્નીંગ એન્વાયરમેન્ટ (એમ.એલ.ઇ.)
(૧૫) ઓનલાઇ દ્વારા સ્વ-પ્રેરિત શિક્ષા પ્રાપ્તિ.
(૧૬) સમસ્યા આધારિત શિક્ષા પ્રાપ્તિ.
(૧૭) બ્લેન્ડેડ શિક્ષા પ્રાપ્તિ (ઓનલાઇન-ફેઇસ ટુ ફેઇસ)

ઉપર દર્શાવેલ વિકાસ વચ્ચે તાજેતરમાં સૌથી વધુ અસરકારક ટેકનોલોજીએ વી.આર.એલ.ઇ. અને બ્લેન્ડેડ શિક્ષા પ્રાપ્તિ છે. અધ્યાપન શિક્ષાપ્રાપ્તિ પ્રક્રિયાને વધુને વધુ અસરકારક બનાવવાખૂબજ સંશોધન થઇ રહ્યું છે.

**કોમ્પ્યુટર ટેકનોલોજી દ્વારા અસરકારક અધ્યાપન-શિક્ષા પ્રાપ્તિ પ્રક્રિયામાં અદ્યતન વિકાસ**

શિક્ષણમાં કોમ્પ્યુટર ઉપયોગ દ્વારા કોમ્પ્યુટર આસિસ્ટન ઈન્સટ્રકશન (CAI) અને કોમ્પ્યુટર મેનેજડ ઇન્ટ્રક્શન (CMI) નું સ્વરૂપ વિકસાવાયેલ છે. માનવ સંશોધન વિકાસ મંત્રાલયે સાક્ષરતા માટે 'વન સ્ટોપ એજ્યુકેશન પોર્ટલ'નું ડો. એ.પી.જે અબ્દુલ કલામ ના હસ્તે ઉદ્‌ઘાટન કરાવેલ. નેશનલ નેટવર્ક ઓફ એજયુકેશન અને નેશનલ એજ્યુકેશન નેટવર્ક શિક્ષણ સાથે સબંધિત અદ્યતન માહિતી અને સાધનોનું તરત જ જોડાણ પુરુ પાડે છે.

ઇ-ટીક્યુએમ કોલેજ માઇક્રોસોફ્ટની મદદ સાથે પ્રથમ ઇ-શિક્ષા પ્રાપ્તિ સંસ્થા વિકસાવેલ છે.

બી આઇ ટી એસ, ૧૨ એલ આધારિત પરસ્પર અભ્યાસની દરખાસ્ત કરે છે. આઇસી-૩ તરીકે ઓળખવામાં આવે છે કે શરૂ કરેલ છે.

યુજીસીએ લગભગ ૫ લાખ કોલેજ શિક્ષકોને માટે પૂરી પાડનારી વ્યાપક મંડળના જોડાણ અંગેની માનવ સંશોધન વિકાસ મંત્રાલયની દરખાસ્ત સ્વીકારેલ

માહિતી સંચારની વ્યવસ્થા પૂરી પાડવાના હેતુથી એનઇસીઆરટી., યુજીસી., એઆઇસીટીઇ., આઇજીએનઓયુ, કેવીએસ, એનવીએસ, સીબીએસઇ, આઇટીઆઇ, આઇઆઇએસ ના ૫૦ કરોડ ઉપયોગ કર્તાઓ માટે બધા ક્ષેત્રોમાં શિક્ષણ પુરૂં પાડવાની જોગવાઇ કરાય છે.

શિક્ષકો અને વિદ્યાર્થીઓના ઉપયોગ માટે અનેક વેબસાઇટો ઉભી કરાયેલ છે.

### શિક્ષણ કાર્ય માટે નવી ટેકનોલોજીકલ પેદાશો

શૈક્ષણિક બજારમાં અનેક ટેકનોલોજી સભર પેદાશો મુકાયેલ છે. જેમાં નીચેના કેટલાકનો સમાવેશ થાય છે.

- એમવાયવીઓસી- ભાષા ટ્યુટર
- ટીઆ-નેવીગેટર - વર્ગખંડ શિક્ષા પ્રાપ્તિ માટેની પધ્ધતિ.
- ઇડીયુટીઇસીએચ - વિદ્યાર્થી પ્રતિભાવ પધ્ધતિ
- જીઆરએવીએ - શૈક્ષણિક સોફ્ટવેરના સર્જનને સરળ બનાવતું માઇક્રોસોફ્ટ સાધન.

### ઉપસંહાર

હવે ભાવિ શિક્ષણ, આધુનિક ટેકનોલોજી પર આધારિત રહેશે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંને દ્વારા ટેકનોલોજી પ્રતિ ભાવિ પગથિયાઓ ઘડવાનો આ સમય છે. અધ્યાપન-શિક્ષા પ્રાપ્તિ પ્રક્રિયાની રૂઢિગત પ્રણાલીમાંથી આપણે હવે બહાર આવવું રહ્યું. નવા ટેકનોલોજીકલ સાધનો અને સેવા અપનાવવા જોઇએ. જેથી તે દ્વારા ઝડપી વિકાસ સાધી શકીએ. હવે કોમ્પ્યુટર આધારિત ટેકનોલોજી લગભગ બધેજ શરૂ થઇ છે. અને તે દેશ માટે સરળ રીતે પ્રાપ્ત છે. આને માટે હવે માત્ર આપણી આંગળીઓને કી-બોર્ડ અને માઉસ પર મૂકીને તેનો ઉપયોગ શરૂ કરવાનો રહે છે.

કોલને (૧૯૬૮) સાચું જ કહ્યું છે કે 'આપણે ૯૦ ટકા સ્વ-અનુભવ દ્વારા શીખી શકીએ'

### સંદર્ભો


(1) Thersteinssion, G and Page, T. (2007) Creativity in Technology VRLE - A Caase Stydy - i manasers Publication Vol 3, No.4, Jan-March 2007, Page 74-74

(2) Sharma, R.A. (2006) Educational Technology and management, R Lall Book Depot, Meerut.

(3) Rao,A.V.N. (2006) Effectiveners Of Blanded Learning Journal of Education, i-managers Publication, Vol.3, No.3, Oct-Dec.2006, Page 30-36.

(4) Journal of Educational Technology, I managers Publication, Vol.2, No.3, Dec 2006- Feb-2007.

(5) Saurabh, K. (2006) Standards of e-learning based Education. Journal of Educational Technology, i-managers Publication, Vol.3, No.3, Oct-Dec 2006, Page-23-29.



**શું આપને ઉત્તમ પુસ્તકો સસ્તા દરે જોઈએ છે ?**

**જો હા, તો સંપર્ક કરો**

**યોજના કાર્યાલય**

અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅંકની ઉપર,

પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭

ફોન : ૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)

# લોક જાગૃતિ અભિયાન "આપણું પાણી આપણે ચકાસીએ"

પ્રો. પી.એસ.ગજેરા

*ગુજરાતમાં જનક્રાંતિ દ્વારા જલ ક્રાંતિના પ્રયાસો થયા છે. પરંતુ કામ પુરૂં નથી થયું તેનો આરંભ જ થયો છે. ગુજરાતના દરિયાના કીનારે ખારાશગ્રસ્ત વિસ્તારોમાં ટીપેટીપાં પાણીનો સંગ્રહ કરીને તેને ભૂગર્ભમાં ઉતારીને બધાને સારી ગુણવત્તા વાળું પીવાનું પાણી મળી રહે તે માટે પ્રચંડ સામુહિક, સમર્પિત, પ્રયાસોની તાતી જરૂરીયાત છે. આ ઉપરાંત દરિયા કીનારે વસતા દરેક કુટુંબે ભૂગર્ભ ટાંકાઓ બનાવી ચોમાસા દરમ્યાન વરસાદના પાણીનો સંગ્રહ ટાંકામાં કરી. આખા વર્ષ દરમ્યાન પીવામાં તેનો ઉપયોગ કરવો જોઈએ તેમજ દુધાળા જાનવરોને પણ આજ પાણી પાવું જોઈએ. સરકાર દ્વારા એક નીતી ઘડી ઉંડા બોર બને છે તેના ઉપર નિયંત્રણ મુકાવું જોઈએ જેથી કરી ઊંડું ભૂગર્ભનું ક્ષારવાળું પાણી બહાર આવે નહીં. દરિયા કિનારે ક્ષાર સામે ટકાઉ વૃક્ષોનું વાવેતર કરી તેનો ઉછેર કરવો જોઈએ. જેથી પર્યાવરણ સુધરે અને લાંબા ગાળે વરસાદનું પ્રમાણ વધે અને તેનું ભૂગર્ભમાં સ્થળાંતર થાય.*

કુદરતે આપણા માટે પાણી તો પુષ્કળ આપ્યું છે. પરંતુ શું વાપરવા લાયક પુરતું છે ? પૃથ્વિનો ૨/૩ ભાગ પાણીથી ઘેરાયેલો છે. પણ પાણીનો આ બધો જથ્થો આપણા વપરાશને લાયક નથી, જેમાં ૯૭% પાણી દરિયાનું ખારૂં પાણી છે. ૨% પાણી બરફ અને હિમશીલાઓનાં રૂપમાં છે. અને માત્ર ૧ % થી પણ ઓછુ પાણી કે જે પીવા કે વપરાશમાં પણ લઈ શકાય તેમ છે તે તળાવો, સરોવરો, ડેમો, નદીઓ અને ભૂગર્ભમાં સંગ્રહાયેલું છે, આ ૧% પાણીમાંથી ૯૮% જેટલું પાણી જમીનમાં સંગ્રહાયેલું છે. જ્યારે ૨% પાણી જમીનની સપાટી પર છે. આમ, પીવાલાયક પાણી ખૂબજ અલ્પ અને દુર્લભ છે. પીવાનું પાણી બે પ્રકારે પ્રાપ્ત થઈ શકે છે. (૧) ભૂજળ (સપાટી ઉપરનું પાણી) (૨) ભૂગર્ભજળ (સપાટી નીચેનું પાણી)

પાણી એ રસાયણ વિજ્ઞાનની દ્રષ્ટિએ બે હાઈડ્રોજન પરમાણું અને એક ઓક્સિજન પરમાણુંનું બનેલું સંયોજન છે. તે એક દ્રાવક છે અને મોટાભાગની વસ્તુઓ પાણીમાં ઓગળે છે. તબીબી વિજ્ઞાન પ્રમાણે મનુષ્યના શરીરમાં ૮૦% પાણી છે, માનવ શરીરમાં પાણીનો ઘટાડો થતાં તરસ લાગે છે. વધુ પ્રમાણમાં ઘટાડો થાય તો તેને ડિહાઈડ્રેશન કહેવાય છે. આ પરિસ્થિતિમાં તાત્કાલિક સારવાર ન મળે તો માણસ મરણ પામી શકે છે. પાણી અને આરોગ્ય એક જ સિક્કાની બે બાજુઓ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના તારણ મુજબ અસ્વચ્છ અને અપૂરતા પાણીથી ઘણી બીમારીઓ ફેલાય છે. વિકાસશીલ દેશોમાં ૮૦% બીમારીઓ પાણીજન્ય છે જે દુષિત પાણીથી ફેલાય છે.

કુદરતી જલચક્ર દરમ્યાન વરસાદનાં સંપૂર્ણ શુધ્ધ પાણીમાં વાતાવરણ અને જમીન ઉપરના વહન દરમ્યાન કચરો, માટી, ઉદ્યોગોના ગંદાપાણી તથા જમીન ઉપરના રોગજન્ય જીવાણુંઓ ભળે છે. આ જ પાણી જમીનમાં શોષાય છે અને સંગ્રહાય છે. સમય જતા તેને યોગ્ય

**પાણી**

| ભૂજળ (સપાટી ઉપરનું) | ભૂગર્ભ જળ (સપાટી નીચેનું) |
|---|---|
| જીવાણુંઓ ધરાવે છે. | રસાયણો ધરાવે છે. |
| નીચેની બીમારીઓ લાવે છે. | નીચેની બીમારીઓ લાવે છે |
| ૧. મરડો | ૧. પથરી |
| ૨. કમળો | ૨. ફ્લોરોસીસ |
| ૩. ટાઈફોઈડ | ૩. બ્લૂ-બેબી |
| ૪. પેરા ટાઈફોઈડ | ૪. અપચો |
| ૫. કોલેરા | ૫. લોહીનું ઉંચું દબાણ |

(લેખક શ્રી ગ્રામ વિદ્યા મહાવિદ્યાલય, શાહદાગ્રામ ખાતે કાર્યરત છે.)

ઉષ્ણતામાન અને દબાણ મળતાં જમીનમાં આવેલા ખડકો પાણીમાં ઓગળે છે. પાણીમાં રસાયણો ભળે છે. અને પાણીની ગુણવત્તાને વિપરીત અસર કરે છે. આમ, પાણીમાં ભૌતિક, રાસાયણિક તથા જીવાણુંની અશુધ્ધિઓ ભળે છે.

પાણીમાં જો રસાયણો હોય તો પાણી પીવા લાયક રહેતું નથી, આપણા આરોગ્ય ઉપર તેની અવળી અસર થાય છે. જો પાણીમાં ફ્લોરાઇડ, નાઇટ્રેટ, ક્ષાવ્યક્ષારો વધારે હોય તો ડિસેલીનેશન, ડિફ્લોરીડેશન, રિવર્સ ઓસમોસીસ કે આયર્ન એક્ષચેન્જ ટેકનોલોજીની મદદથી વધારાના હાનિકારક ક્ષારો દૂર કરી પાણી પીવા લાયક બનાવી શકાય છે.

ઉપરોક્ત હેતુને સિધ્ધ કરવા માટે લોકો પાણી પ્રશ્ને શું અનુભવે છે? લોકોની કેવી જાગૃતી છે ? તે જાણવા અને લોકોમાં પીવાના પાણી પ્રશ્ને જાગૃતિ આવે તેવા હેતુથી શ્રી ગ્રામવિદ્યા મહાવિદ્યાલય-શારદાગ્રામ (માંગરોળ) અને 'પ્રવાહ' સંસ્થાએ પહેલ કરીને દરીયા કાંઠાના પોરબંદર અને જુનાગઢ જિલ્લાના લગભગ ૧૫ જેટલા ગામોમાં લોગજાગૃતિ અભિયાન “આપણું પાણી આપણે ચકાસીએ” શરૂ કર્યુ છે જેમાં લોકોની સાથે રહીને પાવાના પાણીની ચકાસણી કરવામાં આવેલ જેમાં પંચાયતનો કુવો, ગામનું તળાવ, બોર, ખાનગી કુવાઓ, વગેરેનો સમાવેશ કરેલ હતો અભિયાન દરમ્યાન ગામના સરપંચ, આગેવાનો, ગ્રામજનો તેમજ સ્થાનિક પ્રાથમિક / માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, વગેરેને સાથે રાખી પાણી ચકાસણી કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો. કાર્યક્રમ દરમ્યાન પાણીના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવેલ તથા પાણીની ગુણવત્તાનો ખ્યાલ, નબળી ગુણવત્તા વાળા પાણીથી થતા રોગો વિશે જાણકારી આપવામાં આવેલ પાણીના ગુણવત્તા સુધારવા શું કરવું જોઈએ? પાણીનો સંચય, બોર કુવાને રિચાર્જ કરવા, લોક ભાગીદારી, પાણી સમિતિ વગેરે મુદ્દાઓ અંગે ચર્ચા તેમજ માર્ગદર્શન પુરૂં પાડવામાં આવેલ હતું. દરેક ગામમાં લગભગ ચારથી પાંચ જગ્યાએથી પાણીના નમુનાઓ પસંદ કરવામાં આવેલ હતા જેમાં નીચે મુજબના ટેસ્ટ કરવામાં આવેલ હતાં.

**તારણો**

માટાભાગના ગામોના પાણી કે જેના પીવામાં ઉપયોગ કરવામાં આવેલ છે. તેમાં કઠોરતાનું પ્રમાણ ઇચ્છિત માપ કરતા વધારે આવે છે. બીજા વિકલ્પના અભાવે લોકોને આ પાણીનો પીવા માટે ઉપયોગ કરવાની ફરજ પડે છે. જેને કારણે આ વિસ્તારમાં કિડનીના રોગો અને પથરીનું પ્રમાણ વધુ જોવા મળે છે. દરીયાની સાવ નજીક આવેલા ગામો જેવાકે ચોરવાડ, માધવપુર વગેરેના તળના પાણીમાં ક્ષારનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. જ્યારે અન્ય ગામોના પાણી તળ ઊંડા જવાને કારણે વધુ ક્ષારવાળા

| ક્રમ | ટેસ્ટ | ઇચ્છિત માપ | વધુમાં વધુ માપ | આરોગ્ય ઉપર અથવા અન્ય વિપરીત અસરો |
|---|---|---|---|---|
| ૧ | રંગ | ૫ હેઝન યુનિટ | ૨૫ હેઝન યુનિટ | લોકોની સ્વાકાર્યતા ઘટે છે અને રૂચિકર નથી લાગતું |
| ૨ | ગંધ | ગંધરહિત | ગંધવાળુ | લોકોની સ્વીકાર્યતા ઓછી છે |
| ૩ | ટરબીડીટી ડહોળાશ | ૫ NTU | ૧૦ NTU | લોકોની પસંદગી ઓછી છે અને સ્વાદમાં નબળું છે. |
| ૪ | દ્વાવ્યક્ષારો | ૫૦૦ M.L./L | ૨૦૦૦ M.L./L | અપચો, પેટમાં ચૂક આવે. |
| ૫ | પી.એચ. | ૬.૫ થી ૮.૫ | ઈચ્છિત માપથી વધારે અથવા ઓછું | આંતરડાની દિવાલો પર અસર કરે છે. |
| ૬ | કઠિનતા | ૩૦૦ M.L./L | ૬૦૦ M.L./L | કિડનીના રોગો તેમજ પાણીના પાઈપલાઈનોમાં ક્ષાર અથવા પોપડા બાઝે છે અને ઘરગથ્થુ ઉપયોગમાં નડે છે. |
| ૭ | કેલ્શિયમ | ૭૫ M.L./L | ૨૦૦ M.L./L | ઉપર મુજબ |
| ૮ | ક્લોરાઈડ્સ | ૨૫૦ M.L./L | ૧૦૦૦ M.L./L | સ્વાદબગડે, કાટ લાગે છે. |
| ૯ | સલ્ફેટ | ૨૦૦ M.L./L | ૪૦૦ M.L./L | અપચો, ચુંક આવવી. |
| ૧૦ | મેગ્નેશીયમ | ૩૦ M.L./L | ૧૦૦ M.L./L | પાઈપમાં ક્ષાર ભાઝે, પેટમાં ચૂંક આવે. |
| ૧૧ | નાઈટ્રેટ્સ | ૪૫ M.L./L | ૧૦૦ M.L./L | બ્લૂ-બેબી (૧થી૬ માસના બાળકને) |
| ૧૨ | ક્લોરાઈડ | ૧ M.L./L | ૧.૫ M.L./L | ફ્લોરોસીસ (દાંતમાં, હાડકામાં માંસ પેશીઓમાં) |
| ૧૩ | આલ્કલીનીટી | ૨૦૦ M.L./L | ૬૦૦ M.L./L | સ્વાદ અરોચક બને છે. |

જોવા મળે છે. જેને કારણે કોઠામાં દર્શાવેલ રોગોનું પ્રમાણ વધે છે. અને રોજ બરોજના કામોમાં ઉપયોગમાં લેવાતા પાણીને કારણે પણ ઘણી બધી નુકશાની થાય છે. ઉપરોક્ત પાણી પશુઓને પાવાથી તેમાં પણ આરોગ્યને અસર પહોંચે છે. અને આડકતરી રીતે દુધમાં તેની અસરો જોવા મળે છે. અને આ દુધ મનુષ્ય પોષણમાં લેવાના કારણે પણ મનુષ્યના શરીરને આ ક્ષારો અસર કરે છે. મોટાભાગના ગામોમાં મીઠા પાણી માટે લોકોને ઘણે દૂર સુધી જવું પડે છે. જેના કારણે મહિલાઓની શક્તિ અને સમય વેડફાય છે, અને વિકાસમાં અવરોધરૂપ બને છે. ઉનાળામાં આ સ્ત્રોતોના પાણી પણ બગડે છે તેવું સ્થાનીક લોકો દ્વારા જાણવા મળ્યું છે અમુક ગામોમાં કુવામાં વરસાદનું પાણી ઉતારી રીચાર્જ કરવામાં આવે છે તેમાં સૌથી ઓછી કઠોરતા અને ક્લોરાઇડ જોવા મળે છે. જે સાબિત કરે છે કે રીચાર્જ કરવાથી પાણીની ગુણવત્તા સુધારી શકાય છે લોક જાગૃતિના આવાં અભિયાનો ગામડે ગામડે થવા જોઇએ જેથી લોકોને ખ્યાલ આવે કે તેનાં ગામનું પાણી પીવા લાયક છે.

**સૂચનો**

ગુજરાતમાં લગભગ ૧૬૦૦ કીલો મીટરનો દરીયા કિનારો આવેલો છે ત્યાં લગભગ બધીજ જગ્યાએ પાણીની ઉપરોક્ત સમસ્યાના નિવારણ રૂપે જળ સંચય અને રીચાર્જની પ્રક્રિયાને વેગ આપવો અને વિવેકપૂર્ણ વપરાશ તેમજ વ્યવસ્થાપનમાં લોક જાગૃતિ અને લોક ભાગીદારી માટે સંકલન, સહકાર, સંગઠન અને સહિયારા પ્રયત્નો જરૂરી છે. ગુજરાતમાં જનક્રાંતિ દ્વારા જલ ક્રાંતિના પ્રયાસો થયા છે. પરંતુ કામ પુરૂં નથી થયું તેનો આરંભ જ થયો છે. ગુજરાતના દરિયાના કીનારે ખારાશગ્રસ્ત વિસ્તારોમાં ટીપેટીપાં પાણીનો સંગ્રહ કરીને તેને ભૂગર્ભમાં ઉતારીને બધાને સારી ગુણવત્તા વાળું પીવાનું પાણી મળી રહે તે માટે પ્રચંડ સામુહિક, સમર્પિત, પ્રયાસોની તાતી જરૂરીયાત છે. આ ઉપરાંત દરિયા કીનારે વસતા દરેક કુટુંબે ભૂગર્ભ ટાંકાઓ બનાવી ચોમાસા દરમ્યાન વરસાદના પાણીનો સંગ્રહ ટાંકામાં કરી. આખા વર્ષ દરમ્યાન પીવામાં તેનો ઉપયોગ કરવો જોઇએ તેમજ દુધાળા જાનવરોને પણ આજ પાણી પાવું જોઇએ. સરકાર દ્વારા એક નીતી ઘડી ઉંડા બોર બને છે તેના ઉપર નિયંત્રણ મુકાવું જોઇએ જેથી કરી ઊંડું ભૂગર્ભનું ક્ષારવાળું પાણી બહાર આવે નહીં. દરિયા કિનારે ક્ષાર સામે ટકાઉ વૃક્ષોનું વાવેતર કરી તેનો ઉછેર કરવો જોઇએ. જેથી પર્યાવરણ સુધરે અને લાંબા ગાળે વરસાદનું પ્રમાણ વધે અને તેનું ભૂગર્ભમાં સ્થળાંતર થાય

કોઇપણ સજીવ, સમાજ કે સંસ્કૃતના અસ્તિત્વ અને વિકાસ માટે પાણી એ અત્યંત આવશ્ક નહીં પણ અનિવાર્ય ઘટક ગણાય છે. પાણી આજે જીવન જરૂરીયાત અને સ્વાસ્થ્યની બાબત રહેવા ઉપરાંત સમાજકારણ, અર્થ કારણ અને રાજકારણને ઘનિષ્ટ રીતે સ્પર્શતી બાબત બની છે. ત્યારે પાણીનું વ્યવસ્થાપન અને તેના વપરાશની એક સર્વગ્રાહી નીતિ ઘડાવી જોઇએ અને તેના વ્યવહારુ અમલ માટે રાજકીય ઇચ્છાશક્તિ તેમજ નાગરિક સમાજની ભાગીદારીને કાર્યાવન્તિ કરવી જોઇએ. દેશના દરેક નાગરિકને પીવાનું પૂરતું પાણી મળે તેને તેના મૂળભૂત અધિકાર તરીકે સ્વીકારવું જોઇએ. પીવાના પાણીના વ્યવસ્થાપન માટે માળખાગત સુવિધાઓ અને તંત્ર પાછળ જે ખર્ચ કરવામાં આવે છે, તેમાં લોક શિક્ષણ, લોક જાગૃતિ અને લોક ભાગીદારી ઉભી થાય અને ટકી રહે તે માટેની જોગવાઇ હોવી જોઇએ.

---

*(અનું પાના નં ૪૭ થી શરૂ)*

દુઃખની વાત એ છે કે લોકો ખેતી પશુપાલન કરતા નથી જેમના મા-બાપ દુધાળ પશુઓ રાખતા નથી તેઓ વધુ ઉત્પાદન આપતી સંકર ગાય અથવા ઉંચી આનુંવંશિકતા વાળી ગાય ભેંસ ના રાખવા અંગે ઘણી તાર્કીક દલીલો કરે છે. મહેનતુ ખેડુતોને આવા સારા રસ્તે જતા અટકાવે છે તે સારૂ નથી. કારણ દેશી અને વિદેશી જાનવરના દુધમાં માત્ર ૦.૫% થી ૨% જેટલા ફેર અને ૨ થી૩% પાણીની વધઘટ હોઇ શકે જ્યારે દુધમાં રહેલા બધાજ તત્વો બન્નેના દૂધમાં સરખા જ હોય છે. જે સૌના માટે સમજવા જેવી વાત છે. માટે આપણે સૌએ વધુ ઉત્પાદન આપતી ગાયો, ભેંસો, પેદા કરવી, નહી તો વિદેશી જાનવરોનું વધુ જથ્થાનું દૂધ સસ્તા ભાવે વેચાશે. જે આપણા માટે નામોશી હશે.

● ● ●

# ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અને સામાજિક પરિવર્તન

✍ ડૉ. જયેશ બારોટ

*ભારતીય અર્થતંત્રના ઝડપી વિકાસ અને વિસ્તાર માટે ઈન્ફોર્મેશન ટેકનોલોજી મહત્વનો સ્ત્રોત બન્યુ છે. કોઈપણ સમાજની અર્થવ્યવસ્થાના બદલાવાની સાથે સમાજના અન્ય પાસાઓ પણ પ્રભાવિત થાય છે. બદલાતી પરિસ્થિતિ, જીવનધોરણો, ખ્યાલો, મૂલ્યો, વિચારો, રોજગારીની તકો, સામાજિક ગતિશિલતાની તકો વગેરે ઉપર ટેકનોલોજીની પ્રભાવી અસર જોવા મળે છે.*

*સમગ્ર ઔદ્યોગિક વિશ્વ આધુનિક ટેકનોલોજીથી પ્રભાવિત થયો છે. ટેકનોલોજીના વિકાસની સાથે સાથે ઉદ્યોગીકરણની પ્રક્રિયા પણ વેગવંતી બની છે જેને કારણે ગ્રામસમુદાય, નગરસમુદાય વગેરેમાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં છે. સ્થળાંતર, નગરીકરણ, વગેરે ઝડપી બન્યા છે.નવી પરિસ્થિતિ અને પ્રશ્નો, પડકારો સાથે અનુકુલન સાધવું પડે છે.*

વર્તમાન યંત્ર વૈજ્ઞાનિક યુગમાં માહિતીનો વિસ્ફોટ થઇ રહ્યો છે. ઉદારીકરણ, વૈશ્વિકરણ, ખાનગીકરણની સાથે સાથે ઔદ્યોગીકરણ, શહેરીકરણ, પશ્ચિમીકરણ જેવી પ્રક્રિયાઓ પણ વેગવંતી બની છે અને સમગ્ર સમાજ ખૂબ ઝડપથી પરીવર્તીત થઇ રહ્યો છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના ઉપયોગથી આજે માનવી સફળતાના ઉચ્ચશિખરો સર કરી રહ્યો છે. તેનું મુખ્ય કારણ બાયોટેક્નોલોજી, ઉર્જાટેક્નોલોજી અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનો ઝડપી વિકાશ છે.

માહિતી તકનિક એ વિજ્ઞાનની બક્ષિસ છે. જ્ઞાન, વિજ્ઞાન અને તકનિકોએ વિશ્વની તાસીર બદલી નાખી છે. જુલાઇ ૧૯૬૯ નીલ આર્મસ્ટ્રોંગથી ચંદ્ર પરની મુલાકાતનો પ્રારંભ થયેલો. મંગળના ગ્રહ પર જવાની મથામણ કરતો માનવ આજે માહિતીનો ખજાનો લઈને વિકસી રહ્યો છે. છેવાડાની વ્યક્તિ સુધી ઇ-મેઇલ, ઇન્ટરનેટ તથા ટેકનોલોજીના અન્ય ઉપકરણો દ્વારા માહિતીની આપ-લે શક્ય બની છે. વિશ્વ એક બન્યુ છે. સાંકડું બન્યુ છે. અંતરિક્ષમાં છોડાયેલા ઉપગ્રહોથી માંડીને ફેક્સ, ઇન્ટરનેટ, ઇ-મેઇલ, ટેલી કોન્ફરન્સ, વિડીયોકોન્ફરન્સ અને અન્ય વિજાણુ માધ્યમોનો ઉપયોગ સામાન્ય ઉપયોગ થઇ ગયો છે.

ટેકનોલોજી માનવજાતને ઉપયોગી એવું બહુ આયામી માધ્યમ છે. જે આર્થિક સ્પર્ધાત્મકતાના પાયાના નિયમોમાં આમૂલ પરિવર્તન લાવવામાં પ્રભાવક બન્યુ છે. આજે વિશ્વ વ્યાપાર ક્ષેત્રમાં સૌથી વધુ ઝડપી વિકાસ પામી રહેલ કોઈ ક્ષેત્ર હોય તો તે ઇન્ફોર્મેશન ટેકનોલોજી છે. ભારતે ૧૯૯૮-૯૯માં આ ક્ષેત્રે ૮૪ ટકાના સૌથી વધુ અને ઉંચો વૃધ્ધિદર પ્રાપ્ત કરેલ.

ઈન્ફોર્મેશન ટેકનોલોજી એટલે કોમ્પ્યુટર ટેકનોલોજી અને ટેલીકોમ્યુનીકેશન ટેકનોલોજીનો સમન્વય. માહિતીનું સંયોજન, પ્રક્રિયા, સંગ્રહ અને પ્રસારણમાં સહાયભૂત થતા સાધનો એટલે ઈન્ફોર્મેશનટેકનોલોજી. અવકાશ સંશોધનના ભાગરૂપ 'દૂર સંચાર ઉપગ્રહો' એ ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો પાયો છે. પર્સનલ કોમ્પ્યુટર, ઇન્ટરનેટ, સેલ્યુલર ફોન એ આ ક્ષેત્રની અદ્યતન ફળશ્રૃતિ છે. મનુષ્યની બૌધ્ધિક ક્ષીતિજોને વિશાળ કરવામાં કોમ્પ્યુટર ટેકનોલોજીએ મહત્વની ભૂમિકા ભજવી છે. સ્વતંત્રતા પછી આપણે ટેકનોલોજી ખરીદનારની જગ્યાએ રાષ્ટ્રીય વિકાસ અને સામાજિક પરિવર્તનમાં મહત્વનું પ્રદાન કરનાર વિજ્ઞાન અને ટેકનોલોજી ઉત્પન્ન કરનારા બન્યા છે. ભારતમાં ૧૯૯૦ પછી આ ક્ષેત્રે અનેક નવા આયામો ઉમેરાયા છે અને ઇન્ટરનેટ સહિત અનેક ક્ષેત્રો ખૂબજ વિકસી રહ્યા છે. ખાનગી કંપનીઓનું જોડાણ વધતા આજે પર્સનલ કોમ્પ્યુટરનો ઉપયોગ કરનાર મોટો વર્ગ જોવા મળે છે. ઇન્ટરનેટનો ઉપયોગ માહિતી પ્રસાર-પ્રચાર,

(લેખક આર્ટસ કોલેજ, સતલાસણામાં પ્રિન્સિપાલ છે.)

વ્યાપાર, મનોરંજન, શિક્ષણ, આરોગ્ય જેવા મહત્વના હેતુઓ માટે થાય છે.સમાજ વિજ્ઞાનોમાં સંશોધન શિક્ષણ માટે અનેક પ્રકારની માહિતી ડેટાબેઇઝ, વિવિધ જર્નલ, સંદર્ભ વગેરે હવે ઇન્ટરનેટ ઉપર સરળતાથી પ્રાપ્ત બન્યા છે.

ભારતીય અર્થતંત્રના ઝડપી વિકાસ અને વિસ્તાર માટે ઇન્ફોર્મેશન ટેકનોલોજી મહત્વનો સ્ત્રોત બન્યુ છે. કોઇપણ સમાજની અર્થવ્યવસ્થાના બદલાવાની સાથે સમાજના અન્ય પાસાઓ પણ પ્રભાવિત થાય છે. બદલાતી પરિસ્થિતિ, જીવનધોરણો, ખ્યાલો, મૂલ્યો, વિચારો, રોજગારીની તકો, સામાજિક ગતિશિલતાની તકો વગેરે ઉપર ટેકનોલોજીની પ્રભાવી અસર જોવા મળે છે.

સમગ્ર ઔદ્યોગિક વિશ્વ આધુનિક ટેકનોલોજીથી પ્રભાવિત થયો છે. ટેકનોલોજીના વિકાસની સાથે સાથે ઉદ્યોગીકરણની પ્રક્રિયા પણ વેગવંતી બની છે જેને કારણે ગ્રામસમુદાય, નગરસમુદાય વગેરેમાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં છે. સ્થળાંતર, નગરીકરણ, વગેરે ઝડપી બન્યા છે.નવી પરિસ્થિતિ અને પ્રશ્નો, પડકારો સાથે અનુકુલન સાધવું પડે છે.

સામાજિક પરિવર્તનમાં સૌથી મહત્વનું અને અસરકારક પરિબળ જો કોઈ હોય તો તે ઇન્ફોર્મેશન ટેકનોલોજી છે. આધુનિક કારખાના, વાહનવ્યવહાર, કે સંચાર માધ્યમો, મેડીસીન સર્જનીના સાધનો, અવકાશ અને કોમ્પ્યુટર ટેકનોલોજી વગેરેએ વિવિધ સમાજોના મૂલ્યો, વલણો, માન્યતાઓ, વર્તણૂંક, જીવનશૈલી વગેરે ઉપર પ્રભાવી અસર કરી છે. અને નોંધપાત્ર પરિવર્તનો જન્માવ્યા છે. દૂર દૂર વસતા લોકો વચ્ચેની આંતરક્રિયા ઝડપી અને સરળ બની છે. ઇ-મેઇલના ઉપયોગ દ્વારા સંપર્કની માત્રા વધી છે. ઝડપી બની છે. પરિણામે પરસ્પર સંસ્કૃતિનો બહોળો પ્રચાર થઇ રહ્યો છે. જેના પરિણામે નવા સબંધો સ્થપાઇ રહ્યા છે. વિકસી રહ્યા છે. વિશ્વને સર કરવાનું સરળ બન્યું છે. આમ ઇન્ફોર્મેશન ટેકનોલોજી દ્વારા સામાજિક પરિવર્તનની ગતિ તેજ બને છે.

માનવ ઉતક્રાંતિની સાથે સાથે ટેકનોલોજી અને વિજ્ઞાન એકબીજાના પૂરક રહ્યા છે. તેમજ ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને સમાજ વચ્ચે પણ નિકટનો સબંધ છે. માનવ વધુને વધુ ટેકનોલોજી ઉપર આધારિત બનતો જાય છે. પરિણામે આધુનિક ટેકનોલોજીની અસર સામાજિક સબંધો પર કોઇને કોઇ સ્વરૂપે જોવા મળે છે. થોર્સ્ટીન વેબ્લેના આધુનિક ટેકનોલોજીની અસર ફેરફાર સમાજ જીવનમાં મૂળગામી પરિવર્તન નિપજાવે છે. ઉત્પાદનના યંત્ર વૈજ્ઞાનિક સાધનોમાં પરિવર્તન આવતા સામાજિક સંસ્થાઓ અને સંસ્કૃતિની સમગ્ર અધિરચનામાં પણ પરિવર્તન આવે તેમ કાર્લ માર્કસ જણાવે છે.

રોજગારી ક્ષેત્રે સૌથી વધુ રોજગારી વર્તમાન સમયમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે શક્ય બની છે. પરિણામે આવક, ખર્ચ, જીવનધોરણ, વિચરાસરણી વગેરે ઉપર તેની અસર પડી છે. અનેક વ્યવસાયો સાથેનું જોડાણ શક્ય બન્યું છે. નવી શિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે. પરિણામે નવા શિક્ષણના ક્ષેત્રો વિકસ્યા છે. આઈ.ટી ક્ષેત્રે અનેક રોજગારીની તકો ઉપ્લબ્ધ બનતાં તેના શિક્ષણનો વ્યાપ વધ્યો છે. શિક્ષણ વધતા સમાજનાં અનેક પાસાઓમાં પરિવર્તનો આવે છે. અસર છે, ટૂંકમાં માહિતી ક્રાંતિએ સમાજના તમામ પાસાઓ ઉપર પ્રભાવિત અસરો કરી છે. સામાજિક પરિવર્તનના એક સહાયક પરિબળ તરીકે ઇન્ફોર્મેશન ટેકનોલોજીનું એક મહત્વનું પરિબળ ગણાવી શકાય


**વિકાસલક્ષી સામયિક એટલે**

**યોજના**

**યોજના વાંચો, યોજના વંચાવો**

# ગ્રામિણ વિકાસમાં ઇન્ફો કિયોસ્ક વ્યવસ્થા

ડૉ. સતીષ પટેલ

*કિયોસ્કને કારણે ઓછી સંખ્યામાં પણ મહત્વની સામાજીક અસરો જોવા મળે છે. ઘણાં કિસ્સામાં, કિઓસ્ક માત્ર પ્રથમ કોમ્પ્યુટર ગામડામાં નથી લાવતુ પણ દેશ, રાજ્ય સરકાર અથવા સ્થાનિક સાહસની વાસ્તવિક હાજરી પ્રથમવાર ગામડામાં શક્ય બનાવે છે. આમ, કિયોસ્ક ગ્રામજનોને અને કિયોસ્ક ચલાવનાર સંસ્થા વચ્ચે ભરોસો બાંધવાનું કામ કરે છે. કિયોસ્ક ગામડાઓને સમાજ સાથે એકરૂપ બનાવવામાં મહત્વનો ફાળો ધરાવે છે. ઘણીવાર કિયોસ્ક સંચાલકોના પ્રયત્નો અથવા કિયોસ્કની પ્રવૃત્તિઓને કારણે ગ્રામ્યજનોના અમુક વર્ગો એકબીજાથી પરિચિત થાય છે અને સાથે કામ કરતા પણ થયા છે. જેના કારણે કિયોસ્ક સમાજીક સેન્ટર તરીકે સ્થાપિત થાય છે. સ્ત્રીઓ માટેની તકો પણ વધતી જાય છે. ઘણા કિયોસ્ક સેન્ટરો પર કિયોસ્ક સંચાલક સ્ત્રીઓ જ હોય છે. જેઓ કિયોસ્ક થકી ગ્રામજનોને આજીવિકા પૂરી પાડવા સાથે માહિતીથી સુસજ્જ બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે.*

**એ**ક એવી ટેકનીકલ વ્યવસ્થા કે જે માહિતીના સ્ત્રોત તરીકે એકત્રીત માહિતીનું લાભાર્થીઓની જરૂરીયાત મુજબ પ્રક્રિયા કરી તેને ચોક્કસ જગ્યા પરથી ઉપલબ્ધ કરાવવામાં આવતી માહિતીની સેવાને ઈન્ફોકિયોસ્ક તરીકે ઓળખાય છે. બીજા શબ્દોમાં કહીએ તો માહિતીનું ઘડતર અને આપ-લે કરવા માટેની નાની સંરચના છે કે એક અથવા વધારે ઉદ્દેશોથી બુથના ભાગરૂપે ઉપયોગ કરવામાં આવે અને કિયોસ્કમાં ઈન્ટરનેટ જોડાણની સગવડો દ્વારા ઓનલાઈન સેવા પણ આપવામાં આવે છે. સફળ કિઓસ્ક ચેનલ માટેની પ્રક્રિયા નીચેની આકૃતિ પ્રમાણે અમલમાં મુકી શકાય છે.

ઓદ્યોગિક રાષ્ટ્રમાં Connected PC એ ઓફલાઈન માહિતી અને સેવાઓને સારામાં સારી રીતે વહેતી મૂકવા માટેનું સર્વશ્રેષ્ઠ સાધન ગણાય છે. કિયોસ્ક ગ્રામજનોને એ બધીજ માહિતી પૂરી પાડે છે જે વાસ્તવિક રીતે ઉપલબ્ધ ના હોય તેવી પણ સેવાઓ પૂરી પાડે છે કે જેને મેળવવામાં કેટલાય દિવસો, વધુ ખર્ચ કરવો પડે. કિયાસ્ક દ્વારા આ માહિતી અને સેવા ગણતરીના કલાકોમાં જ ઉપલબ્ધ બને છે. આમ Connected PC નું મહત્વ ગામમાં અધિક છે.

ભારતમાં લગભગ છેલ્લા દાયકામાં ૧૭૦ કે તેથી વધુ ગ્રામ્ય કિયોસ્ક યોજનાઓ નિર્માણ કરવામાં આવી જેમાની કેટલીક યોજનાઓ પ્રસ્થાપિત થઈ ચૂકી છે અને કેટલીક યોજનાઓ આયોજન હેઠળ પ્રસ્થાપિત થઇ રહી છે.મોટા ભાગની કિયોસ્ક યોજનાઓ ભારતમાં છેલ્લા પાંચ વર્ષોમાં અમલમાં આવી છે, જે ભારતની આઇ.ટી ઉદ્યોગની આબાદી અને તેજીને છતી કરે છે. દેશની વિવિધતાને કારણે આ યોજનાઓના ઉદ્દેશ માળખા અને ભૌગોલીક વહેંચણી અલગ-અલગ હોય છે. પ્રત્યેક વિભાગમાં સાહસીકો, યુનિવર્સિટીઓ, શાસનતંત્ર અને સ્વૈચ્છિક સંસ્થાઓનો સમાવેશ થાય છે. ગ્રામ્ય કિયોસ્કનો મુખ્ય ઉદ્દેશ વ્યવહારીક નફો કરવો, સામાજીક-આર્થિક વૃધ્ધિ કરવી અને સરકારના







(લેખક ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે કાર્યરત છે.)

અધિકારી તંત્રને ગતિમાન રાખવું તે હોય છે.

ગ્રામવિકાસને લક્ષમાં રાખીને ઇન્ફોકિયાસ્ક સેવાઓથી PRI ને વહેચણી કરી શકાય, લાગુ કરી શકાય, દેખરેખ રાખી શકાય અને મૂલ્યાંકન કરી શકાય, ઇન્ફો કિયોસ્ક એ સમાજના વિકાસમાં ફાળો આપે જેથી તેના સામાજીક અને આર્થિક ફાયદાનો લાભ ગ્રામ્ય સમાજ પાસેથી બધા મંડળોને વિકાસના ધ્યેય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

યુનિયન ગવર્નમેન્ટ વિકાસની સત્તા હેઠળ પંચવર્ષીય યોજના ૨૦૦૨-૨૦૦૭ માં નોંધ લેવામાં આવી હતી કે ઇન્ફો કિયાસ્ક સેવા સરકાર થી સરકાર, સરકારથી ધંધો અને સરકારથી નાગરીક વચ્ચે ઇલેક્ટ્રોનિક માહિતીનું આદાન પ્રદાન પૂરૂં પાડે છે. જેનાથી ઇ-ગવર્મેન્ટની સેવાઓ છેવાડાના નાગરીક સુધી મળવાની ચાલુ થઇ અને કેટલાક ICT ઇન્ફો કિયોસ્ક દ્વારા સરકારની સેવાઓને લોકોને પુરી પાડે છે. ઇન્ફો કિયોસ્ક નાગરિકો માટે ડેટા અને વોઇસ કોમ્યુનિકોશન વચ્ચે જોડાણનું કામ કરે છે. SWAN રાજ્ય સ્તરે, NICNET રાષ્ટ્રીય સ્તરે, ઇન્ફો કિયોસ્ક ગવર્મેન્ટ એજન્સીઓના માળખાની સાથે રહીને કામ કરે છે. NICNET ના કેન્દ્રીય સરકારના વિભાગોમાં Gateway Nodes છે જે ૩૫ રાજ્યો/UT ને IT સર્વિસીસ માટે ૬૦૩ જીલ્લાઓ કલેકટર ઓફિસ માટે SWAN ની રચના કરવામાં આવી છે જે DIT SWAN માર્ગદર્શન હેઠળ છે.

એમ. એસ. સ્વામીનાથે કહ્યું છે કે 'આખા દેશની ઇન્ફોકિયોસ્કની ચળવળનું આખું માળખું જોડાણ અને મુદ્દા એમ બે સ્થંભ ઉપર આધાર રાખે છે.'

ગ્રામ્ય કિયોસ્ક ભારતમાં ૭૦ કરોડ લોકોને પ્રાથમિક કોમ્પ્યુટરનો અનુભવ પૂરો પાડે છે. આટલી મોટી સંખ્યાને અસર કરતા પરિબળને અવગણી શકાય તેમ નથી. આજના વર્તમાન ભારતીય પરિણામો આ વિભાગની મુંઝવણોનો ઉપાયો અને તેને મજબૂત બનાવાવ માટે પ્રયાસો કરવા તરફ નિર્દેશ કરે છે. આજના રાજકિય વાતાવરણમાં ગ્રામ્ય ટેકનોલોજીને શરૂ કરવી ખૂબ જ અગત્યનું બનતું જાય છે. અહિં અમુક પ્રશ્નોમાંથી ઉદ્ભવતો એ પ્રશ્ન એ છે કે શું કોમ્પ્યુટીંગ ટેકનોલોજી ગ્રામ્ય સમાજીક-આર્થિક વિકાસ માટે ચાવીરૂપ સાબિત થઇ શકે ? ગ્રામ્ય કિયોસ્ક ગરીબ ગ્રામવાસીઓને આજીવિકા પૂરી પાડીને તેમનું જીવનધોરણ સુધારવામાં મદદ કરે છે અને તેમને માહિતીઓ, સાધનો માલ અને સેવાઓથી પરિચિત બનાવીને સુસજ્જ કરે છે. કિયોસ્ક યોજનાને લાંબાગાળા માટે આર્થિક રીતે સશક્ત બનાવતી વખતે સૌથી મોટો પડકાર આ યોજનાનો ફાયદો બધાજ લોકોને સતત મળ્યા કરે તે જોવાનો છે.

### કિયોસ્ક પ્રોજક્ટનું અમલીકરણ

ગ્રામિણ કિયોસ્કમાં પ્રવેશ કરનારાઓ જુદા-જુદા હેતુઓથી પ્રવેશ કરે છે. યોજનામાં પ્રવેશનારા કોણ અને શા માટે છે તે જાણવા માટે કોણે પ્રોજકેટ શરૂ કર્યો અને કયા કારણોસર કે જેથી કિયોસ્કને ધંધાદારી પહેલ, સાહસિકો દ્વારા કરવામાં આવતી પહેલ કે સરકાર દ્વારા આવતી પહેલ એમ ત્રણ ભાગોમાં વહેંચી શકાય છે.

### ધંધાદારી શરૂઆત

મોટા સાહસો ગ્રામિણ બજારમાં તાત્કાલિક અથવા ભવિષ્યની તકો જોતા હોય છે. કોર્પોરેટ બોટમ લાઇનમાં વધારો થવાથી કિયોસ્ક પણ હકારાત્મક રીતે આગળ આવેલ છે. જે ગ્રામિણ કિયોસ્કને ફાયદાકારક બનાવે છે. દા.ત. ITC નું ઇ-ચોપાલ, EID-Parry, ICICI ની ગ્રામ્ય બેંકની માઇક્રો લોન સેવા અને હિન્દુસ્તાન લિમીટેડની ઇ-શક્તિ સફળ ઉદાહરણ છે.

### સાહિસિકો દ્વારા શરૂઆત

ઘણા કિયોસ્ક સાહસિકો સ્વૈચ્છિક સંસ્થાઓ અને બિન નફાકારક સંસ્થાઓ ચલાવતી હોય છે. સાહસિકો તેમની જાતિના લોકોને સેવાઓ પૂરી પાડવાની અને જરૂરીયાત સંતોષવાની સાથે નફો મેળવવાનો ઉદ્દેશ રાખે છે. જયારે સ્વૈચ્છિક સંસ્થાઓ સામાજીક મદદ કરવા માટે આ યોજનાઓ શરૂ કરે છે. ઉદાહરણ તરીકે Drishtee, 'Connecting India Village by Village' આ ઉદ્દેશને સિધ્ધ કરવા, N-Logue દ્વારા ગ્રામિણ જાતિઓને ઇન્ટરનેટ આધારિત સેવા પૂરી પાડીને વિકાસ માટે મદદરૂપ થવા એ સફળ ઉદાહરણો છે.

### સરકાર દ્વારા શરૂઆત

ભારત સરકાર અને રાજય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં માહિતી સંચાર ટેકનોલોજી શરૂ કરવાનાં મોટા પ્રમાણમાં પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે જેનો મુખ્ય ઉદ્દેશ ICT ના લાભો તેના ગામોમાં આર્થિક વિકાસ સાધવાનો અને લોકતંત્રને ગતિમય રાખવાનો છે. ઉદાહરણ તરીકે કેરલનો અક્ષય પ્રોજેક્ટ જે રાજયને ૧૦૦ ટકા કોમ્પ્યુટરથી સાક્ષર કરવા, કર્ણાટકમાં ભૂમિ પ્રોજેક્ટ જે કિયોસ્ક મારફતે નાગરિકને જમીનના રેકોર્ડની માહિતી ઓનલાઇન પૂરી પાડે છે. સરકાર આ યોજનાઓ માટે જરૂરી રોકાણ પુરૂ પાડે છે અને ઘણાં સંજોગોમાં

સબસીડીઓ પણ પૂરી પાડે છે. કોમ્પ્યુટરાઇઝ્ડ સરકારી સેવાઓ વધુ પસંદ કરવામાં આવે છે.

### કિયોસ્કનો ઉપયોગ

નીચે દર્શાવેલ કેટલાક ઉપયોગો સર્વસામાન્ય છે. કિયોસ્ક નીચે દર્શાવેલ બધીજ સેવાઓ પુરી પાડ્યા વગર અસ્તિત્વમાં રહી શકે તેમ નથી.




કિયોસ્કને કારણે ઓછી સંખ્યામાં પણ મહત્વની સામાજીક અસરો જોવા મળે છે. ઘણાં કિસ્સામાં, કિઓસ્ક માત્ર પ્રથમ કોમ્પ્યુટર ગામડામાં નથી લાવતુ પણ દેશ, રાજય સરકાર અથવા સ્થાનિક સાહસની વાસ્તવિક હાજરી પ્રથમવાર ગામડામાં શક્ય બનાવે છે. આમ, કિયોસ્ક ગ્રામજનોને અને કિયોસ્ક ચલાવનાર સંસ્થા વચ્ચે ભરોસો બાંધવાનું કામ કરે છે. કિયોસ્ક ગામડાઓને સમાજ સાથે એકરૂપ બનાવવામાં મહત્વનો ફાળો ધરાવે છે. ઘણીવાર કિયોસ્ક સંચાલકોના પ્રયત્નો અથવા કિયોસ્કની પ્રવૃત્તિઓને કારણે ગ્રામ્યજનોના અમુક વર્ગો એકબીજાથી પરિચિત થાય છે અને સાથે કામ કરતા પણ થયા છે. જેના કારણે કિયોસ્ક સમાજીક સેન્ટર તરીકે સ્થાપિત થાય છે. સ્ત્રીઓ માટેની તકો પણ વધતી જાય છે. ઘણા કિયોસ્ક સેન્ટરો પર કિયોસ્ક સંચાલક સ્ત્રીઓ જ હોય છે. જેઓ કિયોસ્ક થકી ગ્રામજનોને આજીવિકા પૂરી પાડવા સાથે માહિતીથી સુસજ્જ બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે.

### જરૂરીયાતો અને પડકારો

ગ્રામિણ કિયોસ્કનું સ્થાન ગામડામાં, ગરીબ અને અભણ પ્રજા વચ્ચે સ્થપાયું હોવાથી ગ્રામિણ કિયોસ્ક યોજનાઓ અમુક પડકારો સહન કરે તે સ્વાભાવિક છે. દરેક જગ્યાએ ભાષા, સંસ્કૃતિ, અને ભૂગોળ અલગ-અલગ હોવાથી એ જ મુશ્કેલીઓ ફરી ફરી ઉદ્ભવે છે.

- સંચાલકીય પડકારો
- સારા સંચાલકો ઉપર આધારિત
- નાણાંકીય પડકારો
- માળખાકીય પડકારો
- કિયોસ્ક સ્થળની પસંદગી
- ટેકનોલોજીની આવશ્કતાઓ
- પાવર વ્યવસ્થાપન
- કનેક્ટીવીટી
- હાર્ડવેરની વિષમતા
- સ્થાનીક ભાષા

આમ, ઈન્ફોકિયોસ્કના વિકાસને અસર કરનારા બધાજ ક્ષેત્રો જેવાકે ઉર્જા, માર્ગ, આર્થિક, કેપીસીટી બિલ્ડીંગ શાસન, ટેલિકોમ અને કનેક્ટીવીટી આ બધા ક્ષેત્રોમાં સુધાર જરૂરી છે.

---

*(અનુસંધાન પાનાનં ૨૫ થી શરૂ)*

આજે મલેશિયાના ભારતીયોને જે સમસ્યા નડે છે એ એ જ છે કે મોટા ભાગના પાસે મલેશિયાનું નાગરિકત્વ નથી અને તેના કારણે તેમને નોકરીઓ જ નથી મળતી. મલેશિયામાં ભારતીયોની વસતી ૮ ટકા છે જ્યારે રાષ્ટ્રિય સંપત્તિમાં તેમનો હિસ્સો માત્ર ૨ ટકા જ છે. બાળગુનેગારોમાં ૧૪% ભારતીયો છે. ૨૧ લાખ ભારતીયોમાંથી માંડ ૫% ગ્રેજયુએટ થયેલા છે. અત્યારે મલેશિયામાં સરકારી નોકરી હોય કે પછી બિઝનેશ માટેના લાઇસન્સ હોય બધામાં ભારતીયોને કોરાણે મૂકાય છે. આ નીતિ ઘણા સમયથી અમલમાં છે એટલે તેની સામે ઘૂઘવાટ તો હતોજ એમાં અચાનક ગયા મહિને મલેશિયન સરકારે હિન્દુ મંદિરો તોડવા માંડ્યા... અત્યારે ભારતીયો ત્યાં પોતાના હકો માટે દેખાવો કરે ને લડે છે. અને સરકાર તેમને દબાવવા માટે દમનનો કોરડો ઝીંક્યા કરે છે... ભારત સરકારે મલેશિયા સરકારનું ધ્યાન દોર્યું પણ મલેશિયાના શાસકો એટલા છાટકા બન્યા છે કે તેમણે ભારત સરકારને કહી દીધું કે અમારા મામલામાં દખલ કરવાની જરૂર નથી.

દક્ષિણ આફ્રિકામાં જ્યાં મહાત્મા ગાંધીજીએ રંગભેદ વિરોધી ચળવળ ચલાવી હતી, ત્યાં અત્યારે પણ ભારતવાસીઓ રંગભેદની નીતિનો ભોગ બની રહ્યા છે. અહિં પ્રશ્ન છે, ક્યાં છે માનવ અધિકાર ?

અમેરિકામાં પણ કેટલાક શિક્ષીત ભારતીયો મહદઅંશે રંગભેદની નીતિનો ભોગ બની રહ્યા છે. સમગ્ર યુરોપના કોઇના કોઇ ખૂણે આજે પણ, કોઇને કોઇ ભારતીય રંગભેદની નીતિની સજા ભોગવા રહ્યા છે.

ભારતે તો પોતાના બંધારણમાં 'માનવ અધિકારો' નો સ્વીકાર કરી, દેશના તમામ નાગરિકોને સમાન રીતે અધિકાર આપ્યા છે. આ ખૂબ આવકાર દાયક વાત છે. અને અહિં છેલ્લે સવાલ ઉભો થાય છે કે શું આપણી સરકાર વિદેશમાં રહેતાં ભારતીયો ના અધિકાર માટે કઇ નહિં કરી શકે ? આપણા દેશમાં ૧૦ ડિસેમ્બરની ઉજવણી કરવી એટલું જ પૂરતું છે?

# ૧૯૯૧ પછીના ગુજરાત રાજ્યના વિકાસની ગાથા

યશવંત કડીકર

*૧૯૯૧ પછી ગુજરાતે ઔદ્યોગિક મોરચે પણ સારી પ્રગતિ સાધી છે. શરૂઆતમાં તો આપણે કાપડ ઉદ્યોગ અને તેની સાથે સંકળાયેલા અન્ય ઉદ્યોગો પર આધારિત હતા. ઔદ્યોગિક પ્રવૃત્તિઓ મુખ્યત્વે અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત જેવા મુખ્ય શહેરમોમાંજ હતી.*

*પરંતુ તે પછી આયોજિત ઔદ્યોગિક વિકાસ, તેમજ લોકોના સાહસ અને કૌશલ્ય, કામદારો સાથેના સુમેળભર્યા સબંધો આધાર રાખી શકાય તેટલો વીજળીનો પૂરવઠો રાજ્યના ઔદ્યોગિક નિગમોએ ભજવેલો ભાગ વિગેરેને કારણે રાજ્યની ઔદ્યોગિક સ્થિતમાં ખૂબજ પરિવર્તન આવ્યું. આજે તો ગુજરાત દેશમાં અગ્રણી ઔધ્યોગિક  રાજ્ય ગણાય છે. અને ઉત્પાદનનાં ક્ષેત્રમાં તેનું સ્થાન બીજું છે.*

ગુજરાત રાજ્યની સ્થાપના તો ૧લી મે ૧૯૬૦ ના રોજ થઈ. પરંતુ ૧૯૯૧ પછી ગુજરાતે રાજ્યે જે સિધ્ધિ અને સમૃધ્ધિ હાંસલ કરી છે. તેનો યશ રાજ્યના વહીવટકર્તાઓ અને આપણી ગુણીયલ ગુજરાતી પ્રજાને આપી શકાય.

આપણો ભુતકાળ ભવ્ય છે. વર્તમાન વિશીષ્ટ છે, અને ભાવિ ઉજળું છે. આપણને લાંબો ઐતિહાસિક અને સાંસ્કૃતિક પ્રણાલિનો વારસો સાપડ્યો છે. અમદાવાદ જિલ્લામાં લોથલ ખાતે મળેલા પ્રાચીન અવશેષો આ વાતની સાક્ષી પૂરે છે. ભગવાન શ્રી કૃષ્ણની નગરી દ્વારિકા અને એમનો દેહોત્સર્ગ થયો સોમનાથ (વેરાવળ)ની પાસેની એક જગ્યાએ, જે કૃષ્ણ મોક્ષના નામે જાણીતી છે. આમ ગુજરાત ભગવાન શ્રી કૃષ્ણની કર્મભૂમિ રહ્યું છે. આપણા ગુજરાતના બે પનોતા પુત્રો- મહાત્માં ગાંધી અને સરદાર પટેલ, જેમણે ભારતના ઈતિહાસને નવો વળાંક આપ્યો અને ગુજરાતનું નામ દેશ પરદેશમાં ગાજતું કર્યું.

આપણે એ પણ જાણીએ છીએ કે ગુજરાતમાં મોરબી પાસે ટંકારામાં જન્મેલા સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સ્થાપના કરી હતી. સ્વામી સહજાનંદે ભારતમાં સ્વામી નારાયણ સંપ્રદાયની સ્થાપના કરી હતી. જેમાં વિશાળ અનુયાયી વર્ગ આજે પણ ગુજરાતમાં છે.

આપણી આઝાદી અને એકતાની મશાલથી મહાપુરૂષોની આકાશગંગા ગુજરાતમાંજ આરંભાઈ હતી, અને આ મહામાનવો હતા સ્વાતંત્ર સંગ્રામના વયોવૃધ્ધ જન્મદાતા શ્રી દાદાભાઈ નવરોજી, અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, ભારતીય સંઘમાં ગુજરાતનો એક રંગીન અને યુગ જૂનો પ્રાચીન સાસંકૃતિક વારસો છે. તેની ભૂમિ ફળદ્રુપ, સુંદર અને સમૃધ્ધ છે.

અરબી સમુદ્રનો ૧૬૦૦ કિ.મી. લોંબો દરિયા કિનારો ગુજરાતની સમૃધ્ધિનું એક સોપાન છે. ગુજરાતનું ક્ષેત્રફળ ૧,૯૬,૦૦૦ ચો.કિ.મીનું એટલે કે ભારતના કુલ ક્ષેત્રફળના ૬.૧૦ટકા જેટલું છે. ભારતના રાજ્યોમાં વસ્તીના દ્રષ્ટીએ ગુજરાતનું સ્થાન દસમું અને વિસ્તારની દ્રષ્ટિએ નવમું છે. અક્ષરજ્ઞાનના ક્ષેત્રમાં સરકારની નિરક્ષરતા નિવારણ યોજનાના કારણે ગુજરાતે એનું સ્થાન જાળવી રાખ્યું છે.

આપણો મુખ્ય વ્યવસાય તો ખેતીનો છે. ખેતીના વ્યવસાયનો વિકાસ થયો ૧૯૯૧ પછી. આ સમયે શ્રી ચીમનભાઈ પટેલની સરકાર હતી. (૪-૩-૯૦ થી ૧૭-૨-૯૪) આ સમયમાં ઔદ્યોગિક વિકાસ પણ ઝડપી થયો. સરકારની પ્રોત્સાહક યોજનાઓથી કલાક્ષેત્રે પણ ગુજરાતે હરણફાળ ભરી. ગુજરાતનાં રંગીન લોકનૃત્યો, કલા સભર નિવેસો આપણા મમતાભર્યા રીત રીવાજો, પ્રણાલીઓ અને હસ્તકલામાં નોધપાત્ર પ્રગતિ થઈ. સરકારની કુનેહ ભરી નીતિના કારણે શિક્ષણ, કલા અને વ્યવસાય વિકાસ પામ્યા.

(લેખક વરિષ્ઠ પત્રકાર છે.)

આપણી ગુજરાતી ભાષા અલગ ભાષા તરીકે અસ્તિત્વમાં આવી. સ્વાયત્ત ગુજરાત સાહિત્ય અકાદમીનો ચીમનભાઇ પટેલની સરકારના સમયમાં સૈધ્ધાંતિક સ્વીકાર થયો. પછી તો સ્વાયત્ત અકાદમી અસ્તિત્વમાં આવી.

વિકાસની કેડીએ આપણે આગળ વધાતાજ રહ્યા. વિકાસના તમામ મહત્વના વિભાગોમાં આપણું ગુજરાત રાજ્ય અગ્રિમસ્થાન ધરાવવા લાગ્યું. ચીમનભાઇની સરકારે રાજ્યની તમામ કચેરીઓમાં વહીવટને લોકાભિમૂખ બનાવવા માટે અથાગ પ્રયત્નો કર્યા.

આપણા અર્થતંત્રની વાત કરીએ તો રાજ્યના વિકાસ માટે ત્રીજી પંચવર્ષિય યોજના પહેલો સંકલિત પ્રયાસ હતો. અને તે સમયથી અર્થતંત્રના જૂદા-જૂદા વિભાગોમાં રાજ્યમાં નોંધપાત્ર પ્રગતિ સધાયેલી છે. અને પછી તો ગુજરાતે પોતાની વિકાસ લક્ષી લાંબા ગાળાની આઠમી યોજનાનું આયોજન કર્યું. મજૂરોને વધુ મજૂરી મળે, બેકાર અને અર્ધ બેકાર લોકોને રોજગારમાં સમાવી લેવાય, અને રોજગારની તકો વિશાળ પાયા પર વિકસે એવી સરસ કાર્યવાહી માટેની આ યોજના સાચેજ સફળ રહી.

ચીમનભાઇ પટેલની સરકારનું એક સ્વપ્ન હતું. સરદાર સરોવર (નર્મદા) પરિયોજના. ગુજરાતની નર્મદા નદી ભારતમાં પાંચમાં નંબરની લાંબી નદી છે. તેની લંબાઇ ૧૩૧૨ કિમી. ની છે. અને ૯૮,૮૦૦ ચો.કિમી નો તેનો કુલ પટ છે. ગુજરાતમાંથી પસાર થતી આ મહાસરિતામાં પંજાબની રાવી, બિયાસ અને સતલજ એ ત્રણ નદીના પાણી ભેગા કરો એટલી જળ રાશિ છે.

નર્મદાના આ જલોદિધીના પાંચ ટકા કરતા પણ ઓછા પાણીનો વપરાશજ અત્યાર સુધી થતો હતો. દર વર્ષે ૪૧,૦૦૦ એમ.સી.એમ. પાણીનો જથ્થો લગભગ બધોજ સાગરમાં વહી જતો. આમ, પાણીના મોટા પ્રમાણનો વ્યય થતો અને પશ્ચિમ મધ્યપ્રદેશ, ગુજરાત અને દક્ષિણ રાજસ્થાનના વિશાળ પ્રદેશોને પાણી વિના હેરાન થવું પડે. એટલે રાષ્ટ્રના કલ્યાણ માટે જળનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે સરદાર સરોવર (નર્મદા) પરિયોજના તૈયાર કરવામાં આવી. જેથી આપણી પાણીની સમસ્યા હલ થાય.

આ સમયમાં, એટલે કે ૧૯૯૧ પછી ગુજરાતે ઔદ્યોગિક મોરચે પણ સારી પ્રગતિ સાધી છે. શરૂઆતમાં તો આપણે કાપડ ઉદ્યોગ અને તેની સાથે સંકળાયેલા અન્ય ઉદ્યોગો પર આધારિત હતા. ઔદ્યોગિક પ્રવૃત્તિઓ મુખ્યત્વે અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત જેવા મુખ્ય શહેરમોમાંજ હતી.

પરંતુ તે પછી આયોજિત ઔદ્યોગિક વિકાસ, તેમજ લોકોના સાહસ અને કૌશલ્ય, કામદારો સાથેના સુમેળભર્યા સબંધો આધાર રાખી શકાય તેટલો વીજળીનો પૂરવઠો રાજ્યના ઔદ્યોગિક નિગમોએ ભજવેલો ભાગ વિગેરેને કારણે રાજ્યની ઔદ્યોગિક સ્થિતમાં ખૂબજ પરિવર્તન આવ્યું. આજે તો ગુજરાત દેશમાં અગ્રણી ઔધ્યોગિક રાજ્ય ગણાય છે. અને ઉત્પાદનનાં ક્ષેત્રમાં તેનું સ્થાન બીજું છે.

સુરત નજીકનું હજીરા વિકાસ પામતા ઔદ્યોગિક કેન્દ્રમાંનુ એક ગણાય છે.

આપણા ગુજરાત રાજ્યમાં રાષ્ટ્રિય શિક્ષણ નીતિનો અમલ કરવામાં આવ્યો છે. અને આ નીતી તળે રાજ્યમાં વસતીનાં ૯૮.૫ માટે શાળાની સગવડો ઉપલબ્ધ છે. રાજ્યમાં તમામ સ્તરે નિઃશુલ્ક કન્યા કેળવણી દાખલ કરવામાં આવેલ છે.

કૃષિલક્ષી સુવિધાઓ માટે પણ આપણું રાજ્ય મોખરે છે. રાજ્યમાં હવામાન અને જમીનનું વિશાળ વૈવિધ્ય હોવાથી અનેક જાતના પાક લઈ શકાય છે. અનાજમાં મુખ્યત્વે ઘઉં જુવાર, બાજરી, ડાંગર અને મકાઇનો પાક થાય છે. કપાસ, સીંગદાણા, તેલીબીયાં, શેરડી, અને તમાકુ જેવા રોકડીયા વેપારી પાક ખેતીવાડીમાં લગભગ પચાસ ટકાને આવરી લે છે. આ બધા પાક રાષ્ટ્રીય કક્ષાએ આર્થિક સધ્ધરતા અને ઉત્પાદનની દ્રષ્ટિએ સારો ફાળો આપ્યો છે.

આપણા રાજ્યમાં ડેરીનો ઉદ્યોગ પણ મોટાપાયે વિકાસ પામ્યો છે. આ ઉદ્યોગ ગ્રામ્ય વિસ્તારમાં સામાજિક, આર્થિક પરિવર્તન લાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. ગુજરાત સરકારની વિશાળ નીતિના માળખાં તરીકે સરકારી પ્રવૃત્તિ દ્વારા ડેરી ઉદ્યોગને વિકસાવવામાં આવ્યો છે. અને તેને વિસ્તૃત નાણાંકિય સહાય આપવામાં આવે છે.

વિશ્વ બેન્કની સહાયથી વન યોજનાનો રાજ્યમાં નિષ્ઠા પૂર્વક અમલ થઇ રહ્યો છે. આથી પર્યાવરણ જળવાઇ રહેશે, વાતાવરણીય સમતુલા ચાલુ રહેશે અને જંગલોમાં ઉત્પાદકતા અને ગુણવત્તામાં સુધારો થશે.

આજે તો નર્મદાનાં નીર આખા ગુજરાતમાં વહી રહ્યાં છે. આમ ૧૯૯૧ પછીનો ગુજરાતનો વિકાસ નોંધપાત્ર રહ્યો છે.

# જે મધ્યપ્રદેશમાં વાઘ હણાય છે ત્યાં સિંહના સ્થળાંતરથી વંશ બચી જશે ?

ચંદ્રકાન્ત ચૌહાણ

*એક સમયે સિરિયા, ઈરાક, ઈરાન, પાકિસ્તાન અને ઉત્તરભારતમાં પણ સિંહ વસવાટ કરતો હતો. પરંતુ ૨૦મી સદીના પ્રારંભ સુધીમાં તો એશિયાઈ સિંહ ગિરના જંગલો સુધી સીમિત બની ગયો હતો. ગીરના જંગલોમાં ૧૦૦ જેટલા સિંહોની ત્રાડ સંભળાતી હતી પરંતુ એક સમય એવો આવ્યો કે ૧૯૧૩માં સિંહોની સંખ્યા વધીને ૨૦ જેટલી થઈ ગઈ. એશિયાઈ સિંહોનો વંશજ જાણે ખતમ થવા લાગ્યો. આ સંજોગોમાં જૂનાગઢના નવાબે સિંહોના વંશવિસ્તારનું અભિયાન છેડતાં આ સંખ્યા ૨૦૦ સુધી પહોંચી શકી હતી. દેશ આઝાદ થયાબાદ ૧૮ સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ એશિયાઈ સિંહની જાળવણી માટે ગીર નેશનલ પાર્કની રચના પણ કરવામાં આવી. પાર્ક ૨૪૫૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલો છે. પરંતુ આ સિંહ અભ્યારણમાં પણ સિંહો સલામત નથી. ગુજરાત સરકાર સિંહોને બચાવી લેવા ભારે જહેમત કરે છે. પરંતુ વસવાટ ક્ષેત્ર ઘટતાં સિંહો દૂર ભાવનગર અને અમરેલીના માનવ વસવાટના ક્ષેત્રો સુધી સ્થળાંતર કરતા થતાં ચિંતાનું મોજુ ફેલાયું છે.*

**ભા**રતમાં ઘરની દીવાલ પર ટીંગાઇને ઘડિયાળ ટકટક નહોતી કરતી, પરંતુ રાતે ધ્રુવના તારા અને સપ્તર્ષિની સ્થિતિ જોઇને અને દિવસે પડછાયાના કદને આધારે જ લોકો સમય નક્કી કરી લેતા હતા તે દિવસોમાં ગીરના જંગલોમાં સિંહ અને ઇડરના અરવલ્લી પહાડથી માંડીને ડાંગના જંગલો સુધીના પૂર્વ ગુજરાત પટ્ટીમાં વાઘની ત્રાડ રાતના સન્નાટામાં ઘરમાં બેઠા પણ સાંભળવામાં આવતી હતી.

પરંતુ આજે સ્થિતિ અલગ છે. ઇડરથી માંડીને ડાંગના જંગલો સુધી વાઘનું નામોનિશાન નથી અને ગીરના સિંહના જીવન ભયમાં મુકાઇ ગયાની બુમરાણ ઉઠી છે. મનુષ્યની મારકશક્તિ શું એટલી હદે વધી ગઇ છે કે સિંહો પણ સલામત નથી? સિંહની આ હાલત હોયતો બાકીના વન્ય પ્રાણીઓની તો હાલત જ શી હશે?

**અમદાવાદમાં ચકલું ફરકતું નથી**

જંગલોમાં વન્યપ્રાણીઓના જીવન ભયમાં મુકાઇ ગયા છે. તો માનવ વસ્તીમાં પણ પંખી-પ્રાણી સલામત નથી. માણસની બદલાયેલી જીવનશૈલીએ એટલી હદે ઘોંઘાટ વધારી દીધો છે કે અમદાવાદ જેવા શહેરમાં ખિસકોલી અને ચકલી અદ્રશ્ય થઇ ચૂક્યા છે. વાહનોના તીણા હોર્ન અને ઘરેરાટી વચ્ચે કબુતર, કાગડા અને કાબર હજી ડરતા, ડરતા શહેરમાં વસી રહ્યા છે. પરંતુ આગળ જતાં આ પક્ષીઓ પણ શહેર છોડી દે તો નવાઇ નહીં. પહેલાં એમ કહેવાતું હતું કે સિંહ કે વાઘ વસતો હોય ત્યાં ચકલું પણ ના ફરકે આજે સ્થિતિ બદલાઇ છે. માણસ જ્યાં વસવાટ કરે ત્યાં ચકલું ફરકતું નથી. પશુંપંખીઓ પણ માણસની બદલાયેલી જીવનશૈલીની પડી રહેલી વિપરીત અસરોને સમજવા માટે આટલો પુરાવો નથી! અને છતાં આજે જેના વંશ વિષે ચિંતાઓ સેવાઇ રહી છે. તે સિંહની વાતજ કહી લઇએ.

**સિંહ એક સામાજિક પ્રાણી**

સિંહ માનવભક્ષી પ્રાણી નથી. વગર કારણે માણસ તો શું વન્યપ્રાણી પર તે હુમલો કરતો નથી. માત્ર ખોરાક માટે જ જીવને હણે છે. સિંહમાં પરિવાર ભાવના હોય છે. માદા અને બાળકોની તે સંભાળ લે છે અને એ રીતે સામાજિક પ્રાણી છે. (વાઘના કિસ્સામાં આવું નથી.) રાજા જેવો મિજાજ અને આકૃતિ ધરાવતો હોવાથી સિંહને જંગલનો રાજા કહેવામાં આવે છે. આપણા સાહિત્યમાં પણ સિંહને વિશિષ્ટ સ્થાન અપાયું છે અને તે શૌર્યનું પ્રતિક મનાય છે. જેમના નામ પરથી દેશનું નામ ભારત પડયું છે, તે બાળ ભરત અને પિતા દુષ્યંત વચ્ચેના પ્રથમ મિલનનો સાક્ષી સિંહજ હતો. કણ્વકૃષિના આશ્રમ નજીક દુષ્યંત રાજાએ સિંહના ઉઘાડા મોઢામાં હાથ નાખીને તેના દાંત ગણી રહેલા નાનકડા ભરતને જોયા હતા. ભરત અને સિંહ તો દોસ્ત હતા. પરંતુ આજે સ્થિતિ એ છે કે સિંહ જેવા શક્તિશાળી પ્રાણીના વંશને બચાવી લેવા ચિંતા કરવી પડે છે. કેટલા

(લેખક વરિષ્ઠ પત્રકાર છે.)

લાચાર બની ગયા છે સિંહ ?

**સિંહ અને જૂનાગઢના નવાબ**

વિશ્વમાં બિલાડી કુળની ૩૮ જાતિઓ પૈકી સિંહ, વાઘ, દિપડો, ચિત્તો અને બરફીલા પ્રદેશના દીપડા સહિત સાત પ્રાણી મોટી બિલાડીના વર્ગમાં આવે છે. ભારતમાં સિંહ, વાઘ, દીપડો અને બરફિલા પ્રદેશના દીપડા હજી આજે પણ બચ્યા છે. ચિત્તાનું નામો નિશાન મટી ગયું છે. અને હવે સમગ્ર પૃથ્વી પર માત્ર અને માત્ર ગીરના જંગલોમાં વસી રહેલા એશિયાઇ સિંહવંશ વિષે ચિંતાઓ સેવાઇ રહી છે.

એક સમયે સિરિયા, ઇરાક, ઇરાન, પાકિસ્તાન અને ઉત્તરભારતમાં પણ સિંહ વસવાટ કરતો હતો. પરંતુ ૨૦મી સદીના પ્રારંભ સુધીમાં તો એશિયાઇ સિંહ ગિરના જંગલો સુધી સીમિત બની ગયો હતો. ગીરના જંગલોમાં ૧૦૦ જેટલા સિંહોની ત્રાડ સંભળાતી હતી પરંતુ એક સમય એવો આવ્યો કે ૧૯૧૩માં સિંહોની સંખ્યા ઘટી ને ૨૦ જેટલી થઇ ગઇ. એશિયાઇ સિંહોનો વંશજ જાણે ખતમ થવા લાગ્યો. આ સંજોગોમાં જૂનાગઢના નવાબે સિંહોના વંશવિસ્તારનું અભિયાન છેડતાં આ સંખ્યા ૨૦૦ સુધી પહોંચી શકી હતી. દેશ આઝાદ થયાબાદ ૧૮ સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ એશિયાઇ સિંહની જાળવણી માટે ગીર નેશનલ પાર્કની રચના પણ કરવામાં આવી. પાર્ક ૨૪૫૦ હેકટર વિસ્તારમાં ફેલાયેલો છે. પરંતુ આ સિંહ અભ્યારણમાં પણ સિંહો સલામત નથી. ગુજરાત સરકાર સિંહોને બચાવી લેવા ભારે જહેમત કરે છે. પરંતુ વસવાટ ક્ષેત્ર ઘટતાં સિંહો દૂર ભાવનગર અને અમરેલીના માનવ વસવાટના ક્ષેત્રો સુધી સ્થળાંતર કરતા થતાં ચિંતાનું મોજુ ફેલાયું છે. સિંહો માટે અભ્યારણને અડીનેજ બે નાના અભ્યારણો ઉભા કરવાની દરખાસ્ત તૈયાર થઇ છે.

**ગીરના સિંહો ભયમાં**

વર્ષ ૨૦૦૫માં ગીરમાં ૩૫૯ સિંહ હોવાનું નોંધાયું હતું. દરમિયાન અભ્યારણની આસપાસ આવેલા ૮૯૯૬ ખુલ્લા ખાનગી કુવામાં પડી જવાથી કે પછી વીજકરંટ ધરાવતી વાડનો સ્પર્ષ થવાથી વર્ષે દહાડે ૧૫ થી ૨૦ સિંહો મોતને ભેટતા આવ્યા છે. પરંતુ વર્ષ ૨૦૦૭માં તો માનવીના અતિ વિકરાળ સ્વરૂપે ગીરમાં દેખા દીધા. માર્ચ-૨૦૦૭માં ત્રણ સિંહણોના મૃતદેહ જંગલમાંથી મળી આવ્યા. તેમની નિર્મમ હત્યા થઇ હતી. સીઆઇડી ક્રાઇમને આ ઘટનાની તપાસ સોંપાતા શિકારીઓનું પગેરૂ મધ્યપ્રદેશના કટની પ્રદેશ સુધી મળ્યું. મધ્યપ્રદેશના કટની વિસ્તારમાં વસી રહેલી દહાલિયા પારધી જાતિના કેટલાક લોકો રાષ્ટ્રીય વન્યજીવોના આંતરરાષ્ટ્રીય વેપારમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે.

**સરકારોની સિંહ બચાવ ઝુંબેશ**

સમગ્ર એશિયાઇ સિંહો માત્ર ગીરના જંગલોમાં વસી રહ્યા છે. સિંહ તે ગુજરાતનું આભૂષણ છે. પરંતુ એકાદ રોગચાળો ફાટી નીકળે કે પછી કોઇ કુદરતી આફત આવે તો સમુચો વંશ ખતમ થઇ જાય તેનું જોખમ રહેલું છે. આ જોખમને ખાળવા 'વાઇલ્ડ લાઇફ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયા' એ ૧૯૯૪માં થોડાક સિંહને પડોશી રાજ્ય મધ્યપ્રદેશના કુનો-પાલપુર અભ્યારણમાં ખસેડવાની ભલામણ કરી હતી. સિંહોની વૈકલ્પિક વસાહત ઉભી કરવા માટે ૨૪ ગામોને ખાલી પણ કરવામાં આવ્યા છે. પરંતુ ગુજરાત સરકાર રાજ્યના ગૌરવ સમાન

**કોષ્ટક - ૧**
**ગીરમાં સિંહોની વસતી**

| વર્ષ | સંખ્યા |
|---|---|
| ૨૦મી સદીનો આરંભ | ૧૦૦ |
| ૧૯૧૩ | ૧૩ |
| ૧૯૮૦ | ૨૦૦ |
| ૨૦૦૫ | ૩૫૯ |

**કોષ્ટક - ૨**
**જંગલમાં સિંહોના મોત**

| વર્ષ | કૂવામાં પડી જવાથી/ વીજકરંટથી મોત | શિકારથી મોત |
|---|---|---|
| ૨૦૦૨ -૦૩ | ૧૪ | - |
| ૨૦૦૩ -૦૪ | ૧૭ | - |
| ૨૦૦૪ -૦૫ | ૩૦ | - |
| ૨૦૦૫ -૦૬ | ૧૦ | - |
| ૨૦૦૭ | ૭ | ૭ |

સિંહોને મધ્યપ્રદેશને સોંપવા આનાકાની કરી રહેલ છે.

ગુજરાતમાં વાઘ નથી રહ્યા અને મધ્યપ્રદેશમાં સિંહ જ નથી એ સંજોગોમાં વન્યજીવન નિષ્ણાંત ડૉ.એમ.કે. રણજિતસિંહે મધ્યપ્રદેશ ગણતરીના સિંહના બદલામાં ગુજરાતને વાઘ આપે એવી દરખાસ્ત પણ મુકી હતી. અને છતાં મડાગાંઠનો ઉકેલ નથી જ મળતો. સિંહને બચાવવા સરકાર વચ્ચે ખેંચાખેંચ ચાલી રહી છે.

કેટલો શક્તિશાળી બની ગયો છે, માણસ ? માનવોનું એક જૂથ સિંહોનો શિકાર કરી જાય છે તો બુધ્ધિશાળી માનવોનું બીજુ જૂથ સિંહને બચાવી લેવા આપલેની વાત કરે છે. આમાં સિંહ તો બિચારોજ થઇ ગયો ને ?

**વાઘ હણાઇ રહ્યા છે, ત્યાં સિંહનું સ્થાળાંતર**

મધ્યપ્રદેશમાં સિંહ નથી પરંતુ આ રાજય વાઘ ધરાવે છે. પરંતુ આ રાજયમાં વાઘની સ્થિતિ શી છે ? રાજયમાં વર્ષ ૨૦૦૧-૦૨ માં ૭૧૦ વાઘ હતા પરંતુ વર્ષ ૨૦૦૬-૦૭માં સંખ્યા ઘટીને ૩૦૦ થઇ ગઇ છે. જે રાજયમાં પાંચ વર્ષના સમયમાં ૪૦૦ વાઘ મોતને ભેટ્યા હોય ત્યાં ગુજરાતનાં સિંહ સલામત રહેશે ?

**માણસની મારકશક્તિ**

વાસ્તવમાં માણસની મારકશક્તિ ખૂબજ વધી ગઇ છે. માનવીની જીવનશૈલી એવી બની ગઇ છે કે તેની આસપાસ હવે ચકલી કે ખિસકોલી વસી શકતી નથી. અને જંગલોમાં સિંહ અને વાઘ પણ સલામત નથી.

**રાષ્ટ્રીય પ્રાણી વાઘની ઘટી રહેલી સંખ્યા**

નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફ દ્વારા નવેમ્બર-૨૦૦૭માં વડાપ્રધાન સમક્ષ રજુ થયેલા વાઘની સંખ્યાનાં આંકડા ચિંતા ઉપજાવનારા છે. માનવ વસાહતોના વિસ્તાર અને શિકારને કારણે વાઘની સંખ્યા ચિંતાજનક રીતે ઘટતી જાય છે.

ઉત્તરપ્રદેશનો કાન્હા નેશનલ પાર્ક જોકે જંગલ વ્યવસ્થાની મિસાલરૂપ છે પરંતુ ત્યાં પણ વાઘના શિકારના કિસ્સા વધતા જાય છે. ભારતમાં ૫૦૦ જેટલા રાષ્ટ્રીય ઉદ્યાનો છે પરંતુ વન્યજીવોની હાલત બદતર બનતી જાય છે.સ્વરિસ્કા વાઘ અભ્યારણ (રાજસ્થાન)માં તો નવેમ્બર-૨૦૦૪ પછી એકપણ વાઘ જોવા મળ્યો નથી. ૨૦મી સદીના પ્રારંભે ભારતમાં ૪૦,૦૦૦ વાઘની ત્રાડ સંભળાતી હતી. તત્કાલિન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીની હત્યા થઇ તે ૧૯૮૪માં દેશમાં ૪૦૦૦ વાઘ હતા. પરંતુ આજે માત્ર ૪૬૧ વાઘ છે. દેશમાં ૨૩ જેટલા વાઘ અભ્યારણો હોવા છતાં સ્થિતિ આ છે.

વાઘની ઘટતી સંખ્યાને પરિણામે કેન્દ્ર સરકારે 'ટાઇગર ફોર્મ્સ' માં વાઘ ઉછેરની વિચારણા કરી છે. દેશમાં વાઇલ્ડ લાઇફ ક્રાઇમ બ્યુરોની રચના કરવા પણ વિચારણા ચાલી રહી છે. ચીનનો દાખલો લઇએ તો ત્યાં વન્ય અભ્યારણો અને ખાનગી સાહસિકોને ટાઇગર ફાર્મિંગની મંજૂરી તો અપાઇ હતી. પરંતુ આગળ જતાં આ જ ટાયગર ફોર્મમાંથી શરાબ બનાવતી કંપનીઓ અને રેસ્ટોરન્ટને વાઘના શરીરના અવયવો પૂરા પડાતા હોવાના ચોંકાવનારા અહેવાલો બહાર આવ્યા હતા. ઇન્ટરપોલના જણાવ્યા મુજબ ભારતમાંથી વર્ષે દહાડે ૧૨ અબજ ડોલર જેટલી વન્યજીવન પ્રોડક્ટસનો ગેરકાયદે વેપાર થાય છે.

**કોષ્ટક**

**વાઘની સંખ્યા**

| રાજ્ય | વર્ષ ૨૦૦૧-૦૨ | વર્ષ ૨૦૦૬-૦૭ |
|---|---|---|
| મધ્યપ્રદેશ | ૭૧૦ | ૩૦૦ |
| છત્તીસગઢ | ૨૨૭ | ૨૬ |
| મહારાષ્ટ્ર | ૨૩૮ | ૧૦૩ |
| રાજસ્થાન | ૫૮ | ૩૨ |
| **કુલ** | **૧૨૩૩** | **૪૬૧** |

**કોષ્ટક**

**દેશમાં વાઘની ઘટેલી વસતી**

| વર્ષ | સંખ્યા |
|---|---|
| ૨૦મી સદીનો પ્રારંભે | ૪૦,૦૦૦ |
| ૧૯૮૪ | ૪,૦૦૦ |
| ૨૦૦૧-૦૨ | ૧૨૩૩ |
| ૨૦૦૬-૦૭ | ૪૬૧ |

# સસ્તુ દૂધ અને વધુ દૂધ

ડૉ. કેશવભાઇ ગોટી

**૨૧**મી સદીની શરૂઆતમાં વિદેશોમાંથી દૂધ ભારતના બજારમાં વેચાતુ થયું. જેનો ડેરી ઉદ્યોગે આપણા સૌના ભલા માટે વિરોધ કરેલ કારણકે ૧૦,૦૦૦ કિ.મી દૂરથી આવતું દૂધ સસ્તુ હતું હજારો કિ.મી દૂરથી આવતા વાહન વ્યવહાર, સાચવણી સારા પેકિંગ વગેરેને કારણે દૂધના ભાવ વધવા જોઇએ. પરંતુ આ ૧ લિટર દૂધ આપણા કરતા બે થી ત્રણ રૂપિયા નીચી કિંમતનું હતું આવું શામાટે બનતું હશે ?

ખેડૂત, પશુપાલક અને સંશોધન વૈજ્ઞાનીકે કાયમ માટે વિચારવું જોઇએ કે આ વર્ષે પાક, દૂધ અને અન્ય જાતોમાં જે ઉત્પાદન મળ્યુ તેના કરતા આવતાં વર્ષે વધુ ઉત્પાદન આપે તેવા કામો માટે અગ્રતા આપવી પડશે. પરંતુ આપણે હજું પુરેપુરું કરી શક્યા નથી. વિદેશોમાં ખાસ કરીને હોલેન્ડ,સ્વીડન, ડેનમાર્ક, અને ઈજરાઇલ જેવા દેશોમાં એક ગાય દિવસનું ૨૫ થી ૬૦ લિટર જેટલું દૂધ આપે છે. જ્યારે આપણી ગાયો ૨.૫ લિટર થી ૬ લિટર જેટલું દુધ આપે છે. કુદરતના નિયમ પ્રમાણે જાનવર તેના વજનના ૨.૫% લેખે સુકું અને ૧૦% લેખે લીલું ઘાસ ખાય છે. આપણી ગાય સુકુંઘાસ અથવા લીલું ઘાસ ખાઈને ૨ થી ૬ લીટર દુધ આપે છે. વિદેશી દુધાળી ગાયો ૨૫ થી ૬૦ લિટર દુધ આપે છે. આપણી ગાયનું ૫ લિટર દુધ નજીકના શહેરમાં વેચવા જઈએ તો જવા આવવાના ભાડા સાથે ૧૨ થી ૧૫ રૂપિયા જેટલી કિંમત મળે તો આપણને પોસાય નહિ. તો આપણે આવું કામ છોડી દેવાના ખરા ?

દુનિયાના જે દેશોમાં ગાય દિઠ વધુ દુધ મળે છે. તેમને ૧ લિટર દુધ પેદા કરવાનો ખર્ચ ઓછો આવે છે. જ્યારે આપણને તે ખર્ચ વધુ લાગે કારણ આપણા જાનવરો દુધ ઓછુ આપે છે. દુનિયાના જે દેશો પોતાની જરૂરિયાતથી વધુ દૂધ પેદા કરે છે તે જથ્થાબંધ દુધની બનાવટો અન્ય દેશોમાં મોકલે છે. પરિણામે જથ્થો વધુ હોવાથી વાહન વ્યવહાર ખર્ચ વધુ આવતા છતા પોતાના દેશની સરખામણીમાં અન્ય દેશોમાં દૂધના ઉંચા ભાવ મળે છે.

હોલેન્ડ, ડેનમાર્ક અને જર્સી ટાપુ વિસ્તારમાં ૧ લિટર દુધ પેદા કરવાનો ખર્ચ પાંચ રૂપિયા આસપાસ આવે છે. અને તે દુધ ભારતના બજારમાં ૭ થી ૧૦ રૂપિયામાં વેચાય તો તેમના માટે ઘણી મોટી વાત છે. જ્યારે આપણા માટે તે દુઃખની વાત છે. આ વિદેશી દુધ અને દુધની બનાવટો ન વાપરવી હોય, આપણામાં દેશદાઝ હોય અને ભારતીય ડેરી ઉદ્યોગને ટકાવી રાખવો હશે તો આપણા પશુનો નવો વંશવેલો વધુ વળતર આપે તેવો પેદા કરવો પડશે. તેના માટે સૌથી અગત્યનો વધુ ઉત્પાદન આપતા માદાનો સાંઢ છે. બ્રાઝીલમાં ગીર ગાયનો એક સાંઢ ૭૫ લાખથી વધુ કિંમતે વેચાયો હતો કારણ આ સાંઢથી દેશની બધીજ ગાયોને કૃત્રિમ બીજદાન દ્વારા ગાભણ કરવાની હતી. આજે આ ગીર ગાયો દિવસનું ૪૫ લિટર જેટલું દૂધ આપે છે.

શિયાળાની ઋતુમાં દૂધનું ઉત્પાદન વધતા કિલોફેટના ભાવ ઘટે છે તેથી પશુપાલકો કહે છે કે દુધના ભાવ ઘટાડી નાખ્યા અમને આ ધંધો પાલવતો નથી પણ આપણી ગાય-ભેંસની વાછરડી પાડી એવી પેદા કરીએ કે તે ટંકનું ૪ લિટરની જગ્યાએ ૮ થી ૧૦ લિટર દુધ આપી શકે. આના માટે ગ્રામ પંચાયતો, દુધ મંડળીઓ અને જાગૃત પશુપાલકોએ ઊચી વંશાવલીના આખલા-પાડા વસાવવા જરૂરી છે. અને આ ન કરવું હોય તો જિલ્લાના દુધ ઉત્પાદક સહકારી સંઘ અને સરકારી પશુસંવર્ધનની યોજનાનો લાભ લેવો જોઇએ. કૃત્રિમ બીજદાનથી માદા ગાભણ થતી નથી. માત્ર નર બચ્ચા આવે અને આ નર બચ્ચા ખેતીકામમાં આવતા નથી. જાનવર બગડી જાય છે. આ બધી ખોટી માન્યતા ભુલવા જેવી છે. તોજ આપણે પશુ દીઠ વધુ ઉત્પાદન અને બચ્ચાને ૧ થી ૨ વર્ષમાં ગાભણ કરાવી દર વર્ષે વેચાણ મેળવી શકીશું. જે ગામડાના મહેનતુ દુધ ઉત્પાદકો માટે ફાયદાકારક છે.

*(અનુ. પાનાનં ૩૬ ઉપર)*

(લેખક લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુર સાથે સંકળાયેલા છે.)

# ભારતનું બંધારણ - એક દ્રષ્ટિમાં

જે. ટી. મકવાણા

**વિભાગ -૧ કેન્દ્ર અને તેનું રાજ્ય ક્ષેત્ર**

અનુચ્છેદ-૧: સંઘનું નામ અને રાજ્યક્ષેત્ર.
અનુચ્છેદ-૨: નવા રાજ્યોનો પ્રવેશ અથવા સ્થાપના
અનુચ્છેદ-૨(ક): સંઘ સાથે જોડાણ.
અનુચ્છેદ-૩: નવા રાજ્યોનું નિર્માણ અને વર્તમાન રાજ્યોનાં ક્ષેત્રો સીમાઓ અથવા નામોમાં પરિવર્તન.
અનુચ્છેદ-૪: પહેલાં પરિશિષ્ટ અને ચોથા પરિશિષ્ટના સુધારા તથા અનુપૂરક આનુષાંગિક અને પારિમાણિક વિષયોની જોગવાઇ કરવા માટે અનુચ્છેદ ૨ અને અનુચ્છેદ ૩ ને આધીન બનાવેલ કાયદાઓ.

**વિભાગ -૨ નાગરિક**
**(Citizenship)**

અનુચ્છેદ-૫: બંધારણની શરૂઆતમાં નાગરિકત્વ.
અનુચ્છેદ-૬: પાકિસ્તાનથી ભારત પાછી ફરનાર કેટલીક વ્યક્તિઓને નાગરિકત્વનો અધિકાર.
અનુચ્છેદ-૭: પાકીસ્તાનથી પાછી ફરનાર કેટલીક વ્યક્તિઓના નાગરિકત્વનો અધિકાર.
અનુચ્છેદ-૮: ભારતની બહાર રહેનાર મૂળભારતિય કેટલીક વ્યક્તિઓને નાગરિક્તવ નો અધિકાર
અનુચ્છેદ-૯: વિદેશી રાજયનું નાગરિક્તવ સ્વેચ્છાએ મેળવી લીધેલ વ્યક્તિઓને ભારતમાં નાગરિકત્વ રહેશે.
અનુચ્છેદ-૧૦: નાગરિકત્વના હક્કનું સાતત્ય (ચાલુ રહેવું)
અનુચ્છેદ-૧૧: સંસદ દ્વારા નાગરિકત્વના હક્ક કાર્યવાહી દ્વારા નિયંત્રણ કરવાનો અધિકાર છે.

**વિભાગ -૩ મૂળભૂત અધિકાર**
**(Fundamental Right)**

અનુચ્છેદ-૧૨: રાજયશબ્દની પરિભાષા.
અનુચ્છેદ-૧૩: મૂળભૂત અધિકારો સાથે સુસંગત નહોય તેવા અથવા ઘટાડો કરતા કાયદા.

**સમાનતાનો અધિકાર**
**(Right to Equaity)**

અનુચ્છેદ-૧૪: કાયદા સમાન રક્ષણ.
અનુચ્છેદ-૧૫: ધર્મ, વંશ, જાતિ, લિંગ અથવા જન્મના આધાર પર ભેદભાવ નહીં.
અનુચ્છેદ-૧૬: જાહેર નોકરીઓ માટેની બાબતમાં સમાનતાની તક.
અનુચ્છેદ-૧૭: અસ્પૃષ્યતાની નાબૂદી.
અનુચ્છેદ-૧૮: ઉપાધિઓની નાબુદી.

**સ્વાતંત્રતાનો અધિકાર**
**(Right to Freedom)**

અનુચ્છેદ-૧૯: વાણી સ્વતંત્ર્ય વગેરેના હક્કોનું રક્ષણ.
અનુચ્છેદ-૨૦: અપરાધ માટે દોષિત ઠરાવવા સબંધી સલામતી.
અનુચ્છેદ-૨૧: પ્રાણ અને શરીર સ્વતંત્રતાનું રક્ષણ.
અનુચ્છેદ-૨૨: કેટલીક પરિસ્થિતિમાં ધરપકડ અથવા અટકાયત સામે સંરક્ષણ.

**શોષણ વિરૂધ્ધનો અધિકાર**
**(Right Against Exploitation)**

અનુચ્છેદ-૨૩: મનુષ્ય વેપાર અને બળજબરીથી કરવામાં આવતી બાળમજૂરી પર પ્રતિબંધ.
અનુચ્છેદ-૨૪: કારખાનાંમાં ૧૪ વર્ષ સુધીનાં બાળકોને નોકરીએ રાખવા પર પ્રતિબંધ.

**સંસ્કૃતિ અને શિક્ષણ સબંધી અધિકાર**
**(Cultural & Educational Right)**

અનુચ્છેદ-૨૯: લઘુમતિઓના હિતોનું રક્ષણ
અનુચ્છેદ-૩૦: શિક્ષણ સંસ્થાની સ્થાપના અને વહીવટ કરવાનો લઘુમતિ વર્ગને અધિકાર.
અનુચ્છેદ-૩૧: અપવાદ કેટલાક કાયદાઓની વ્યાપ્રતા
અનુચ્છેદ-૩૧(ક):અસ્કયામતોના સંપાદન માટે જોગવાઇ કરતા કાયદાઓનો ઉપચાર.
અનુચ્છેદ-૩૧(ખ): કેટલાક અધિનિયમો અને વિનિમયોની કાયદેસરતા.
અનુચ્છેદ-૩૧(ગ):કેટલાક નિર્દેશક સિધ્ધાંતોને અસરકારક કરનાર કાયદાનો અપવાદ.

(લેખક સહકારી મંડળીઓ, ગુ.સરકારમાં સનદી અધિકારી છે.)

અનુચ્છેદ-૩૧(ઘ): રાષ્ટ્ર વિરોધી ક્રિયાઓના સબંધમાં કાયદાની વ્યાપ્રત્તા.

**બંધારણીય ઉપચારોનો અધિકાર**
**(Right to Constitutional Remedies)**

અનુચ્છેદ-૩૨: આ ભાગ દ્વારા મૂળભૂત અધિકારોના અમલ કરાવવા માટેના ઉપાયો.
અનુચ્છેદ-૩૨(ક): રાજયના કાયદાની સંવિધાનની માન્યતા પર અનુચ્છેદ-૩૨ને આધીન કાર્યવાહીઓમાં વિચાર ન કરવા બાબત.
અનુચ્છેદ-૩૩: આ ભાગ દ્વારા અપાયેલ અધિકારોને દળો વગેરેને લાગુ પાડવામાં પરિવર્તનની સંસદને સત્તા.
અનુચ્છેદ-૩૪: જ્યારે કોઇ ક્ષેત્રમાં લશ્કરી શાસન લાગુ થાય ત્યારે આ ભાગ દ્વારા અપાયેલા અધિકારો પર પ્રતિબંધ.

## વિભાગ -૪ રાજનીતિ નિર્દેશક સિધ્ધાંતો
**(Directive Principles of State Policy)**

અનુચ્છેદ-૩૬: પરિભાષા
અનુચ્છેદ-૩૭: આ ભાગમાં રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો લાગુ થવા.
અનુચ્છેદ-૩૮: લોક કલ્યાણની વૃધ્ધિ માટે સામાજિક વ્યવસ્થા બનાવાશે.
અનુચ્છેદ-૩૯: રાજ્યે કેટલાક અનુસરવાના સિધ્યાંતો
અનુચ્છેદ-૩૯(ક): સમાન ન્યાય અને મફત કાનૂની સહાયતા
અનુચ્છેદ-૪૦: ગ્રામપંચાયતોની રચના
અનુચ્છેદ-૪૧: રોજગારી, શિક્ષણ અને લોક સહાયતા મેળવવા માટે અધિકાર.
અનુચ્છેદ-૪૨: કામની ન્યાય સંગત અને માનવોની યોગ્ય સ્થિતિની સુધારણા માટે તથા પ્રસૂતિ માટે મદદ ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરાશે.
અનુચ્છેદ-૪૩: કામદારો માટે પ્રોત્સાહન મજૂરી વગેરે.
અનુચ્છેદ-૪૩(ક): ઉદ્યોગોના વહીવટમાં કામદારો ભાગ લેશે.
અનુચ્છેદ-૪૪: નાગરિકો માટે સમાન સિવિલ સહાયતા.
અનુચ્છેદ-૪૫: બાળકો માટે નિઃશુલ્ક અને અનિવાર્ય શિક્ષણની જોગવાઇ.
અનુચ્છેદ-૪૬: અનૂસૂચિત જાતિ, જનજાતિ અને પછાત વર્ગો માટે શિક્ષણ માટે નાણાકીય હિતોની વૃધ્ધિ માટેના પ્રયત્નો કરાશે.
અનુચ્છેદ-૪૭: પોષણયુક્ત આહાર અને જીવન સ્તરને સુધારવાના તથા લોક તંદુરસ્તને સુધારવાનો પ્રયત્ન કરાશે.
અનુચ્છેદ-૪૮: ખેતી અને પશુપાલનની સ્થાપના.
અનુચ્છેદ-૪૮(ક): પર્યાવરણની જાળવણી સંરક્ષણ અને વન તથા વન્ય જીવોની રક્ષા.
અનુચ્છેદ-૪૯: રાષ્ટ્રીય મહત્વના સ્મારકો, સ્થાનો અને વસ્તુઓનું રક્ષણ.
અનુચ્છેદ-૫૦: ન્યાયતંત્ર વહીવટી તંત્રથી અલગ કરવાનો પ્રયત્ન.
અનુચ્છેદ-૫૧: આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની વૃધ્ધિ.

## વિભાગ -૪ (ક): મૂળભૂત ફરજો
**(Fundamental Duties)**

અનુચ્છેદ-૫૧(ક): મૂળભૂત ફરજો.

## વિભાગ -૫ સંઘ
**(The Union)**

આ વિભાગમાં ચાર અગત્યના વિષયો અંગે કહેવામાં આવ્યું છે.

### પ્રકરણ-૧ સંઘ કારોબારી
**(The Union Executive)**

અનુચ્છેદ-૫૨: ભારતના રાષ્ટ્રપતિ
અનુચ્છેદ-૫૩: સંઘની કારોબારી સત્તા.
અનુચ્છેદ-૫૪: રાષ્ટ્રપતિની ચૂંટણી
અનુચ્છેદ-૫૫: રાષ્ટ્રપતિની ચૂંટણીની રીત
અનુચ્છેદ-૫૬: રાષ્ટ્રપતીના હોદ્દેદારનો સમય.
અનુચ્છેદ-૫૭: પુનઃચૂંટાવા માટે યોગ્યતા
અનુચ્છેદ-૫૮: રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવા માટેની લાયકાત
અનુચ્છેદ-૫૯: રાષ્ટ્રપતિ પદ માટેની શરતો.
અનુચ્છેદ-૬૦: રાષ્ટ્રપતિ દ્વારા શપથ અથવા પ્રતિજ્ઞા.
અનુચ્છેદ-૬૧: રાષ્ટ્રપતિ સામે મહાભિયોગ ચલાવવાની પ્રક્રિયા.
અનુચ્છેદ-૬૨: રાષ્ટ્રપતિ પદની ખાલી પડેલી જગ્યા ભરવા માટે ચૂંટણી કરવાનો સમય તથા એકાએક ખાલી પડેલી જગ્યા ભરવા માટે ચૂંટાયેલી વ્યક્તિનો પદનો સમય.
અનુચ્છેદ-૬૩: ભારતના ઉપ-રાષ્ટ્રપતિ
અનુચ્છેદ-૬૪: ઉપરાષ્ટ્રપતિ રાજ્ય સભાના ચૂંટાયેલા સભાપતિ હશે.
અનુચ્છેદ-૬૫: રાષ્ટ્રપતિનું પદ એકાએક ખાલી થઇ જાય અથવા તેની ગેરહાજરીમાં ઉપ-રાષ્ટ્રપતિને રાષટ્રપતિના રૂપમાં કાર્ય કરવું અથવા તેની ફરજોનું પાલન કરવું.
અનુચ્છેદ-૬૬: ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી.
અનુચ્છેદ-૬૭: ઉપરાષ્ટ્રપતિના હોદ્દાની મુદ્દત.
અનુચ્છેદ-૬૮: ઉપરાષ્ટ્રપતિની ખાલી પડેલી જગ્યા ભરવા માટે ચૂંટણી કરવાનો સમય અને આકસ્મિક ખાલી પડેલી જગ્યા ભરવા માટે ચૂંટાયેલ વ્યક્તિની પદની મુદ્દત
અનુચ્છેદ-૬૯: ઉપરાષ્ટ્રપતિ દ્વારા શપથ

અથવા પ્રતિજ્ઞા

અનુચ્છેદ-૭૦: અન્ય આકસ્મિકતાઓ માં રાષ્ટ્રપતિની ફરજોનું પાલન.

અનુચ્છેદ-૭૧: રાષ્ટ્રપતિ અથવા ઉપ-રાષ્ટ્રપતિની ચૂંટણી સાથે સબંધિત અથવા સંસકત વિષય

અનુચ્છેદ-૭૨: ક્ષમા વગેરે તરફ કેટલીક બાબતોમાં દંડ આદેશમાં માફી, સજા મોકૂફ, મહેતલની રાષ્ટ્રપતિની સત્તા.

અનુચ્છેદ-૭૩: સંઘની કારોબારી સત્તા વિચાર

**મંત્રી પરિષદ**

**(Council of Ministers)**

અનુચ્છેદ-૭૪: રાષ્ટ્રપતિને સહાયતા અને સલાહ આપવા માટે મંત્રી પરિષદ

અનુચ્છેદ-૭૫: મંત્રીઓ માટેની અન્ય જોગવાઇ

**ભારતના એટર્ની જનરલ**

**(The Attorney General Of India)**

અનુચ્છેદ-૭૬: ભારતના એટર્ની જનરલની લાયકાત- ફરજો.

**સરકારી કાર્ય સંચાલન**

**(Conduct of Government Business)**

અનુચ્છેદ-૭૭: ભારત સરકારના કાર્યનું સંચાલન

અનુચ્છેદ-૭૮: રાષ્ટ્રપતિને જાણકારી દેવા વગેરેના સબંધમાં વડાપ્રધાનની ફરજો.

**પ્રકરણ-૨ સંસદ**

**(Parliament)**

અનુચ્છેદ-૭૯: સંસદની રચના

અનુચ્છેદ-૮૦: રાજ્યસભાની રચના

અનુચ્છેદ-૮૧: લોકસભાની રચના

અનુચ્છેદ-૮૨: પ્રત્યેક જનગણના પહેલા પુનઃઆયોજન

અનુચ્છેદ-૮૩: સંસદના ગ્રૃહોનો સમય

અનુચ્છેદ-૮૪: સંસદની સભ્યતા માટે લાયકાત

અનુચ્છેદ-૮૫: સંસદના સત્ર, સત્ર સમાપ્તિ અને વિસર્જન

અનુચ્છેદ-૮૬: ગૃહોમાં ભાષણ આપવાનું અને સંદેશો મોકલવાનો રાષ્ટ્રપતિનો અધિકાર

અનુચ્છેદ-૮૭: 'રાષ્ટ્રપતિ'નું વિશેષ સંબોધન

અનુચ્છેદ-૮૮: ગૃહોના સંદર્ભે મંત્રીઓ અને એટર્ની જનરલના અધિકાર.

**સંસદના અધિકારી**

**(Officers of Parliament)**

અનુચ્છેદ-૮૯: રાજયસભાના સભાપતિ અને ઉપસભાપતિ

અનુચ્છેદ-૯૦: ઉપસભાપતિનું પદ ખાલી પડવું, પદત્યાગ અને પદ પરથી દૂર કરવા

અનુચ્છેદ-૯૧: સભાપતિના પદની ફરજોનું પાલન કરવું અથવા રભાપતિના રૂપમાં કાર્ય કરવાની ઉપસભાપતિ અથવા અન્ય વ્યક્તિની સત્તા.

અનુચ્છેદ-૯૨: જયારે સભાપતિ અથવા ઉપસભાપતિને પદ પરથી હટાવવાની કોઇ નોટિસ વિચારણા હેઠળ હોય ત્યારે ઉપસભાપતિ હોવા છતાં અધ્યક્ષ સ્થાને નહીં હોય

અનુચ્છેદ-૯૩: લોકસભાના અધ્યક્ષ

અનુચ્છેદ-૯૪: અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પદ ખાલી પડવા, ત્યાગ અને પદ પરથી દૂર કરવા

અનુચ્છેદ-૯૫: અધ્યક્ષના પદના કર્તવ્યોનું પાલન કરવું અથવા અધ્યક્ષના રૂપમાં કાર્ય કરવાની ઉપાધ્યક્ષ અથવા અન્ય વ્યક્તિની સત્તા.

અનુચ્છેદ-૯૬: જયારે અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષના પદને દૂર કરવાનો કોઇ સંકલ્પ વિચારણા હેઠળ હોય ત્યારે તેના ઉપાધ્યક્ષ હોવા છતાં અધ્યક્ષ હોવા છતાં અધ્યક્ષ સ્થાન નહીં સંભાળે.

અનુચ્છેદ-૯૭: સભાપતિ, ઉપસભાપતિ તથા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના વેતન અને ભથ્થા.

અનુચ્છેદ-૯૮: સંસદનું સચિવાલય

**કાર્ય સંચાલન**

**(Conduct of Business)**

અનુચ્છેદ-૯૯: સભ્યો દ્વારા શપથ અને પ્રતિજ્ઞા.

અનુચ્છેદ-૧૦૦: ગૃહોમાં મતદાન, ખાલી સ્થાન હોવા છતાં ગૃહોનું કાર્ય ચાલુ રાખવાની સત્તા અને કાર્યસાધક સંખ્યા.

અનુચ્છેદ-૧૦૧: બેઠક ખાલી હોય તે બાબત

**સભ્યોની ગેરલાયકાત**

**(Disqualification of Members)**

અનુચ્છેદ-૧૦૨: સભ્યો માટે ગેરલાયકાતો સાથે સબંધિત પ્રશ્નો.

અનુચ્છેદ-૧૦૩: સભ્યોની ગેરલાયકાતો સાથે સબંધિત પ્રશ્નો પર અનિશ્ચિતતા

અનુચ્છેદ-૧૦૪: અનુચ્છેદ-૯૯ ના આધારે શપથલેવા અથવા પ્રતિજ્ઞા કરતા પહેલા અથવા લાયકાત ન હોવા છતાં અથવા લાયકાત વિના બેસવા અથવા મત આપવા માટે સત્તા.

**સંસદ અને તેના સભ્યોની સત્તાઓ વિશેષાધિકાર અને મુક્તિઓ**

**(Power, Privileges & Immunities of Parlament & its members)**

અનુચ્છેદ-૧૦૫: સંસદના ગૃહોની તથા તેના સભ્યો અને સમિતિઓની સત્તા વિશેષાધિકાર વગેરે.

અનુચ્છેદ-૧૦૬: સભ્યોના વેતન અને ભથ્થા

અનુચ્છેદ-૧૦૭: ખરડાની પુન:સ્થાપના અને પ્રસાર કરવા સબંધમાં જોગવાઇ.

અનુચ્છેદ-૧૦૮: કેટલીક પરિસ્થિતિઓમાં બન્ને ગૃહોની સંયુક્ત બેઠક.

અનુચ્છેદ-૧૦૯: નાણા બિલના સબંધમાં વિશેષ પ્રક્રિયા.

અનુચ્છેદ-૧૧૦: નાણા બિલની પરિભાષા

અનુચ્છેદ-૧૧૧: બિલની મંજૂરી

**નાણા સબંધમાં પ્રક્રિયા**

**(Procedure in Finance Matters)**

અનુચ્છેદ-૧૧૨: વાર્ષિક નાણાકીય પત્રક

અનુચ્છેદ-૧૧૩: સંસદમાં અંદાજ પત્રકના સબંધમાં પ્રક્રિયા.

અનુચ્છેદ-૧૧૪: વિનિયોગ ખરડો

અનુચ્છેદ-૧૧૫: અનુપૂરક, વધારાના અથવા વધુ અનુદાન

અનુચ્છેદ-૧૧૬: અપવાદરૂપ અનુદાન, વિશ્વાસના આધારે અનુદાન, હિસાબો પેટે મંજૂર કરવાના અનુદાન

અનુચ્છેદ-૧૧૭: નાણાવિધેયકો માટે વિશેષ જોગવાઇ

**સાધારણ પ્રક્રિયા**

**(General Procedures)**

અનુચ્છેદ-૧૧૮: પ્રક્રિયાના નિયમો

અનુચ્છેદ-૧૧૯: સંસદમાં નાણાકીય કામકાજનું નિયમન.

અનુચ્છેદ-૧૨૦: સંસદમાં ઉપયોગમાં લેવાતી ભાષાઓ.

અનુચ્છેદ-૧૨૧: સંસદમાં ચર્ચા પર નિયંત્રણ

અનુચ્છેદ-૧૨૨: ન્યાયાલયો દ્વારા સંસદની કાર્યવાહીની તપાસ ન કરવી.

**પ્રકરણ-૩ રાષ્ટ્રપતિની કાયદાકીય સત્તાઓ**

**(Legislative Power of the President)**

અનુચ્છેદ-૧૨૩: સંસદના વિશ્રામ સમયમાં રાષ્ટ્રપતિને વટહુકમ બહાર પાડવાની સત્તા.

**પ્રકરણ-૪ સંઘની ન્યાયપાલિકા**

**(The Union Judiciary)**

અનુચ્છેદ-૧૨૪: સર્વોચ્ચ અદાલતની સ્થાપના અને રચના

અનુચ્છેદ-૧૨૫: ન્યાયાધીશોના વેતન વગેરે.

અનુચ્છેદ-૧૨૬: કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક

અનુચ્છેદ-૧૨૭: એડહોક ન્યાયાધીશની નિમણૂક

અનુચ્છેદ-૧૨૮: સર્વોચ્ચ અદાલતની બેઠકોમાં સેવા નિવૃત્ત ન્યાયાધીશોની હાજરી.

અનુચ્છેદ-૧૨૯: સર્વોચ્ચ અદાલતનું રેકર્ડ ન્યાયાલય થયું

અનુચ્છેદ-૧૩૦: સર્વોચ્ચ ન્યાયલયનું સ્થાન.

અનુચ્છેદ-૧૩૧: સંસદમાં ચર્ચા પર નિયંત્રણ

અનુચ્છેદ-૧૩૧(ક): કેન્દ્રના કાયદાની સંવિધાનની માન્યતાના સબંધિત પ્રશ્નો વિષે ઉચ્ચત્તમ ન્યાયાલયની અનન્ય અધિકારિતા

અનુચ્છેદ-૧૩૨: કેટલીક બાબતોમાં ઉચ્ચ અદાલતોમાંથી અપીલમાં સર્વોચ્ચ અદાલતનું અપીલ અધિકારત્વ.

અનુચ્છેદ-૧૩૩: ઉચ્ચ અદાલતોમાંથી સિવિલ વિષયો સાથે સબંધિક અપીલોમાં સર્વોચ્ચ અદાલતોનો અપીલ અધિકાર.

અનુચ્છેદ-૧૩૪: દંડનીય વિષયોમાં સર્વોચ્ચ અદાલતનો અપીલ અધિકાર.

અનુચ્છેદ-૧૩૪(ક): સર્વોચ્ચ અદાલતમાં અપીલ માટે પ્રમાણપત્ર

અનુચ્છેદ-૧૩૫: વર્તમાન કાયદાને આધિન ફેડરલ ન્યાયાલયનું અધિકારત્વ અને સત્તાઓનો સર્વોચ્ચ અલદાલત દ્વારા જાહેર થવું.

અનુચ્છેદ-૧૩૬: અપીલ માટે સર્વોચ્ચ અદાલતની વિશેષ મંજૂરી

અનુચ્છેદ-૧૩૭: નિર્ણયો અને આદેશોનું સર્વોચ્ચ અદાલત દ્વારા પુન:અવલોકન

અનુચ્છેદ-૧૩૮: સર્વોચ્ચ અદાલતના અધિકારત્વમાં વધારો.

અનુચ્છેદ-૧૩૯: કેટલાક નિયમો બનાવવાની સત્તાઓ સર્વોચ્ચ અદાલતને આપવામાં આવી છે.

અનુચ્છેદ-૧૩૯(ક): કેટલીક બાબતોની તબદીલ સત્તાઓ.

અનુચ્છેદ-૧૪૦: સર્વોચ્ચ અદાલતની કેટલીક સંલગ્ન સત્તાઓ.

અનુચ્છેદ-૧૪૧: સર્વોચ્ચ અદાલત દ્વારા જાહેર કરાયેલ કાયદો બધી અદાલતો માટે બંધન કર્તા નથી.

અનુચ્છેદ-૧૪૨: સર્વોચ્ચ અદાલતનાં હુકમનામાં અને આદેશોનું અમલીકરણ તથા જાહેર કરવા બાબતોમાં આદેશ.

અનુચ્છેદ-૧૪૩: સર્વોચ્ચ અદાલતની સલાહ લેવાની રાષ્ટ્રપતિની સત્તા.

અનુચ્છેદ-૧૪૪: ભારતના રાજ્ય ક્ષેત્રના તમામ મુલકી સેવાના અને કાયદાકીય અધિકારીઓ સર્વોચ્ચ અદાલતની મદદ કરશે.

અનુચ્છેદ-૧૪૪(ક): કાયદાની બંધારણની માન્યતાના સંબંધિત પ્રશ્નોના ઉકેલ માટે વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૧૪૫: ન્યાયાલાયનાં નિયમો વગેરે

અનુચ્છેદ-૧૪૬: સર્વોચ્ચ અદાલતના અધિકારી અને સેવક તથા ખર્ચ અને આવક.

અનુચ્છેદ-૧૪૭: અર્થઘટન

### પ્રકરણ-૫ ભારતના કોમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલ

અનુચ્છેદ-૧૪૮: ભારતના કોમ્પટ્રોલર અને ઓડિટર જનરલ નિમણૂક સોગંદ વગેરે.

અનુચ્છેદ-૧૪૯: કોમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલની ફરજો અને સત્તા.

અનુચ્છેદ-૧૫૦: સંઘના રાજ્યોના હિસાબોના નમૂના

અનુચ્છેદ-૧૫૧: ઓડિટ અહેવાલ.

## વિભાગ -૬ રાજ્ય

## (The States)

અનુચ્છેદ-૧૫૨: પરિભાષા

### પ્રકરણ-૨ રાજ્યની પરિભાષા

### રાજ્યપાલ

### (The Governor)

અનુચ્છેદ-૧૫૩: રાજ્યોના રાજ્યપાલ

અનુચ્છેદ-૧૫૪: રાજ્યની કારોબારી શક્તિ.

અનુચ્છેદ-૧૫૫: રાજ્યપાલની નિમણૂંક.

અનુચ્છેદ-૧૫૬: રાજ્યપાલના પદની સમયમર્યાદા.

અનુચ્છેદ-૧૫૭: રાજ્યપાલ બનવા માટેની લાયકાત.

અનુચ્છેદ-૧૫૮: રાજ્યપાલના પદની શરતો

અનુચ્છેદ-૧૫૯: રાજ્યપાલ દ્વારા શપથ અથવા પ્રતિજ્ઞા.

અનુચ્છેદ-૧૬૦: કોટલીક આકસ્મિકતાઓમાં રાજ્યાલની ફરજોનું પાલન.

અનુચ્છેદ-૧૬૧: ક્ષમા વગરે તરફ કેટલીક બાબતો, દેશ નિકાલમાં માફી, મહેતલ અથવા સજા મોકૂફીની રાજ્યપાલની સત્તા.

અનુચ્છેદ-૧૬૨: રાજ્યની કારોબારી સત્તાનો વિસ્તાર

### મંત્રી પરિષદ

### (Council of Ministry)

અનુચ્છેદ-૧૬૩: રાજ્યપાલને સહાયતા અને સલાહ દેવા માટે મંત્રી પરિષદ.

અનુચ્છેદ-૧૬૪: મંત્રીઓ માટેની અન્ય જોગવાઇ.

### રાજ્યમાટેના એડવોકેટ જનરલ

અનુચ્છેદ-૧૬૫: રાજ્યના એડવોકેટ જનરલ નિમણૂક ફરજો

અનુચ્છેદ-૧૬૬: રાજ્ય સરકારના કાર્યનું સંચાલન

અનુચ્છેદ-૧૬૭: રાજ્યપાલને જાણકારી દેવા વગેરેના સબંધમાં મુખ્યમંત્રીની ફરજો.

### પ્રકરણ-૩ રાજ્ય વિધાન મંડળ

### (The State Legislature)

### વિધાનસભા

અનુચ્છેદ-૧૬૮: રાજ્યોના વિધાનમંડળની રચના.

અનુચ્છેદ-૧૬૯: રાજ્યોમાં વિધાન પરિષદોની નાબૂદી અને સર્જન.

અનુચ્છેદ-૧૭૦: વિધાનસભાઓની રચના.

અનુચ્છેદ-૧૭૧: વિધાનપરિષદોની રચના

અનુચ્છેદ-૧૭૨: રાજ્યોના વિધાનમંડળની મુદ્દત.

અનુચ્છેદ-૧૭૩: રાજ્યોના વિધાનમંડળની સભ્ય થવા માટે લાયકાત.

અનુચ્છેદ-૧૭૪: રાજ્યના વિધાનમંડળનું સત્ર, સત્ર સમાપ્તિ અને વિસર્જન.

અનુચ્છેદ-૧૭૫: ગૃહો અથવા ગૃહોમાં (ભાષણ) સંબોધન અને સંદેશો મોકલવા રાજ્યપાલનું વિશેષ સંબોધન.

અનુચ્છેદ-૧૭૬: રાજ્યપાલનું વિશેષ સંબોધન

અનુચ્છેદ-૧૭૭: ગૃહો માટે મંત્રીમાં મહાધિવક્તાના અધિકાર

### રાજ્ય વિધાન સભાના અધિકારી

### (Officers of the State Letisture)

અનુચ્છેદ-૧૭૮: વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ.

અનુચ્છેદ-૧૭૯: અધ્યક્ષ અને ઉપાધ્યક્ષનું પદ ખાલી પડવું. પદ ત્યાગ અને પદ પરથી હટાવી દેવું.

અનુચ્છેદ-૧૮૦: અધ્યક્ષના પદના કર્તવ્યોનું પાલન કરવું અથવા અધ્યક્ષના રૂપમાં કાર્ય કરવાની ઉપાધ્યક્ષ અથવા અન્ય વ્યક્તિઓની સત્તા.

અનુચ્છેદ-૧૮૧: જયારે અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષને પદ પરથી દૂર કરવાની કોઇ નોટિસ વિચારણા હેઠળ હોય તો ઉપાધ્યક્ષ અઅધ્યક્ષ સ્થાને નહીં હોય.

અનુચ્છેદ-૧૮૨: વિધાન પરિષદનાં સભાપતિ અને ઉપસભાપતિ.

અનુચ્છેદ-૧૮૩: સભાપતિ અને ઉપ સભાપતિના પદ ખાલી પડવા, પદ ત્યાગ અને પદ પરથી દૂર કરવા.

અનુચ્છેદ-૧૮૪: સભાપતિનાં પદના કર્તવ્યોનું

પાલન કરવું તથા સભાપતિ રૂપમાં કાર્ય કરવાની ઉપ સભાપતિ અથવા કોઇ અન્ય વ્યક્તિઓની સત્તા.

અનુચ્છેદ-૧૮૫: જ્યારે સભાપતિ અથવા ઉપસભાપતિને પદ પરથી હટાવવાનો કોઇ સંકલ્પ વિચારણા હેઠળ હોય, ત્યારે ઉપસભાપતિ અધ્યક્ષ સ્થાન પર નહીં હોય.

અનુચ્છેદ-૧૮૬: અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ તથા સભાપતિ અને ઉપસભાપતિના વેતન અને ભથ્થા.

અનુચ્છેદ-૧૮૭: રાજ્ય વિધાન મંડળોનું સચિવાલય

### કાર્યસંચાલન (Legistative Procedure)

અનુચ્છેદ-૧૮૮: સભ્યો દ્વારા શપથ અથવા પ્રતિજ્ઞા.

અનુચ્છેદ-૧૮૯: ગૃહોમાં મતદાન, ખાલી જગ્યા હોવા છતાં ગૃહોની કાર્ય કરવાની શક્તિ અને ગણપૂર્તી.

### સભ્યોની ગેરલાયકાતો

અનુચ્છેદ-૧૯૦: સ્થાનો ખાલી પડવા.

અનુચ્છેદ-૧૯૧: સભ્યોની ગેરલાયકાત

અનુચ્છેદ-૧૯૧: સભ્યોની ગેરલાયકાત

અનુચ્છેદ-૧૯૨: સભ્યોની ગેરલાયકાત સંબંધિત પ્રશ્નો પર નિર્ણય.

અનુચ્છેદ-૧૯૩: અનુચ્છેદ ૧૮૮ને આધિન શપથ લેવા અથવા પ્રતિજ્ઞા કરતા પહેલા અથવા લાયકાત ન હોવા છતાં અથવા ગેરલાયકાત હોવા છતાં બેસવા અને મત આપવા માટે દંડ.

### રાજ્યોના વિધાનમંડળો અને તેના સભ્યોની સત્તાઓ :

### વિશેષાધિકારઅને ઉદભવિતા

અનુચ્છેદ-૧૯૪: વિધાન મંડળોના ગૃહોના તથા તેના સભ્યો અને સમિતિઓની સત્તાઓ વિશેષાધિકાર વિગેરે.

અનુચ્છેદ-૧૯૫: સભ્યોના વેતન અને ભથ્થાં.

### કાયદાકીય કાર્યવાહી (Legistative Procedure)

અનુચ્છેદ-૧૯૬: સભ્યોની પુનઃસ્થાપના અથવા પસાર કરવા સબંધી જોગવાઇ.

અનુચ્છેદ-૧૯૭: નાણાકીય બીલથી અલગ બિલોના વિષયમાં વિધાન પરિષદની શક્તિઓ સંબંધી જોગવાઇ.

અનુચ્છેદ-૧૯૮: નામાં બિલનાં સબંધમાં વિશેષ પ્રક્રિયા.

અનુચ્છેદ-૧૯૯: નામાંબિલની પરિભાષા.

અનુચ્છેદ-૨૦૦: સભ્યોની સંમતિ પર મંજૂરી.

અનુચ્છેદ-૨૦૧: વિચાર માટે અનામત બિલ.

### નાણાકીય વિષયોના સબંધમાં પ્રક્રિયા

અનુચ્છેદ-૨૦૨: વાર્ષિક નાણાપત્રક.

અનુચ્છેદ-૨૦૩: વિધાન મંડળમાં અંદાજ પત્રકનાં સબંધમાં પ્રક્રિયા.

અનુચ્છેદ-૨૦૪: વિનિયોગ બિલ.

અનુચ્છેદ-૨૦૫: અનુપૂરક અથવા વધારે અનુદાન.

અનુચ્છેદ-૨૦૬: હિસાબ માટે મંજૂર કરવાની, વિશ્વાસના આધારપર અનુદાન અને અપવાદ અનુદાન.

અનુચ્છેદ-૨૦૭: નાણાકીય બીલ માટે વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૨૦૮: પ્રક્રિયમાના નિયમો.

અનુચ્છેદ-૨૦૯: રાજ્યના વિધાનમંડળના નાણાકીય કાર્ય સબંધી કાર્યવાહીનું કાયદાકીય રીતે વિનિયમન(નિયંત્રણ)

અનુચ્છેદ-૨૧૦: વિધાન મંડળમાં ઉપયોગમાં લેવાતી ભાષાઓ.

અનુચ્છેદ-૨૧૧: વિધાન મંડળોમાં ચર્ચા પર નિયંત્રણ.

અનુચ્છેદ-૨૧૨: ન્યાયાલયોદ્વારા વિધાનમંડળની કાર્યવાહીઓની શોધ કરવામાં આવતી નથી.

### પ્રકરણ-૪ રાજ્યપાલની કાયદાકીય સત્તા

અનુચ્છેદ-૨૧૩: વિધાનસભાના વિશ્રામ કાળમાં વટહુકમ બહાર પાડવાની રાષ્ટ્રપતિની સત્તા.

### પ્રકરણ-૫ રાજ્યોની વડી અદાલત

અનુચ્છેદ-૨૧૪: રાજ્યોમાટે વડી અદાલત

અનુચ્છેદ-૨૧૫: વડી અદાલતોના રેકર્ડ ન્યાયિક હોવું.

અનુચ્છેદ-૨૧૬: વડી અદાલતોની રચના.

અનુચ્છેદ-૨૧૭: વડી અદાલતોના ન્યાયાધિશની નિમણુંક અને તેના પદની શરતો.

અનુચ્છેદ-૨૧૮: સર્વોચ્ચ અદાલતો સાથે સબંધિત કેટલીક જોગવાઇનું વડી અદાલતો પર લાગુ પડવું.

અનુચ્છેદ-૨૧૯: વડીઅદાલતોના ન્યાયાધીશો દ્વારા શપથ અને પ્રતિજ્ઞા.

અનુચ્છેદ-૨૨૦: સ્થાયી ન્યાયાધિશ રહ્યા પછી વકીલાત પર પ્રતિબંધ.

અનુચ્છેદ-૨૨૧: ન્યાયધીશોના વેતન વગેરે.

અનુચ્છેદ-૨૨૨: કોઇ ન્યાયાધિશની એક વડી અદાલતમાંથી બીજી વડી અદાલતોની તબદીલી.

અનુચ્છેદ-૨૨૩: કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂંક.

અનુચ્છેદ-૨૨૪(ક): વડીઅદાલતનાં નિવૃત ન્યાયાધિશોની નિમણુંક.

અનુચ્છેદ-૨૨૫: વિધમાન વડીઅદાલતોનું અધિકારત્વ.

અનુચ્છેદ-૨૨૬: રીટ કાયદાની ઉચ્ચ ન્યાયાલયની સત્તા.

અનુચ્છેદ-૨૨૬(ક): અનુચ્છેદ-૨૨૬ને આધીન કાર્યવાહીઓમાં કેન્દ્રીય કાયદાની સંવિધાનની માન્યતા પર વિચાર ન કરવો.

અનુચ્છેદ-૨૨૭: બધી અદાલતોની દેખરેખ

માટેની વડી અદાલતની સત્તા.

અનુચ્છેદ-૨૨૮: કેટલીક બાબતોમાં વડી અદાલતની તબદીલી.

અનુચ્છેદ-૨૨૮(ક): રાજ્ય કાયદાની સંવિધાનની માન્યતાથી સબંધિત પ્રશ્નોના નિકાલ બાબતમાં વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૨૨૯: વડી અદાલતોના અધિકારીમાં કર્મચારીઓ અને ખર્ચ.

અનુચ્છેદ-૨૩૦: વડીઅદાલતોનાંઅધિકારત્વનો સંઘ-રાજ્ય ક્ષેત્રોનો વિસ્તાર.

અનુચ્છેદ-૨૩૧: બે અથવા વધારે રાજ્યો માટે એકજ વડી અદાલતની સ્થાપના.

**પ્રકરણ-૬ અધીનસ્થ ન્યાયાલય**

**Subordinate Courts**

અનુચ્છેદ-૨૩૩: જિલ્લાન્યાયાધીશોની નિમણુંક.

અનુચ્છેદ-૨૩૪(ક): કેટલાક જિલ્લા ન્યાયાધિશોની નિમણૂંક અને તેના દ્વારા આપવામાં આવેલા નિર્ણયો વગેરેની કાયદેસરતા.

અનુચ્છેદ-૨૩૪: ન્યાયિક સેવામાં જિલ્લા ન્યાયાધિશો સાથે જુદી જુદી વ્યક્તિઓની ભરતી.

અનુચ્છેદ-૨૩૫: અધીનસ્થ (તાબા હેઠળ) ન્યાયાલયો પર નિયંત્રણ.

અનુચ્છેદ-૨૩૬: અર્થઘટન

અનુચ્છેદ-૨૩૭: કેટલાક વર્ગ અથવા વર્ગોના મેજિસ્ટ્રેટો પર કેટલાક ભાગોની વ્યવસ્થાની જોગવાઇ.

**<u>વિભાગ - ૭</u>**

**<u>પ્રથમ પરિશિષ્ટના ભાગ-ખ ના રાજ્ય</u>**

**<u>(The Statesin Part-B of the First Schedule)</u>**

અનુચ્છેદ-૨૩૮: ૧૯૫૬બંધારણના (સાતમાં સુધારાના) અધિનિયમ દ્વારા પ્રથમ અનૂસૂચીના ભાગ-ઘનાં રાજ્યો નાબૂદ કરવામાં આવે છે. આથી અનુચ્છેદ-૨૩૮ સંપૂર્ણ પણે રદ કરવામાં આવ્યો છે.

**<u>વિભાગ - ૮</u>**

**<u>સંઘ રાજ્યક્ષેત્ર</u>**

**<u>(The Union Territory)</u>**

અનુચ્છેદ-૨૩૯: સંઘ રાજ્યક્ષેત્રોની શાસન વ્યવસ્થા.

અનુચ્છેદ-૨૩૯(ક): કેટલાક સંઘ રાજ્ય ક્ષેત્ર માટે સ્થાનીક વિધાન મંડળો અથવા મંત્રી પરિષદો અથવા બન્નેની સ્થાપના (રચના)

અનુચ્છેદ-૨૩૯(ક)(i): દિલ્હીના સબંધમાં વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૨૩૯ (ii): સંવિધાન તંત્ર નિષ્ફળ જવાની દશામાં જોગવાઇ.

અનુચ્છેદ-૨૩૯(ખ): ધારાગૃહની બેઠક ચાલુ ન હોય ત્યારે વહીવટદાર સંજોગો પ્રમાણે જરૂરી પગલાં ભરવા માટે વટહૂકમ જાહેર કરી શકે. (રાષ્ટ્રપતિની સૂચના મેળવવી આવશ્યક છે.)

અનુચ્છેદ-૨૪૦: કેટલાક સંઘ રાજ્યક્ષેત્રો માટે કાયદો ઘડવાની રાષ્ટ્રપતિને સત્તા.

અનુચ્છેદ-૨૪૧: સંઘ રાજ્ય ક્ષેત્રો માટે વડી અદાલત.

અનુચ્છેદ-૨૪૨: ૧૯૫૬ના બંધારણના (સાતમા સુધારા) અધિનિયમ દ્વારા રદ કરવામાં આવ્યો છે. કલમ ૨૯ અને અનુસૂચિ.

**<u>વિભાગ - ૯</u>**

**<u>પંચાયત</u>**

**<u>(The Panchayat)</u>**

અનુચ્છેદ-૨૪૩: પરિભાષાઓ.

અનુચ્છેદ-૨૪૩(ક): ગ્રામ વ્યવસ્થા.

અનુચ્છેદ-૨૪૩(ખ): પંચાયતોની સ્થાપના.

અનુચ્છેદ-૨૪૩(ગ): પંચાયતોની સંરચના.

અનુચ્છેદ-૨૪૩(ઘ): બેઠકોનું અનામત.

અનુચ્છેદ-૨૪૩(ઙ): પંચાયતો વગેરેની સમય મર્યાદા.

અનુચ્છેદ-૨૪૩(ચ): સભ્યતા માટે લાયકાત.

અનુચ્છેદ-૨૪૩(છ): પંચાયતોની સત્તા અધિકાર તથા જવાબદારી

અનુચ્છેદ-૨૪૩(જ): પંચાયતો દ્વારા કર નાખવાની સત્તા અને તેનું ભંડોળ.

અનુચ્છેદ-૨૪૩(ઝ): નાણાંકીય પરિસ્થિતિના પુનરાવલોકન માટે નાણાં પંચની સ્થાપના.

અનુચ્છેદ-૨૪૩(ઞ): પંચાયતોની હિસાબી તપાસ.

અનુચ્છેદ-૨૪૩(ટ): પંચાયતોની હિસાબી તપાસ.

અનુચ્છેદ-૨૪૩(ઠ): કેન્દ્ર રાજ્ય ક્ષેત્રો પર પ્રયુક્તિ.

અનુચ્છેદ-૨૪૩(ડ): પંચાયતોની ચૂંટણી.

અનુચ્છેદ-૨૪૩(ઢ): વિધમાન કાયદાઓ અને પંચાયતનું સાતત્ય.

અનુચ્છેદ-૨૪૪(ણ): ચૂટણીની બાબતોમાં અદાલતના હસ્તક્ષેપનું વર્ણન.

**<u>વિભાગ - ૯(ક)</u>**

**<u>પંચાયત</u>**

અનુચ્છેદ-૨૪૩(ત): પરિભાષાઓ.

અનુચ્છેદ-૨૪૩(થ): નગરપાલિકાઓની સ્થાપના.

અનુચ્છેદ-૨૪૩(દ): નગરપાલિકાઓની સંરચના

અનુચ્છેદ-૨૪૩(ધ): વોર્ડ, સમિતિઓ વગેરેની સ્થાપના અને સંરચના.

અનુચ્છેદ-૨૪૩(ન): સ્થાનોની અનામત.

અનુચ્છેદ-૨૪૩(પ): નગરપાલિકાઓ વગેરેની સમયમર્યાદા.

અનુચ્છેદ-૨૪૩(ફ): સભ્યતા માટે ગેર લાયકાત.

અનુચ્છેદ-૨૪૪(બ): નગરપાલિકાઓ વગેરેની સત્તાઓ અધિકારો તથા જવાબદારીઓ.

અનુચ્છેદ-૨૪૩(ભ): નગરપાલિકાઓ દ્વારા કર ધિરવાની સત્તા અને તેનું ભંડોળ.

અનુચ્છેદ-૨૪૩(મ): નાણાપંચ.

અનુચ્છેદ-૨૪૩(ય): નગરપાલિકાઓના હિસાબની તપાસ.

અનુચ્છેદ-૨૪૩(ય)(ક): નગરપાલિકાની ચૂંટણી.

અનુચ્છેદ-૨૪૩(ય)(ખ): સંઘ રાજ્યનું શાસન.

અનુચ્છેદ-૨૪૩(ય)(ગ): અમુક પ્રદેશોમાં આ ભાગ લાગુ ન થવો.

અનુચ્છેદ-૨૪૩(ય)(ઘ): જિલ્લા યોજના માટે સમિતિ.

અનુચ્છેદ-૨૪૩(ય)(ચ): વર્તમાન કાયદાઓ તથા નગરપાલિકાઓનું સાતત્ય.

અનુચ્છેદ-૨૪૩(ય)(છ): ચૂંટણીની બાબતોમાં ન્યાયાલયના હસ્તક્ષેપનું વર્ણન.

## વિભાગ - ૧૦

## અનુસૂચિત અને જનજાતિ ક્ષેત્ર

## (The Scheduled & Tribal Areas)

અનુચ્છેદ-૨૪૪: અનુસૂચિત ક્ષેત્રો અને જનજાતિ ક્ષેત્રોનો વહીવટ.

અનુચ્છેદ-૨૪૪(ક): આસામની કેટલીક જનજાતિ ક્ષેત્રોનો સમાવેશ કરનાર એક સ્વાવલંબી રાજ્ય બનાવવું અને તેના માટે સ્થાનિક વિધાનમંડળ અથવા મંત્રી પરિષદ બંન્નેની સ્થાપના.

## વિભાગ - ૧૧

## સંઘ અને રાજ્યો વચ્ચેના સબંધો

## (Relations Between the union and the States)

### ધારાકીય સત્તાનું વિવરણ

### (Distribution of legislative Power)

અનુચ્છેદ-૨૪૫: સંસદ દ્વારા અને રાજ્યોનાં વિધાનમંડળો દ્વારા બનાવાયેલ કાયદાનો વિસ્તાર.

અનુચ્છેદ-૨૪૬: સંસદ દ્વારા રાજ્યોનો વિધાન મંડળો દ્વારા બનાવાયેલ કાયદાકીય વિષયવસ્તુ.

અનુચ્છેદ-૨૪૭: કેટલીક વધારાની અદાલતો બનાવવાની જોગવાઇ કરવાની સંસદની સત્તા.

અનુચ્છેદ-૨૪૮: આપવામાં આવેલ કાયદાકીય સત્તા.

અનુચ્છેદ-૨૪૯: રાજયયાદીનાં વિષયનાં સબંધમાં રાષ્ટ્રીયહિતમાં કાયદો બનાવવાની સંસદની સત્તા.

અનુચ્છેદ-૨૫૦: જો કે કટોકટીની જાહેરાત દરમ્યાન રાજયયાદીનાં વિષયો બાબતે કાયદો બનાવવાની સત્તા.

અનુચ્છેદ-૨૫૧: સંસદ અનુચ્છેદ-૨૪૯ અને અનુચ્છેદ-૨૫૦ને આધીન બનાવાયેલ કાયદાઓ અને રાજયો અને રાજયોનાં વિધાન મંડળો દ્વારા બનાવાયેલ કાયદાઓમાં વિસંગતતા.

અનુચ્છેદ-૨૫૨: બે અથવા વધારે રાજ્યો માટે તેની સંમતિથી કાયદો બનાવવાની સંસદની સત્તા અનેએવા કાયદાનોકોઇ અન્ય રાજ્ય દ્વારા સ્વીકાર કરવો.

અનુચ્છેદ-૨૫૩: આંતરરાષ્ટ્રીય કરારોને અમલ કરવા માટે કાયદો.

અનુચ્છેદ-૨૫૪: સંસદ દ્વારા બનાવાયેલ કાયદા અને રાજયના વિધાન મંડળ દ્વારા બનવાયેલ કાયદાઓમાં વિસંગતતા.

અનુચ્છેદ-૨૫૫: ભલામણો અને પૂર્વ મંજૂરીની અપેક્ષાઓને માત્ર કાર્યવાહીનાં વિષય પર માનવું.

### પ્રકરણ-૨ વહીવટી સબંધો

### (Administrative Relations)

અનુચ્છેદ-૨૫૬: રાજયોની તરફ સંઘનું બંધન.

અનુચ્છેદ-૨૫૭: કેટલીક પરિસ્થિઓમાં રાજયોને સત્તા આપવાની વગેરે સંઘની શક્તિ.

અનુચ્છેદ-૨૫૭(ક): બંધારણના ૪૪મા સુધારાથી રદ

અનુચ્છેદ-૨૫૮: કેટલીક પરિસ્થિતિઓમાં રાજયોને સત્તા આપવાની સંઘની શક્તિ.

અનુચ્છેદ-૨૫૯: પહેલી અનુસૂચિના ભાગ-ખ ના રાજયોના સશસ્ત્ર બળો. સાતમાં સંશોધન સુધારા ૧૯૫૬થી રદ કલમ ૨૯ અને અનૂસૂચિ.

અનુચ્છેદ-૨૬૦: ભારતનાં બહારનાં રાજયક્ષેત્રનાં સબંધમાં સંઘનું અધિકારત્વ.

અનુચ્છેદ-૨૬૧: સાર્વજનિક કાર્ય દફતરી અને ન્યાયિક કાર્યવાહીઓ જળ સબંધી વિવાદ (Disputes Relating water)

અનુચ્છેદ-૨૬૨: આંતરરાષ્ટ્રીય નદીઓ અથવા નદીનાં જળ સબંધી વિવાદોનો ન્યાય નિર્ણય.

### રાજયોની વચ્ચે સમન્વય

### (Co-ordination Between States)

અનુચ્છેદ-૨૬૩: આંતરરાષ્ટ્રીય પરિષદનાં સબંધમાં જોગવાઇ

## વિભાગ-૧૨

## નાણાં, સંપત્તિ, કરાર, દાવાઓ

## (Finance, Property, Contract & Suits)

### પ્રકરણ-૧ નાણાં

### (Finance)

અનુચ્છેદ-૨૬૪: અર્થઘટન

અનુચ્છેદ-૨૬૫: કાયદાનાં અધિકારવિના કર નાંખવામાં આવતો નથી.

અનુચ્છેદ-૨૬૬: ભારત અને રાજયોમાં જમાં

ભંડોળ અને જાહેર હિસાબો.

અનુચ્છેદ-૨૬૭: આકસ્મિક ભંડોળ.

**સંઘ અને રાજ્યોની વચ્ચે મહેસૂલની વહેંચણી**

**(Dristibutions of Revenues Between the Union & the States)**

અનુચ્છેદ-૨૬૮: કેન્દ્ર દ્વારા લગાવવામાં આવેલ પરંતુ રાજ્યોને સોંપવામાં આવેલ કર.

અનુચ્છેદ-૨૬૯: કેન્દ્ર દ્વારા નક્કી કરેલ અને સંગ્રહિત પરંતુ રાજ્યોને સોપવામાં આવતો કર.

અનુચ્છેદ-૨૭૦: સંઘ શાસન દ્વારા ઉભા કરાયેલા તથા સોંપાયેલા કર પરંતુ કેન્દ્ર અને રાજ્યની વચ્ચે વહેંચાયેલો કર.

અનુચ્છેદ-૨૭૧: કેટલીક ફી તથા કરો પર સંઘના પ્રયોજનો માટે પ્રોત્સાહન.

અનુચ્છેદ-૨૭૨: કર જે સંઘ દ્વારા ઉઘરાવવામાં આવે તથા જે સંઘ અને રાજ્યોની વચ્ચે વહેંચવામાં આવે છે.

અનુચ્છેદ-૨૭૩: શણ પર અથવા શણ ઉત્પાદનની ઉપર નિકાસ શુલ્કના સ્થાને અનુદાન

અનુચ્છેદ-૨૭૪: એવા કરવેરા જેમાં રાજ્યનું હિત હોય તે કરવેરાને અસરકરતા ખરડા માટે રાષ્ટ્રપતિની પૂર્વ ભલામણની જોગવાઈ.

અનુચ્છેદ-૨૭૫: કેટલાક રાજ્યોને કેન્દ્રમાંથી અનુદાન

અનુચ્છેદ-૨૭૬: વ્યાવસાયો, વ્યાપારો, આજિવિકાઓ અને નિયોજનો પર કર.

અનુચ્છેદ-૨૭૭: બચત

અનુચ્છેદ-૨૭૮: અમુક નાણાવિષયોના સબંધમાં પહેલી અનૂસૂચિના ભાગ-'ખ' ના રાજ્યોના કરાર સાતમાં સંશોધન સુધારા ૧૯૫૬ થી ૨૬ કલમ-૨૯ અને અનૂસૂચિ.

અનુચ્છેદ-૨૭૯: 'શુધ્ધ આગમ' વગેરેની ગણના.

અનુચ્છેદ-૨૮૦: નાણાંપંચ

અનુચ્છેદ-૨૮૧: નાણાંપંચની ભલામણો

**જુદી જુદી રાજકીય જોગવાઈ**

અનુચ્છેદ-૨૮૨: કેન્દ્ર અથવા રાજ્યદ્વારા પોતાના મહેસુલથી કરવામાં આવેલ ખર્ચ.

અનુચ્છેદ-૨૮૨: કેન્દ્ર અથવા રાજ્ય દ્વારા પોતાના મહેસુલથી કરવામાં આવેલ ખર્ચ.

અનુચ્છેદ-૨૮૩: જમા ભંડોળ, આકસ્મિક ભંડોળ અને જાહેર હિસાબોમાં જમા રકમના હવાલા વગેરે.

અનુચ્છેદ-૨૮૪: જાહેર સેવકો અને ન્યાયલયો દ્વારા પ્રાપ્ત. વાદકર્તાની થાપણ રકમ અને બીજી ધન રકમોનો હવાલો.

અનુચ્છેદ-૨૮૫: કેન્દ્રની સંપત્તિને રાજ્યના કરોમાંથી છૂટ

અનુચ્છેદ-૨૮૮: જળ અથવા વીજળીના સબંધમાં રાજ્યો દ્વારા નાંખેલ કરમાંથી કેટલીય પરિસ્થિતિઓમાં છૂટ

અનુચ્છેદ-૨૮૯: રાજ્યોની સંપત્તિ અને આવકને સંઘ દ્વારા નાંખેલ કરમાંથી છૂટ

અનુચ્છેદ-૨૯૦: કેટલીક જાવક અને પેન્શનોના સબંધમાં આયોજન.

અનુચ્છેદ-૨૯૦(ક): કેટલાક 'દેવસ્વોમ' ફંડોને વાર્ષિક ચુકવણી.

અનુચ્છેદ-૨૯૧: શાસકોની નિજિ થેલીની રકમો ૨૬મા સંશોધન સુધારા અધિનિયમ-૧૯૭૧ની કલમ-૨૯થી ૨૬.

**પ્રકરણ-૨**

**ઉછીનું લેવાનું**

**(Borrowing)**

અનુચ્છેદ-૨૯૨: સંઘની ઉછીના લેવાની સત્તા.

અનુચ્છેદ-૨૯૩: રાજ્યોની ઉછીના લેવાની સત્તા.

**પ્રકરણ-૩**

**મિલકત, કરારો, હક્કો, જવાબદારીઓ ફરજો અને દાવાઓ**

અનુચ્છેદ-૨૯૪: કેટલીક પરિસ્થિતિઓમાં સંપત્તિ, કરારો, અધિકારો, જવાબદારીઓ અન્વયે ઉતરાધિકાર.

અનુચ્છેદ-૨૯૫: અન્ય પરિસ્થિતિઓમાં સંપત્તિ, અધિકારો જવાબદારીઓ અન્વયે ઉત્તરાધિકાર

અનુચ્છેદ-૨૯૬: રાજ્ય ખાલી થવાથી, અધિકાર વગર માલિક વગર પ્રાપ્ત થતી મિલ્કત,

અનુચ્છેદ-૨૯૭: રાજ્ય પ્રાદેશિક જળ વિસ્તાર તથા ખંડ અથવા મહાદ્વિપની ભૂમિ અથવા મુખ્યઆર્થિક ક્ષેત્રનાં સંપત્તિ સ્ત્રોતનો કેન્દ્રમાં સમાવેશ થવો.

અનુચ્છેદ-૨૯૮: વ્યાપાર કરવા વગેરેની સત્તા.

અનુચ્છેદ-૨૯૯: કરારો

અનુચ્છેદ-૩૦૦: વિવાદો અને કાર્યવાહી.

**પ્રકરણ-૪**

**સંપત્તિનો અધિકાર**

**(Right to Property)**

અનુચ્છેદ-૩૦૦(ક): કાયદાના અધિકાર વગર વ્યક્તિઓને સંપત્તિથી વંચિત રાખવામાં આવશે નહીં.

**<u>વિભાગ-૧૩</u>**

**ભારતના પ્રદેશમાં વેપાર, વાણિજ્ય અને વ્યવાહર**

**(Trade Commerce & Intercourse within the Territory of India)**

અનુચ્છેદ-૩૦૧: વ્યાપાર, વાણિજય અને આંતર વ્યવહારની સ્વતંત્રતા.

અનુચ્છેદ-૩૦૨: વ્યાપાર, વાણિજય અને આંતરવ્યવહાર પર નિયંત્રણ રાખવાની સંસદની સત્તા.

અનુચ્છેદ-૩૦૩: વ્યાપાર અને વાણિજયના સબંધમાં કેન્દ્ર અને રાજયોની કાયદાકીય શક્તિઓ પર નિયંત્રણ.

અનુચ્છેદ-૩૦૪: રાજયોની વચ્ચે વ્યાપાર, વાણિજય અને આંતર વ્યવહાર પર નિયંત્રણ.

અનુચ્છેદ-૩૦૫: મહત્વના કાયદાઓ અને રાજયના એકાધિકારની જોગવાઇ કરનાર કાયદાઓની બચત.

અનુચ્છેદ-૩૦૬: પહેલી અનૂસૂચિના ભાગ-ખ ના અમૂક રાજયોની વ્યાપાર, વાણિજય પર નિયંત્રણની શક્તિ સાતમાં બંધારણીય સુધારા ૧૯૫૬ થી રદ થયેલ છે.

અનુચ્છેદ-૩૦૭: અનુચ્છેદ-૩૦૨થી અનુચ્છેદ ૩૦૪ના પ્રયોજનનોને કાર્યાવન્તિ કરવા માટે અધિકારીની નિમણૂંક.

## વિભાગ-૧૪

## સંઘ અને રાજ્યોને આધીન સેવાઓ

## (Services under the Union & the States)

### પ્રકરણઃ૧ સેવાઓ

### (Services)

અનુચ્છેદ-૩૦૮: અર્થઘટન

અનુચ્છેદ-૩૦૯: કેન્દ્ર અથવા રાજય સેવા કરનાર વ્યક્તિઓની ભરતી અને સેવાની શરતો.

અનુચ્છેદ-૩૧૦: કેન્દ્ર અથવા રાજયની સેવા કરનાર વ્યક્તિઓની પદની મુદ્દત

અનુચ્છેદ-૩૧૧: કેન્દ્ર અથવા રાજયોને આધિન સિવિલ સર્વિસિસમાં વ્યક્તિઓને સત્તા પરથી દૂર કરવા, પદથી દૂર કરવા.

અનુચ્છેદ-૩૧૨: અખિલ ભારતીય સેવાઓ

અનુચ્છેદ-૩૧૨(ક): કેટલીક સેવાઓના અધિકારીઓની સેવાની શરતોમાં પરિવર્તન કરવાની જોગવાઇ.

અનુચ્છેદ-૩૧૩: ક્રમિત કાળની જોગવાઇ.

અનુચ્છેદ-૩૧૪: અમુક સેવાઓના અધિકારીઓના સંરક્ષણ માટે જોગવાઇ આ અનુચ્છેદ બંધારણના ૨૮મા સંશોધન અધિનિયમ-૧૯૭૨ની કલમ-૩થી રદ્દ થયેલ છે.

### પ્રકરણઃ૨

### લોક સેવા પંચ-

### (Public Service Commission)

અનુચ્છેદ-૩૧૫: કેન્દ્ર અને રાજ્યો માટે લોક સેવાપંચ.

અનુચ્છેદ-૩૧૬: સભ્યોની નિમણૂક અને પદની મુદ્દત

અનુચ્છેદ-૩૧૭: લોક સેવા પંચના કોઇ સભ્યને હટાવવા અને સસપેન્ડ કરવા.

અનુચ્છેદ-૩૧૮: પંચના સભ્યો અને કર્મચારીઓની સેવાની શરતો વિષે ખાસ આપલે ની સત્તા.

અનુચ્છેદ-૩૧૯: પંચના સભ્યો નિવૃત્ત થયા પછી હોદ્દાઓ ધરાવવા પર પ્રતિબંધ.

અનુચ્છેદ-૩૨૦: લોકસેવાપંચના કાર્યો.

અનુચ્છેદ-૩૨૧: લોકસેવા પંચ ના કાર્યો.

અનુચ્છેદ-૩૨૨: લોકસેવા આયોગની જાવક

અનુચ્છેદ-૩૨૩: લોકસેવા પંચનો અહેવાલ

## વિભાગ - ૧૪(ક)

## ન્યાયપંચ

## (Tribunals)

અનુચ્છેદ-૩૨૩(ક): વહીવટી ન્યાયપંચ

અનુચ્છેદ-૩૨૩(ખ): અન્ય વિષયો માટે ન્યાયપંચ

## વિભાગ - ૧૫

## ચૂંટણી

## (Election)

અનુચ્છેદ-૩૨૪: ચૂંટણીની દેખરેખ, નિદર્શન અને નિયંત્રણનો ચૂંટણી પંચમાં સમાવેશ હોવો.

અનુચ્છેદ-૩૨૫: ધર્મ, મૂળવંશ, જાતિ અથવા સ્ત્રી-પુરુષની જાતિના આધાર પર કોઇ વ્યક્તિને મતાધિકારથી વંચિત રાખી શકાય નહીં તથા મતદારયાદી તેના આધારે તૈયાર નહીં થાય.

અનુચ્છેદ-૩૨૬: લોકસભા અને રાજયોની વિધાનસભાઓ માટે ચૂંટણી પુખ્ત મતાધિકારના આધારે તૈયાર નહીં થાય.

અનુચ્છેદ-૩૨૭: વિધાનમંડળોમાટે ચૂંટણીના સબંધમાં જોગવાઇ કરવાની સંસદની સત્તા.

અનુચ્છેદ-૩૨૮: કોઇ રાજયની વિધાન મંડળ માટે ચૂંટણી સબંધમાં જોગવાઇ કરવાની ને વિધાન મંડળની સત્તા.

અનુચ્છેદ-૩૨૯: ચૂટણી સબંધી બાબતોમાં ન્યાયાલયોમાં હસ્તક્ષેપ પર પ્રતિબંધ.

અનુચ્છેદ-૩૨૯(ક): પ્રધાનમંત્રી અને અધ્યક્ષ મામલામાં સંસદ માટે ચૂંટણીમાં ખાસ જોગવાઇ આ અનુચ્છેદ ૪૪મા બંધારણીય સુધારા-૧૯૭૮ની કલમ ૩૬ થી રદ થયેલ છે.

## વિભાગ - ૧૬

## કેટલાક વર્ગોના સંબંધમાં વિશેષ જોગવાઇ

## (Special Provisions Relating to Certain Cases)

અનુચ્છેદ-૩૩૦: લોકસભામાં અનૂસૂચિત જાતિઓ અને જનજાતિઓ

માટે અનામત બેઠકો.

અનુચ્છેદ-૩૩૧: લોકસભામાં એંગ્લો-ઇન્ડીયન સમુદાયનું પ્રતિનિધિત્વ.

અનુચ્છેદ-૩૩૨: રાજ્યોની વિધાન સભાઓમાં અનૂસૂચિત જાતિઓ અને અનૂસુચિત જન જાતિઓની અનામત બેઠક.

અનુચ્છેદ-૩૩૩: રાજ્યોની વિધાન સભાઓમાં એંગ્લોઇન્ડીયન સમુદાયનું પ્રતિનિધિત્વ.

અનુચ્છેદ-૩૩૪: અનામત બેઠક અને વિશેષ પ્રતિનિધિત્વના પચાસ વર્ષો પછી ન રહેવું.

અનુચ્છેદ-૩૩૫: સેવાઓ અને પદો માટે અનુસચિત જાતિઓ અને અનુસૂચિત જન જાતિઓના દાવાઓ.

અનુચ્છેદ-૩૩૬: કેટલીક સેવાઓમાં એંગ્લો-ઇન્ડીયન સમુદાય માટે વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૩૩૭: એંગ્લો ઇન્ડિયન સમૂદાયના ફાયદા માટે શૈક્ષણિક અનુદાન માટે વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૩૩૮: અનૂસૂચિત જાતિ અને અનુસુચિત જન જાતિ વગેરે માટે વિશેષ જાણકારી.

અનુચ્છેદ-૩૩૯: અનુસૂચિત ક્ષેત્રોના વહીવટ અને અનુસૂચિત જનજાતિ કલ્યાણ માટે કેન્દ્રનું કલ્યાણ નિયંત્રણ.

અનુચ્છેદ-૩૪૦: પછાત વર્ગોની પરિસ્થિતિ ઓના સુધારા માટે આયોજનની નિમણૂક.

અનુચ્છેદ-૩૪૧: અનુસૂચિત જાતિઓ

અનુચ્છેદ-૩૪૨: અનુસૂચિત જન જાતિઓ.

## વિભાગ - ૧૭

## રાજભાષા

## (Official Language)

### પ્રકરણ-૧ કેન્દ્રની ભાષા

અનુચ્છેદ-૩૪૩: સંઘની રાજભાષા.

અનુચ્છેદ-૩૪૪: રાજભાષાના સબંધમાં આયોગ અને સંસદની સમિતિ.

### પ્રકરણ-૨ પ્રાદેશિક ભાષાઓ

અનુચ્છેદ-૩૪૫: રાજયની રાજભાષા અથવા રાજભાષાઓ

અનુચ્છેદ-૩૪૬: કોઇ રાજયની જન સંખ્યાના કોઇ અનુભાગ દ્વારા બોલનાર ભાષાના સબંધમાં વિશેષ જોગવાઇ.

### પ્રકરણ-૩ સર્વોચ્ચ અદાલત વડી અદાલતો વગેરેની ભાષાઓ

અનુચ્છેદ-૩૪૮: સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોમાં અને અધિનિયમો સભ્યો વગેરે માટે ઉપયોગમાં લેવાતી ભાષા.

અનુચ્છેદ-૩૪૯: ભાષાઓ સાથે સબંધિત ચોક્કસ કાયદાઓ કરવા માટે વિશેષ કાર્યવાહી.

### પ્રકરણ - ૪ વિશેષ આદેશો

અનુચ્છેદ-૩૫૦: અસંતોષના નિવારણ માટે રજૂઆતમાં ઉપયોગમાં લેવામાં આવતીભાષા.

અનુચ્છેદ-૩૫૦(ક): પ્રાથમિક સ્તર પર માતૃભાષામાં શિક્ષણની સુવિધાઓ.

અનુચ્છેદ-૩૫૦(ખ): ભાષાકીય લઘુમતિ વર્ગો માટે વિશેષ અધિકાર.

અનુચ્છેદ-૩૫૧: હિન્દી ભાષાના વિકાસ માટે નિર્દેશ.

## વિભાગ-૧૮

## કટોકટીની જોગવાઇ

## (Emrgency Provisions)

અનુચ્છેદ-૩૫૨: કટોકટીની જાહેરાત.

અનુચ્છેદ-૩૫૩: કટોકટીની જાહેરાતની અસર.

અનુચ્છેદ-૩૫૪: જ્યારે કટોકટીની જાહેરાત ચાલુ હોય ત્યારે વહેંચણી સબંધી જોગવાઇ લાગુ થવી.

અનુચ્છેદ-૩૫૫: બાહ્ય આક્રમણ અને આંતરિક અશાંતિથી રાજ્યની રક્ષા કરવા કેન્દ્રની ફરજ.

અનુચ્છેદ-૩૫૬: રાજ્યોમાં બંધારણીય તંત્ર નિષ્ફળ જવાની સ્થિતિમાં જોગવાઇ.

અનુચ્છેદ-૩૫૭: અનુચ્છેદ-૩૫૬ને આધીન કરવામાં આવેલ જાહેરાતને આધીન કાયદાકીય સત્તાનો પ્રયોગ.

અનુચ્છેદ-૩૫૮: કટોકટી દરમ્યાન અનુચ્છેદ-૧૯ની જોગવાઇ મોકૂફ.

અનુચ્છેદ-૩૫૯: કટોકટી દરમ્યાન ભાગ-૩ દ્વારા આપેલ અધિકારોના લાગુ પાડવામાં મોકૂફી.

અનુચ્છેદ-૩૫૯(ક): આ ભાગ પંજાબ રાજ્યને લાગુ ન હોવો. આ અનુચ્છેદ ૬૩મા બંધારણીય સુધારા અધિનિયમ ૧૯૮૯ની કલમ-૩ દ્વારા રદ થયેલ છે.

અનુચ્છેદ-૩૬૦: નાણાકીય કટોકટીના સંદર્ભમાં જોગવાઇ.

## વિભાગ - ૧૯

## અન્ય બાબતો

## (Miscellaneous)

અનુચ્છેદ-૩૬૧: રાષ્ટ્રપતિ તથા રાજયપાલ અને રાજ્ય પ્રમુખોનું રક્ષણ.

અનુચ્છેદ-૩૬૧(ક): સંસદ અને રાજ્યોના વિધાન મંડળની કાર્યવાહીઓનું પ્રકાશનનું સંરક્ષણ.

અનુચ્છેદ-૩૬૨: દેશી રાજ્યોના શાસકોના અધિકાર અધિકાર અને વિશેષાધિકારો આ અનુચ્છેદ ૨૬માં બંધારણીય સુધારા

અધિનિયમ ૧૯૭૧ની કલમ-૨થી રદ થયેલ છે.

અનુચ્છેદ-૩૬૩: કેટલીક સંધિઓ કરારો વગેરે સાથે ઉત્પન્ન થતા વિવાદોમાં ન્યાયાલયોના હસ્તક્ષેપનું નિયંત્રણ.

અનુચ્છેદ-૩૬૩(ક): દેશી રાજ્યોના શાસકોને અપાયેલ માન્યતાની સમાપ્તિ અને પ્રિવીપર્સનો અંત.

અનુચ્છેદ-૩૬૪: મહાપતનો અને વિમાન ક્ષેત્રોના સંદર્ભમાં વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૩૬૫: કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ આદેશનું પાલન કરવું અથવા તેની અસરકરતી નિષ્ફળતાની અસર.

અનુચ્છેદ-૩૬૬: પરિભાષાઓ

અનુચ્છેદ-૩૬૭: અર્થઘટન

## વિભાગ-૨૦

## બંધારણીય સુધાર

## (Amendment of the Constitution)

અનુચ્છેદ-૩૬૮: બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તા અને તેના માટે કાર્યવાહી.

## વિભાગ-૨૧

## અસ્થાયી સક્રમણકાલીન અને વિશેષ જોગવાઇ

## (Temporary Transitional & Special Provision)

અનુચ્છેદ-૩૬૯: રાજયયાદીનો કેટલાક વિષયોના સબંધમાં કાયદો બનાવવાની સંસદની આ પ્રકારની અસ્થાયી સંત્તાઓ સંયુક્ત યાદીના વિષય હોય.

અનુચ્છેદ-૩૭૦: જમ્મુ-કાશ્મીર રાજયના સબંધમાં કામચલાઉ જોગવાઇ.

અનુચ્છેદ-૩૭૧: મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યોના સબંધમાં વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૩૭૧(ક): નાગાલેન્ડ રાજ્યના સબંધમાં વિશેષ જોગવાઇ

અનુચ્છેદ-૩૭૧(ખ): આસામ રાજયના સબંધમાં વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૩૭૧(ગ): મણિપુર રાજયના સબંધમાં વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૩૭૧(ઘ): આંધ્રપ્રદેશ રાજયના સંબંધમાં વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૩૭૧(ङ): આંધ્રપ્રદેશમાં કેન્દ્રીય વિશ્વવિદ્યાલયની સ્થાપના.

અનુચ્છેદ-૩૭૧(ચ): સિક્કીમ રાજયના સબંધમાં વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૩૭૧(છ): મિજોરમ રાજયોનાં સબંધમાં વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૩૭૧(જ): અરૂણાચલ પ્રદેશ રાજયનાં સબંધમાં વિશેષ, જોગવાઇ.

અનુચ્છેદ-૩૭૧(ઝ): ગોવા રાજયના સબંધમાં વિશેષ જોગવાઇ.

અનુચ્છેદ-૩૭૨: વિધમાન કાયદાઓ અમલમાં રહેવા અને તેના અનૂકુળ થવું.

અનુચ્છેદ-૩૭૨(ક): કાયદાઓને અમલ કરાવવાની રાષ્ટ્રપતિની સત્તા.

અનુચ્છેદ-૩૭૩: નિવારક અટકાયતમાં રાખવામાં આવેલ વ્યક્તિઓના સબંધમાં કેટલીક પરિસ્થિતિઓમાં આદેશ કરવાની રાષ્ટ્રપતિની સત્તા.

અનુચ્છેદ-૩૭૪: ફેડરલ અદાલતના ન્યાયાધશો અને ફેડરલ અદાલતમાં અથવા સપરિષદ હિજ મેજેસ્ટીની સમક્ષ ચાલતી કાર્યવાહીમાં વેશે જોગવાઇ.

અનુચ્છેદ-૩૭૫: બંધારણની જોગવાઇને આધીન રહેતા ન્યાયાલયના પદાધિકારીઓ અને અધિકારીઓના કાર્યો કરતા રહેવું.

અનુચ્છેદ-૩૭૬: વડી અદાલતના ન્યાયાધીશો વિશે જોગવાઇ.

અનુચ્છેદ-૩૭૭: ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ વિશે જોગવાઇ.

અનુચ્છેદ-૩૭૮: લોકસેવા આયોગ વિસે જોગવાઇ.

અનુચ્છેદ-૩૭૮(ક): આંધ્રપ્રદેશ વિધાનસભાની સમય વિશે વિશેષ જોગવાઇ

અનુચ્છેદ-૩૭૧થી ૩૯૧ સાતમાં બંધારણ સંશોધન અધિનિયમ - ૧૯૫૬ની કલમ ૨૯ અને અનુસૂચિતિથી આ અનુચ્છેદો રદ.

અનુચ્છેદ-૩૯૨: મુશ્કેલીઓને દૂર કરવાની રાષ્ટ્રપતિની સત્તા.

## વિભાગ - ૨૨

## સંક્ષિપ્તનામ, પ્રારંભ, હિન્દી અધિકૃત નિયમ અને શબ્દો

## (Short Title, Commencement, Authoritive Text on Hindi Repeals)

અનુચ્છેદ-૩૯૩: સંક્ષિપ્ત નામ

અનુચ્છેદ-૩૯૪: શરૂઆત

અનુચ્છેદ-૩૯૪(ક): હિન્દીભાષામાં અધિકૃત નિયમ

અનુચ્છેદ-૩૯૫: અપવાદ - રદ થયેલ છે.

**વિકાસને સમર્પિત યોજના**

**વાંચો અને વંચાવો**

## અમારા આગામી આકર્ષણો.....

વાંચક મિત્રો, આપ સહુ જાણો છો તેમ 'યોજના' દર મહિને ખાસ વિષય પસંદ કરીને એ વિષય સંબંધિક વિશ્લેષણાત્મક, માહિતીપ્રદ અને સંશોધનાત્મક લેખો પ્રકાશિત કરે છે. આગામી મહિનાઓમાં પણ એ જ રીતે વિવિધ વિષયોને આવરી લેવાનો પ્રયાસ કરીશું.

| | | |
|---|---|---|
| **માર્ચ** | **૨૦૦૮** | **અંદાજપત્ર વિશેષાંક** |
| **એપ્રિલ** | **૨૦૦૮** | **અર્થશાસ્ત્ર અને ખાંડની રાજનીતિ** |
| **મે** | **૨૦૦૮** | **બાળ મજૂરી** |
| **જૂન** | **૨૦૦૮** | **હવામાન બદલાવ** |
| **જૂલાઇ** | **૨૦૦૮** | **અન્ન સલામતી** |
| **ઓગસ્ટ** | **૨૦૦૮** | **વિશેષાંક : અન્ન અધિકાર-ભૂખ** |

## લેખકોને નિવેદન

- લેખની સાથે લેખકે પોતાનું નામ, સરનામું અને ફોન નંબર અવશ્ય લખવો.
- ટાઈપ કરેલાં લેખો આવકાર્ય છે, જો એમ ન હોય તો લેખ સુવાચ્ય, મોટાં અક્ષરોમાં પાનાની એક બાજુ લખીને મોકલવા. લેખની સીડી અને ઇ-મેઇલ દ્વારા પણ મોકલી શકાશે. લેખ વિન્ડોઝ-૯૮, ભાષા ભારતી દ્વારા કંપોઝ કરેલ હોય તો આવકાર્ય છે. તસ્વીરો, આલેખો, નકશા વગેરે પણ મોકલી શકાશે.
- સંશોધનાત્મક, માહિતીસભર અને વિશ્લેષણાત્મક લેખો આવકાર્ય છે.
- લેખના પ્રકાશન અંગે લેખકોએ કાર્યાલયનો સંપર્ક ન કરવા વિનંતી. લેખની મૂળ નકલ સાચવી રાખવી. ન છાપાયેલ લેખ પરત મોકલવામાં આવતી નથી.
- બે લેખકોએ મળીને લેખ તૈયાર કર્યો હોય તો પણ કોઈ એક લેખકનું જ નામ લખવું.